# અમર આશા જીવનની



મૂળ લેખક : ડૉ. પી.પી. બેપ્સી
અનુવાદ : સુધા નિખિલ મહેતા

શ્રદ્ધા | પ્રેમ | આશા | હિંમત



**પંકજભાઈ પટેલ**

ચેરમેન - મેનેજિંગ ડાયરેક્ટર
કેડિલા હેલ્થકેર લિમિટેડ

## શુભ સંદેશ

સમગ્ર જીવન દરમિયાન ક્યારેક તો આપણે આપણા મિત્ર, કુટુંબીજન કે પાડોશીને કૅન્સરના કારણે જીવનને ગુમાવતા જોયા જ હશે. જો કે, હવે મેડિકલ સાયન્સની પ્રગતિ, અતિ આધુનિક ટેક્નોલૉજી અને હેલ્થ પ્રત્યેની લોકજાગૃતિને કારણે આપણે કૅન્સર નામના જીવલેણ રોગને મહદ્અંશે કાબૂમાં રાખવામાં સફળ થવા લાગ્યા છીએ, તો પણ કૅન્સર નામના શત્રુને સંપૂર્ણપણે વશ કરવા હજી લાંબી લડાઈ લડવાની બાકી છે. કોઈ પણ પ્રકારના યુદ્ધ મેદાનમાં વિજયી બનવા માટે હિંમત અને આશા બહુ જ મહત્ત્વના પરિબળો છે.

ડૉ. પી. પી. બાપ્સીના પુસ્તક **'ધ ડ્રીમ ઑફ લાઈફ'**માં વણાયેલી પ્રેરણાત્મક વાતો અને કૅન્સરના દર્દીઓના જીવનની કથાઓ દ્વારા જીવન પરત્વેનો હકારાત્મક અભિગમ સ્પષ્ટ થાય છે. **'ધ ડ્રીમ ઑફ લાઈફ'**માં શ્રદ્ધા, પ્રેમ, આશા અને ઉત્સાહ – આ ચાર પરિબળ કૅન્સરના દર્દીઓને તેમની લડાઈ લડવામાં અતિ મહત્ત્વના છે તેની પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

આ પુસ્તકનું અનુવાદ શ્રી ઉમેશ વેદના પ્રયત્નથી થઈ રહ્યો છે તેનો મને ખૂબ જ આનંદ છે.



# અર્પણ

બધા કૅન્સરના દર્દીઓ અને
તેમની સંભાળ લેતા સંબંધીઓને

અમર આશા જીવનની

# ડો. વી. શાન્તા તરફથી સંદેશ

છેલ્લાં પાંચ વર્ષોમાં કેન્સરની સ્થિતિમાં ધરખમ ફેરફાર આવેલો જણાય છે અને તે એક અસાધ્ય અને જીવલેણ બીમારીને બદલે હવે એવો રોગ ગણાવા લાગ્યો છે જેને અટકાવવો અને મટાડવો પણ શક્ય બન્યો છે. પરંતુ તેમ છતાં સામાન્ય નાગરિકોમાં આ વિશેની માહિતી ખૂબ મર્યાદિત છે જેને પરિણામે ઘણાં જીવન બચાબી શકાતાં નથી. 'કૅન્સર' શબ્દ જ જાણે એ મોટો હાઉ બની રહે છે અને આ ભય નાબૂદ કરવો જરૂરી છે.

ડૉ. બૅપ્સી, એક વિખ્યાત કૅન્સર નિષ્ણાત છે. અહીં તેઓ એવી કહાનીઓ વર્ણવે છે જે હજી આ માહિતીની ગેરહાજરી નોંધે છે અને સાથે જ કૅન્સર વિશેના ભય અને પ્રશ્નોને પણ નાબૂદ કરે છે. અહીં એ સંદેશ મળે છે કે ઘણી જાતના કૅન્સરોનું નિવારણ થઈ શકે છે, જો તેની માહિતી સમયસર એટલે કે જલદી મળી જાય, તમાકુના સેવન જેવી અમુક ખરાબ આદતો છોડી દેવાય, ગુપ્તાંગોની સફાઈ સચવાય, વાર્ષિક શારીરિક તપાસ થતી રહે અને કૅન્સરના ભયથી ડૉક્ટરનો સંપર્ક પાછો ન ઠેલાયા કરે.

ડર તમારે કૅન્સરનો નથી રાખવાનો - એ ડર તો તમારે વધુ મોડું ન થાય તેનો રાખવાનો છે.

આ કહાનીઓ આજની, રોજબરોજની અને સાદી ભાષામાં વર્ણવી છે, વાચકને છેલે શું થયું તે જાણવાની ઉત્સુકતા રહે છે અને સુખદ અંત સાથે એક મજબૂત સંદેશ પણ તેને મળે છે. આ કહાનીઓ સામાન્ય લોકોને પણ પસંદ આવશે.

કૅન્સરનિવારણના આપણા પ્રયાસોમાં પુસ્તક એક મહત્ત્વનું મૂલ્ય ઉમેરે છે.

**ડૉ. વી. શાન્તા.**
ચેરપર્સન,
કૅન્સર ઇન્સ્ટિટ્યૂટ.
આદ્યાર, ચેન્નાઈ

# આમુખ

'આ પ્રેરણાત્મક પુસ્તકનું આમુખ લખવાનું કામ પ્રસન્નકારક છે. અહીં આપેલી કહાનીઓ અદ્‌ભુત હિંમતની છે. વ્યક્તિની જીવન માટેની આશા પણ એક પડકાર બને ત્યારે તેની એ મહેચ્છાનો વિજય અને જીવનમાં આવતા અન્ય પણ પડકારો અને પ્રતિકૂળ સ્થિતિઓનો સામનો કરવાની હિંમત વગેરેની એ વાતો છે. સમજાવા લાગે છે કે જીવનની પ્રત્યેક ક્ષણ સારી હોય કે ખરાબ, પણ ખૂબ મહત્વની છે, તેને પૂરેપૂરી જીવવી જોઈએ અને તેમાંથી પાઠ લેવો જોઈએ.

આ કહાનીઓ એ પણ દર્શાવે છે કે 'ચમત્કારો' બીજું કશું નહિ - મનને 'ભય'ના વિચારોમાંથી હટાવીને 'પ્રેમ'ના વિચારો પ્રત્યે વળી જવું એ જ છે. સત્ય કહાનીઓનું આ સુંદર અને તેજસ્વી સંકલન જીવનની આશાના તાજાં કિરણ અને સકારાત્મક વલણની ભેટ વાચકને આપે છે. ડૉ. બૅપ્સી પોતાના દર્દીઓ કઈ રીતે નકારાત્મક પરિણામના વિચારને જાકારો રોગનો સામનો દૃઢતાથી કરવા કટિબદ્ધ થાય છે અને કેન્સરને માત કરીને વિજય બને છે તેનું હૃદયસ્પર્શી વર્ણન કરે છે.



**પ્રીતા રેડ્ડી**
એમ.ડી. અને વાઈસ ચેરમેન,
ઍપોલો હૉસ્પિટલ ગ્રૂપ.

# ઉપોદ્ઘાત

**'મહેનત કરવી, પ્રયાસ કરવો, અમુક આદર્શો પ્રત્યે વફાદાર રહેવું – આ બધું જ સંઘર્ષ માટે પૂરતું મૂલ્યવાન છે.' – વિલિયમ ઑસ્લર**

ટૂંકી વાર્તાઓનું આ પુસ્તક લખવાની પ્રેરણા મને કયાંથી મળી ? કેન્સરનિષ્ણાત (મેડિકલ ઑન્કોલોજિસ્ટ) તરીકેના મારા ૩ દસકા ઉપરાંતના અનુભવો દરમિયાન મેં કેટલાય એવા દર્દીઓ જોયા છે જેમણે રોગનો દૃઢતાથી સામનો કર્યો. તેમાંથી કેટલાક વિજય પામ્યા અને હવે તેઓ સામાન્ય જીવન વીતાવી રહ્યા છે. અહીં મારો પ્રયત્ન છે કે કેટલાક સત્ય બનાવોની વાતો તમને કરું જેનાથી હું ધારું છું કે કેન્સરનું નિદાન થયેલા દર્દીઓ અને તેમની સંભાળ લેનારા સંબંધીઓનું નૈતિક બળ પણ વધી જઈ શકે તેમ છે.

કોઈ વ્યક્તિને કૅન્સરનું નિદાન થાય તે તેને જણાવવું કદી સહેલું હોતું નથી. આ શબ્દ જ તેને વિમૂઢ કરી મૂકવા સમર્થ છે. દર્દીને એ સ્થિતિ સમજવામાં પણ વખત લાગે છે. છતાં હું મારા દર્દીઓને હંમેશાં કહું છું, 'બધું હારી જવાયું નથી... દર વખતે કંઈ કૅન્સરનું નિદાન એ મોતનો સંદેશ નથી હોતું.' દવાઓના સંશોધનક્ષેત્રે થયેલી હરળફાળોને પરિણામ એ શક્ય બન્યું છે કે દરેક પ્રકારના કૅન્સર માટે એવો ભય રાખવો જરૂરી નથી, ખાસ તો ત્યારે તેનું નિદાન થવામાં ઝડપ થઈ શકી હોય. કૅન્સરનમી સારવારમાં જે મુખ્ય નિયમો છે તે જોઈએ –

૧. રોગની સારવાર કરતાં તેનો અટકાવ કરવો વધુ હિતાવહ છે - તમાકુનું કોઈ પણ પદ્ધતિએ થતું સેવન હાનિકારક જ હોય છે. તેથી તેનાં માઠાં પરિણામો ભોગવવા કરતાં તમાકુને જાકારો આપવો એ જ વધુ સારું રહે છે.
૨. ઝડપી નિદાન મુખ્ય છે - કીમતી જીવન બચાવવામાં આ રોગનું ઝડપી અને વહેલું નિદાન થાય તે બહુ મદદરૂપ બને છે.
૩. જીવનની ગુણવત્તા અતિ મહત્ત્વની છે. આગળ વધી ગયેલા રોગની સ્થિતિમાં પણ દર્દીને રાહતનું જીવન મળી શકે તેવી દવાઓ, દર્દશામક ઔષધો આપવાથી તેમના છેવટના દિવસો પણ શાંતિથી વીતી શકે છે.
૪. છેલ્લે, કદી પણ આશા છોડી દેવી નહીં. શ્રદ્ધા રાખવી. તમારી સંભાળ લેનારાંઓ તરફથી હિંમત અને પ્રેમ મળે તેને કારણે પણ તમને અવરોધો પાર કરવામાં ખૂબ મદદ મળી શકે છે.

આ ટૂંકી કહાનીઓના પુસ્તકમાં મેં દર્દીઓની લાગણીઓ અને તેઓ કઈ રીતે કટોકટીઓનો સામનો કરે છે તે સમજવા-સમજાવવા પ્રયત્ન કર્યો છે. આ બધી કહાનીઓ સત્ય ઘટનાઓ છે (જો કે નામો બદલ્યાં છે) અને મારી ત્રણ દાયકાથી વધુ લાંબી કારકિર્દી દરમિયાન હું તેમની સાક્ષી છું.



# ઋણ સ્વીકાર

ડૉ. કૃષ્ણમૂર્થિ અને ડૉ. વી. શાન્તા, કૅન્સર ઇન્સ્ટિટ્યૂટ, અદ્યારનાં ચેરપર્સન જેઓ આ ક્ષેત્રે મારાં માર્ગદર્શકો છે તેમનો અત્રે આભાર માનું છું.

ડૉ. વી. શાન્તા તો આ ક્ષેત્રે પાંચથી પણ વધુ દાયકાઓથી કાર્યરત છે અને તેમણે કૅન્સરના દર્દીઓની સંભાળની વ્યવસ્થા માટે જીવન સમર્પિત કરેલું છે. ગરીબ દર્દીઓ સુધી પહોંચીને તેમને રાહત દરે સારવાર મળે તેવી વ્યવસ્થા તેઓ કરે છે. તેમની સેવાઓને માટે તેમને ઘણા પુરસ્કારો મળેલા છે, જેમ કે 'મેગસાયસાય પુરસ્કાર' અને 'પદ્મશ્રી'.

સુશ્રી કિરણ મઝુમદાર-શૉ નો પણ હું અત્રે આભાર માનવા ઇચ્છું છું, જેઓ 'બાયોકોન લિમિટેડ'નાં ચેરપર્સન અને એમ.ડી. છે. 'બાયો ટૅક્નોલૉજી'માં તેમણે પહેલ કરી છે અને હજી સતત કૅન્સર સારવાર માટેનાં સંશોધન અને નવીનીકરણમાં આગળ રહે છે. તેમનું પ્રસિદ્ધ વાક્ય છે : 'એક આંતરિક કલ્પનાચિત્રને હેતુસહ અને હિંમતથી સાકાર કરવાના પ્રયાસો એ જ સાચી સફળતા છે. સફળતા માટે કોઈ ટૂંકો માર્ગ નથી હોતો અને મહેનતનો કોઈ વિકલ્પ નથી હોતો.' તેઓને તેમના કાર્યો માટે 'પદ્મશ્રી' અને 'પદ્મભૂષણ'ના ખિતાબો મળેલા છે.

ઍપોલો હૉસ્પિટલ્સ ગ્રૂપ ભારતભરમાંના મહાકાય સ્વાસ્થ્ય સંકુલોમાંનું એક છે. તેનાં એમ.ડી. અને વાઇસ ચેરમેન સુશ્રી પ્રીતા રૅડ્ડીનો પણ અહીં હું ઘણો આભાર માનું છું. તેઓ ભારતનાં એક અગ્રણી વ્યવસાયી છે જેઓ સ્વાસ્થ્યક્ષેત્રે કાર્યરત છે. ઍપોલો ગ્રૂપ સાથે મારા જોડાણ માટે હું અભિમાન લઈ શકું છું.

'રોશ પ્રોડક્ટ્સ (ઇન્ડિયા) પ્રા. લિ.'નો હું હાર્દિક આભાર માનું છું જેમણે આ પુસ્તકના પ્રકાશનની તૈયારી દાખવી.

મારા પુત્ર અરવિંદનો પણ તેણે આપેલા સતત સહકાર અને પ્રેમ માટે હું આભાર માનીશ. અંતમાં, સુશ્રી વેણી રવિ, મારી બહેનનો આભાર માનવો રહ્યો જેણે આ કહાનીઓને જીવંત બનાવી છે. તેણે મને ફરજ પાડી કે મારે એવી કહાનીઓ વર્ણવવી જોઈએ જેનાથી દર્દીઓ અને તેમની સંભાળ લેનારાઓને પ્રેરણા મળે. તેણે લાંબા કલાકો આ માટે કામ કર્યું અને આ પુસ્તકના પ્રકાશનમાં ચાવીરૂપ બની.

# પ્રત્યાખ્યાન (ડિસ્ક્લેઈમર)

આ ટૂંકી કહાનીઓ કૅન્સરના એવા કેટલાક દર્દીઓના સત્ય જીવનપ્રસંગો પર આધારિત છે જેમની સારવાર છેલ્લા ૩ દાયકા દરમિયાન મારા નિર્દેશન હેઠળ થઈ. આમ તો સાચા લોકો અને સાચા જીવન ઉપર તેમનો આધાર છે, છતાં મેં મારો સંદેશ પહોંચાડવા માટે કેટલાંક તત્ત્વો, જેમ કે સ્થળો, ઘટનાઓ અને સંવાદો વર્ણનાત્મક કથન માટે મારા તરફથી ગોઠવ્યા છે. તેઓની વાત ખાનગી રહે તે માટે વ્યક્તિઓનાં નામો અને ઓળખ આપે તેવાં અમુક લક્ષણો પણ બદલ્યાં છે. આ પુસ્તક દ્વારા મારો પ્રયત્ન રહ્યો છે કે કેટલીક બાબતો ઉપર ખાસ ભાર આપવો, જેમકે, કૅન્સર અટકાવવા વિશેની જાગૃતિનું મહત્ત્વ; ઝડપી નિદાન; અને તે સાથે એ હેતુ પણ છે કે કૅન્સરના દર્દીને અને તેની સંભાળ લેનારાંને જીવન માટે અમર આશા પૂરી પાડવી.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | જીવનશૈલીમાં ગુણવત્તા | ૦૧ |
| ૨. | ઈચ્છાશક્તિ – જીવનનું અમૃત | ૦૫ |
| ૩. | દોષારોપણ | ૦૯ |
| ૪. | અવગણના – સરવાળે મોંઘું વલણ | ૧૪ |
| ૫. | ફરી ફરી પ્રયત્ન કરો – કદી છોડી ન દો | ૧૮ |
| ૬. | કેન્સરની દવાઓ છે જ ! | ૨૨ |
| ૭. | બચી જવા માટેની સંકલ્પશક્તિ | ૨૫ |
| ૮. | છેલ્લી ઈચ્છા | ૨૮ |
| ૯. | બિનશરતી પ્રેમ | ૩૧ |
| ૧૦. | પ્રેમની શક્તિ | ૩૪ |

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૧. | પ્રેમાળ દીકરો | ૩૮ |
| ૧૨. | સૌ સારું જેનો અંત સારો | ૪૨ |
| ૧૩. | લડત આપવાનું મનોબળ | ૪૬ |
| ૧૪. | પ્રભુની અજબ લીલાઓ | ૫૧ |
| ૧૫. | સતત પ્રયાસ સફળ બને છે | ૫૫ |
| ૧૬. | બધું લૂંટાઈ ગયું નથી | ૫૯ |
| ૧૭. | સ્ત્રીઓની મુક્તિ – એક દંતકથા જ ? | ૬૨ |
| ૧૮. | પરોક્ષ ધૂમ્રપાન એટલું જ હાનિકારક | ૬૬ |
| ૧૯. | સારવારલક્ષી પ્રયોગો (ક્લિનિકલ ટ્રાયલ્સ) | ૬૯ |
| ૨૦. | ભાગ્યની ક્રૂરતા | ૭૨ |

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૧. | અલવિદા, મારા પ્યારા | ૭૬ |
| ૨૨. | સાચા મિત્રો, સદાય મિત્રો | ૭૯ |
| ૨૩ | જીવવું ? કે મરવું ? – કોણ નક્કી કરશે ? | ૮૨ |
| ૨૪. | અદૃશ્ય શક્તિ - આશા | ૮૫ |
| ૨૫. | સુખની ચાવી | ૮૮ |
| ૨૬. | દરેક અંત એક નવી શરૂઆત | ૯૧ |

# ૧. જીવનશૈલીમાં ગુણવત્તા

**'તમને એ પસંદગી કરવાની આવતી નથી કે તમે કઈ રીતે મરશો, કે ક્યારે. તમે માત્ર એ જ નક્કી કરી શકો કે તમે કેવી રીતે જીવશો, હમણાં !'**
**– જૉન બાયેઝ**

એ ડિસેમ્બર મહિનાની એક ઠંડી સાંજ હતી. રઘુરામની આંખોમાં સહેજે ઊંઘ નહોતી. પથારીમાં તેઓ આમથી તેમ પડખાં ફેરવતા હતા. તેમની વય પચાસ વર્ષની હતી અને તેઓ ઇન્ડિયન ફોરેન સર્વિસના ઑફિસર હતા. ભારત અને વિદેશોમાં તેમણે મોટી જવાબદારીઓ ઉઠાવવાની રહેતી. મનમાં જ તેઓ આવતી કાલના કામોની ગોઠવણી કરી રહ્યા હતા.

કોણ જાણે કેમ, પણ આજે થોડી અસ્વસ્થતા અનુભવાતી હતી. તે કોઈ નિશ્ચિત રીતે કહી નહોતા શકતા કે શું થતું હતું, પરંતુ તે સમજી શકતા હતા કે તબિયતમાં બધું સમુસૂતરું તો નહોતું. એ બાબત તો ચોક્કસપણે કહી શકાય.

તેઓ બેઠા થયા અને બાથરૂમમાં ગયા. તેમનું મૂત્રાશય પૂરું ભરાઈ ગયું હતું અને તેમને પેશાબ કરવાની ઘણી ઈચ્છા થઈ આવી હતી. તેમણે પ્રયત્ન કર્યો ત્યારે તેમનું ધ્યાન ગયું કે તેમને પેશાબ કરવામાં તકલીફ થઈ રહી હતી અને શરીરમાં ક્યાંક કળતર પણ થતું હતું.

તેમની પત્ની અનુરાધા રસોડામાં હતાં અને કૉફી બનાવી રહ્યાં હતાં. દીકરી શર્મિલા હજી સૂતી હતી, કેમ કે પરીક્ષા માટેનું વાંચવામાં તે રાત્રે મોડેથી સૂતેલી. અનુરાધાએ પતિને હાક મારી બોલાવ્યા. તેમના કપાળ ઉપર પરસેવાનાં ટીપાં બાઝેલાં જોઈને તેને નવાઈ લાગી. તબિયત સારી નથી એવી શંકા જતાં તેમણે

પતિને પૂછ્યું, 'રઘુ, શું થયું ? આટલા પરેશાન કેમ લાગો છો ? શું તકલીફ છે ?' રઘુરામ તેમને ગભરાવી મૂકવા નહોતા ઈચ્છતા. 'ના... થોડી વિચિત્ર લાગણી થાય છે, એટલું જ. કદાચ મને ફ્લૂ થયો હોય...'

અનુએ તેમને કૉફી આપી અને તેમને વિશ્રામ આપ્યો. તેમની પુત્રી પણ આવી લાગી અને ટેબલ પર બેસતાં પૂછવા લાગી, 'ડેડી, તમે આટલા ચિંતિત કેમ જણાવ છો ?'

રઘુરામનું મન આઠ વરસ અગાઉના સમયમાં ચાલ્યું ગયું. પછી તે બોલ્યા, 'આમ જુઓ, અનુ, શર્મી ! ગભરાશો નહીં... પણ મને લાગે છે કે મને પેશાબ કરવામાં કોઈ મુશ્કેલી થાય છે. યાદ છે, મને પ્રૉસ્ટેટના કૅન્સરની સારવાર પહેલાં મળેલી છે ? મને વિચાર આવે છે કે શું આ તકલીફને તેની સાથે કશો સંબંધ હશે ?' અનુએ સધિયારો આપતાં કહ્યું, 'ચિંતા ન કરો... કશું એવું ધારી ન લેવું. હું ડૉક્ટર સાથે તમારી મુલાકાત ગોઠવી લઉં છું.'

બીજે દિવસે તેમણે મારી મુલાકાત માગી. મેં તેમને તપાસ્યા અને જોયું કે તે જ વિસ્તારમાં રોગ હાજર હતો. મેં સલાહ માટે તેમના પરિવારના સભ્યોને એકઠા કર્યા - દર્દી, તેમનાં પત્ની અને દીકરી. સારા ભણતર અને અગાઉના અનુભવને કારણે તેઓ હવેની સમસ્યાઓને તરત જ સારી રીતે સમજી શક્યાં.

આ ચર્ચા હતી દવાના ક્રમની ગોઠવણી માટેની, આજે પ્રાપ્ય હોય તેવાં ઔષધો અને સારવારોની અને કીમોથેરાપીનાં સંભવિત પરિણામોની. દર્દીને રોગમુક્તિ થવાની સંભાવના નહોતી તે બાબતની સમજ આપવામાં આવી.

શ્રી રઘુરામે કહ્યું, 'જે હોય તે... ભલે મારી પાસે જીવનનાં થોડાં જ વર્ષો બચ્યાં હોય, પણ મારી જીવનશૈલીની ગુણવત્તા સારી

રહે તો બસ.’ પત્ની અને દીકરીને આ હકીકત સ્વીકારતાં થોડી વાર લાગી, પણ બીજો છૂટકો નહોતો. તેમની આંખોમાં આંસુ ધસી આવ્યાં, પણ તેઓ જાણી ચૂક્યાં હતાં કે તેમના આ પ્રેમાળ પતિ અને પિતાને શેષ જીવન સારી રીતે વીતાવવાની જરૂર હતી.

તેથી, તેમણે સારવાર લેવાનો સ્વીકાર કર્યો અને મજબૂત મનોબળ રાખીને તેનાં પરિણામોનો સામનો કરવાનું ઠરાવ્યું. દિવસો વીતતા ગયા. સારવારની અસર રઘુરામ ઉપર સારી થતી જણાઈ. પોતાની ઑફિસના કામે તેમને વિદેશ જવાનું થયું. દર્દીએ મને મળીને પૂછ્યું કે શું તેઓ અમેરિકા અને કૅનેડાની સફર કરવાને પૂરતા સશક્ત છે ? મેં કહ્યું, ‘શા માટે નહીં ?’ તેમના ચહેરા પર હાસ્ય આવી ગયું. આખા પરિવારે પોતપોતાની બેગો ભરી અને અમેરિકા અને કૅનેડાની સફરે ચાલી નીકળ્યાં.

પાછા ફરતી વખતે તેમણે થોડો સમય ઈંગ્લૅન્ડમાં વીતાવ્યો. રઘુરામ ટૅનિસની રમતના અને ખાસ તો રોજર ફેડરરના મોટા પ્રશંસક હતા. વિમ્બલ્ડનની સ્પર્ધા જોવા માટે તેઓ પૂરા સજ્જ હતા. આખા પરિવાર માટે સુખનો સમય હતો અને વિમ્બલ્ડન સ્પર્ધામાં ફેડરરને જીતતો જોવો તે ક્ષણ તો ખાસ આનંદની હતી. રઘુરામ તો ખુશીથી જાણે ઉછળી જ રહ્યા હતા. તેઓ શું એટલા તો ખુશ હતા કે તેઓ આ ખતરનાક દર્દ વિશે ભૂલી જ ગયા.

હવે વારો હતો કિસ્મતના હાસ્યનો...હા. તેઓ સહુ ભારત પાછા ફરી રહ્યાં હતાં, અને રોગ પણ... અને આ વખતે તો જાણે મોટા વેરભાવથી !

તેઓ ફરીથી મારી પાસે આવ્યાં. દર્દીએ કહ્યું, ‘ડૉક્ટર ! મારાથી આ પીડા સહન થતી નથી.. તે અતિશય છે, અસહ્ય છે...શું તમે પ્લીઝ તેને ઘટાડવા માટે અને લક્ષણો પણ કાબૂમાં રાખવા માટે કશું કરી શકો ?’ દર્દી પાસે પેશાબ અને ઝાડાના કાબૂ માટેની

'ડાયવર્ઝન સર્જરી'ની સારવાર લીધા સિવાય છૂટકો નહોતો. અનુરાધા અને શર્મિલાથી રઘુરામની પીડા જોવાતી નહોતી. તેઓ મારી પાસે આવ્યાં અને પૂછવા લાગ્યાં 'ડૉક્ટર ! શું તેમની પીડા ઓછી કરવાનો કોઈ ઉપાય છે ? યુથનેઝિયા - કષ્ટ વિનાનું મોત - વિષે તમે શું કહો છો ! તેમની યાતના હવે જોવાતી નથી.' બંને રડવા લાગ્યાં. સમજી શકાય તેવી લાગણીઓને લીધે તેઓ માંડ માંડ બોલી શકતાં હતાં. પોતાની પ્રિય વ્યક્તિનું દુઃખ જોવું સરળ નથી હોતું...ને તેથી મોત જ એક વધુ સારા વિકલ્પ જેવું લાગે છે. તેઓ પૂછવા લાગ્યાં, 'શું તેમને આ યાતનામાંથી છેવટનો અને કાયમી છૂટકારો આપવો શક્ય છે ?' સરળ શબ્દોમાં, તેઓ દયામૃત્યુના સૂચન કરવા સુધી જતાં હતાં. વિચાર કરો કે આવું સૂચન કરતાં પહેલાં તેમના ઉપર શું વીતી હશે ? પોતાની પ્રિય વ્યક્તિને આ રીતે રાતદિવસ પીડાતી જોઈ રહેવી પણ સરળ તો નથી જ !

મને લાગ્યું કે આ એક લાગણીના ઉભરાને લીધે થતું સૂચન છે. મેં તેમને બંનેને ખૂબ ધીરજથી સમજાવ્યું કે કાયદો આ રીતે દયામૃત્યુની પરવાનગી આપતો નથી. આપણે 'મોર્ફિન' અને 'ફેન્ટાનાઈલ પેચિઝ' વડે જ કામ ચલાવવું પડશે જે થોડી રાહત આપશે ખરાં. આવા કિસ્સામાં કોઈ કશું કરી શકે નહીં - માત્ર મોતની રાહ જોયા સિવાય અને તે પણ પોતાને સમયે જ આવશે.

આ જ તો છે કિસ્મતના ખેલ !

# ૨. ઈચ્છાશક્તિ – જીવનનું અમૃત

**‘ધીરજ અને ખંતનો એવો જાદુઈ પ્રભાવ છે કે તેમની સામે તકલીફો અદશ્ય થઈ જાય છે અને અવરોધો છૂ !’**

**– જહૉન ક્વીન્સી ઍડમ્સ**

ઘરના કામકાજ માટે રોજની જેમ જ આજે પણ સરસ્વતી સવારે સાડા પાંચે તો ઊઠી ગઈ. આજે તેણે તેના પતિ કુમાર અને બૅંકમાં કામ કરતી દીકરી શૈલજા માટે સવારનો નાસ્તો અને બપોરનું ખાણું પણ બનાવી દેવાનાં હતાં. એ બંને કામે જવા નીકળે પછી સરસ્વતી થોડો થાક ખાઈ શકતી. ત્યાં સુધી તો તેને પોતાને નહાવા જેટલો સમય પણ માંડ મળતો ! અને લગભગ આવું તો દરેક ઘરમાં થતું જ હોય છે ને ?

પોતાના કામમાં ડૂબેલી સરસ્વતીને બીજો કોઈ વિચાર કરવાની ફુરસદ નહોતી. તેની દીકરી શૈલજા હંમેશાં વિચારતી કે તેની મા કેટલી બધી નિઃસ્વાર્થ છે. તે ‘મધર્સ ડે’ને દિવસે તેને માટે ખાસ અને યોગ્ય ભેટ લાવવાનું વિચારી રહી હતી. ત્યાં તેની નજર એક જાહેરખબર ઉપર પડી જેમાં લખ્યું હતું : ‘સ્ત્રીઓ માટે સંપૂર્ણ સ્વાસ્થ્ય પરીક્ષણ.’ તેને તરત સૂઝ્યું કે માને વધુ સ્વસ્થ રાખવા માટે આનાથી વધુ સારી ભેટ કઈ હોઈ શકે ?

‘મધર્સ ડે’ આવી લાગ્યો. માનું અભિવાદન કરીને શૈલજાએ તેને કહ્યું, ‘અમ્મા ! આ મધર્સ ડે ને દિવસે હું ઇચ્છું છું કે તું સંપૂર્ણ સ્વાસ્થ્ય પરીક્ષણ કરાવે - એ મારી તને ભેટ છે.’ સરસ્વતી તેને કહે, ‘પણ તેની શી જરૂર છે ? તું તારો સમય અને પૈસા શું કામ અમસ્તી વેડફે છે ? હું તો તદ્દન સારી અને સ્વસ્થ છું ! તો પછી સ્વાસ્થ્ય પરીક્ષણોની શી જરૂર છે ભલા ?’ જ્યારે શૈલજા

તેને મનાવી ન જ શકી ત્યારે તેણે પોતાના ભાઈ અરુણને ફોન કર્યો. અરુણ અમેરિકા રહેતો હતો. તેણે પણ પોતાની ૫૦ વર્ષની મા ને સમજાવી કે એક સાધારણ સ્વાસ્થ્ય પરીક્ષણ કરાવી લેવું જરૂરી છે અને તેને લીધે હવે તને અમેરિકા બોલાવવાની જ છે ત્યારે મદદ મળશે.

હવે સરસ્વતી વધુ નકારા કરી શકી નહીં. કમને તેણે સંમતિ આપી. પછી તેણે બધાં પરીક્ષણો આપ્યાં. તેના ઍક્સ-રેમાં કશો વાંધો જણાયો અને તેને સલાહ મળી કે કોઈ કૅન્સર નિષ્ણાતને તેણે બતાવવું. તેઓના ચહેરાઓ ઉપર ભય છવાઈ ગયો અને તેમણે કુટુંબના ડૉક્ટરને વાત કરી. તે ડૉક્ટરે તેમને મારું નામ સૂચવ્યું.

સરસ્વતી અને કુમાર બીજે દિવસે મને મળ્યાં. મેં જોયું કે તેને ફેફસાંનું કૅન્સર હતું જે મગજ સુધી વિસ્તર્યું હતું. આ સાંભળીને પતિ-પત્ની બંને અત્યંત આઘાત પામ્યાં. તેઓ કહેતાં રહ્યાં, 'કોઈ જાતનાં લક્ષણો નથી...તો પછી... આમ કઈ રીતે હોઈ શકે... ?' મેં તેમને પછી ધીરજથી સમજાવ્યું કે અત્યારે તે રોગની સ્થિતિ શું છે અને જણાવ્યું કે આ તબક્કે હવે કોઈ ઈલાજ થઈ શકે તેમ નથી રહ્યું. રોગ વધુ પડતો ફેલાઈ ચૂક્યો છે. હવે તેણે રેડિયોથેરપી કે પછી કીમોથેરપી જેવી સારવાર જ લેવી પડશે.

સરસ્વતી સમજી શકી કે હવે તેની પાસે બહુ વખત નથી બચ્યો અને તેની અમુક ફરજો હજી બાકી છે. તેની પ્રાથમિક ફરજ હતી દીકરીનું લગ્ન કરી તેને ઠરીઠામ થયેલી જોવાની. નસીબનું કરવું તે થોડા જ વખતમાં તેને માટે સારું માગું આવ્યું અને એક વર્ષે પછી લગ્ન લેવાનો નિર્ણય થયો.

આ દરમિયાન સરસ્વતીને સી.ટી./આર.ટી. (કિમોથેરપી/રેડિયેશન થેરપી) શરૂ કરી. તેનો પ્રતિભાવ સારો આવ્યો અને એક વર્ષ

પછી તેની દીકરીનાં લગ્ન હેમખેમ પતી ગયાં. ખુશીથી છલકાતી તેણે અમેરિકા વસતા દીકરાને ત્યાં અને દીકરીને ત્યાં તેની 'થલાઈ દીપાવલિ'ની ઉજવણીમાં (જે તેના લગ્ન પછી પિતાને ઘેર મનાવાય તે પહેલી દિવાળી હોય છે) ભાગ લેવાનું ઠરાવ્યું. તદ્દન મજબૂત મનોબળ રાખીને કુમાર અને સરસ્વતી અમેરિકા ગયાં. તેને પોતાના શેષ જીવનમાંથી લેવાય તેટલો આનંદ લેવો હતો. તેમણે દીકરા અને દીકરી બંનેની મુલાકાત લીધી અને દરેક ક્ષણનો આનંદ માણ્યો. આખા પરિવાર માટે તે આનંદનો સમય હતો.

જેમ કહેવાયું છે તેમ બધી સારી વાતોનો પણ અંત આવે જ છે...અને, એ સમય પણ કુમાર અને સરસ્વતી માટે આવી જ લાગ્યો જ્યારે તેમણે સંતાનોથી છૂટાં પડવાનું થયું. એ વિદાય ખૂબ લાગણીવશ હતી. શૈલજા અને અરુણ તેમને વિદાય આપવા આવ્યાં અને દુઃખાતા હૃદયે અંદરથી વિચારતાં રહ્યાં કે શું આવો બીજો સમય આવશે... ?

સરસ્વતી અને કુમારને ખ્યાલ હતો જ કે તેમણે પાછાં ફરવું જ રહ્યું કેમ કે હવે રોગ આગળ વધતો હતો. પણ આ વખતે પોતાની પાસે એક બીજી ફરજનો તકાજો તેણે રાખ્યો હતો - તે પોતાના દીકરાનું લગ્ન કરાવવા ધારતી હતી !

તેને ખબર હતી કે તે હવે વધારાના દિવસો ઉધારીમાં જીવી રહી છે.. પણ તો શું થયું ? જ્યાં ઇચ્છા પ્રબળ હોય ત્યાં રસ્તો પણ મળી જ આવે છે ને ? 'વ્હેર ધેર ઇસ અ વિલ, ધેર ઇસ એ વે !' આમ તેણે કદી શાખા છોડી નહીં... અને આથી જ તેને ખરાબમાં ખરાબ સમયથી પણ બચવામાં મદદ મળી. તેનો પતિ પણ તેને ખૂબ સાથ આપતો હતો.

ભારત પાછા ફરીને કુમાર અને સરસ્વતી મને મળવા આવ્યાં.

તેમને આગળની સારવારને વિશે જાણવું હતું. તેના રોગનો કોઈ ઈલાજ રહ્યો નહોતો તેથી હવે મેં તેને સઘન કીમોથેરપી લેવાનું સૂચન કર્યું. જે કંઈ પીડા તે સહન કરી રહી હતી તેમાં તેનો એક જ ઈરાદો સતત તેની સાથે રહેતો – દીકરાનું લગ્ન કરાવવા માટે થોડો વધુ સમય મેળવવો.

આમ તો જેમના ફેફસાંનું કૅન્સર ફેલાઈ ચુક્યું હોય તેવા દર્દીઓની કુદરતી જિંદગીનો સમય થોડા મહિનાઓ પૂરતો જ હોય છે. પણ વિજ્ઞાનની આ વાતને સરસ્વતીએ પડકાર ફેંક્યો. પોતાની ફોલાદી ઈચ્છાશક્તિ અને પોતાના દીકરાને પરણાવવાની પ્રબળ મહેચ્છા વડે તે કૅન્સર સામે લડત આપતી જ ગઈ.. અને, આજે ત્રણ વર્ષ પછી પણ, તે જીવિત છે ! આમ ઈચ્છાશક્તિ અને બચી જવાની પ્રબળ આશા ઉપર જ બધો આધાર છે.

સાચ્ચે, ચમત્કારો તો થાય છે.. ખરું ને ?

# ૩. દોષારોપણ

**'તમને પોતાની સમસ્યાઓથી ભાગીને શાંતિ નથી મળવાની, પણ તેમનો હિંમતથી સામનો કરીને જ મળશે. સમસ્યાઓને નકારવામાં શાંતિ નહીં મળે, પણ તેમના ઉપરના વિજયથી મળશે.'**

– જે. ડૉનાલ્ડ વૉલ્ટર્સ

૨૬ વર્ષની મુમતાઝ એક દંતચિકિત્સક હતી અને બે જ મહિના પહેલાં તેનું લગ્ન સૉફ્ટવેર ઍન્જિનિયર અને ૨૯ વર્ષના અન્વર સાથે થયું. લગ્નની ધામધૂમ ધીરે ધીરે સંકેલાઈ અને નવપરિણિતો હવે રોજિંદી જિંદગીમાં ગોઠવાવા લાગ્યાં હતાં.

અન્વરે હંમેશાં પેટ સાફ થવા માટે ફરિયાદો રહેતી. કેટલીક વાર ઝાડા થઈ જાય તો કોઈ વાર બીજે છેડે - કબજિયાત થઈ જાય. આને માટે લગ્ન પછી જે મસાલેદાર અને સમૃદ્ધ ભોજનોની ભરમાર ચાલી તેને જ અન્વર જવાબદાર ગણતો હતો. મુમતાઝ ચિંતા કરીને પૂછતી, 'અન્વર, શું થાય છે ? તને આવું પહેલાં પણ થતું કે શું ? વારે વારે ગોળીઓ લેતા રહેવું શા કામનું ?' અન્વર તેની ચિંતાને હસી કાઢતો અને કહેતો કે એમાં કશું અસમાન્ય નહોતું અને તેવું તો કોઈ વાર થઈ જાય. 'એમાં ચિંતા કરવા જેવું શું છે ? કદાચ કોઈ ખાવાનું કે પાણી મેં લીધું હશે, જેને કારણે આવું થાય. આ તો સામાન્ય બાબત છે, કોઈ જાતનો ચેપ જ કહેવાય, એમાં શું ?' તે કહેતો.

પણ આમ વારંવાર થતું એટલે મુમતાઝને તેના પતિનું કહેવું સંતોષ આપી ન શકતું. તેથી તેણે પરિવારના ડૉક્ટરને પૂછ્યું, તેમણે અન્વરનું પરીક્ષણ કર્યું અને કહ્યું કે કોલોનોસ્કોપી કરાવી લેવી સારી પડશે. બંને પાછાં ઘેર પહોંચ્યા ત્યારે અન્વર સંશય

રાખીને કહે, ‘શું મારે આ પરીક્ષણ કરાવવું જરૂરી છે ? એ મને તો સમય અને પૈસાનો વેડફાટ જ લાગે છે. આજકાલ આ એક ફેશન બની ગઈ છે કે સાદા રોગો માટે પણ ભાતભાતનાં પરીક્ષણો કરાવવાં !’ પણ આ વખતે મુમતાઝે તેના આવા વલણ તરફ ધ્યાન જ ન આપ્યું. તે બોલી, ‘આ કામ કરી જ લઈએ. બીજું કશું નહીં તો કોઈ તકલીફ નથી એ જાણીને તો રાહત જ થશે અને પછી એ મુજબની સારવાર તો લઈ શકાશે !’ ખૂબ સમજાવટ પછી કમને અન્વરે છેવટે પરીક્ષણ માટે સંમતિ આપી.

મુમતાઝની શંકા અસ્થાને નહોતી. આંતરડામાં એક નાની ગાંઠ જણાઈ આવી, જલદી નિદાન થયું !! તેણે તરત જ પરિવારના ડૉક્ટરનો સંપર્ક કર્યો અને તેણે સુચવ્યું કે એક કૅન્સર નિષ્ણાતની સલાહ લેવી. આ સાંભળીને અન્વર તો ઉછળી જ પડ્યો અને વ્યંગમાં કહે, ‘હવે વળી કૅન્સરના ડૉક્ટરને મળવાનું ? શું તને લાગે છે કે મને કૅન્સર છે ?’ અન્વર એ માનવા બિલકુલ તૈયાર જ નહોતો કે તેને કશી ગંભીર બીમારી હોઈ શકે. બધાં લક્ષણો તેને મન માત્ર પ્રદૂષિત પાણીને કારણે જ હતાં. તે કહેવા લાગ્યો, ‘મુમતાઝ, તું તો રાઈનો પહાડ બનાવી રહી છે !’ અધૂરામાં પૂરું, અન્વરના પિતાએ પણ આ જ વલણ બતાવ્યું - તેઓ તો વળી એક ડગલું આગળ જઈને મુમતાઝને જ બધી વાત માટે દોષી ગણવા લાગ્યા ! કહે, ‘મારા દીકરાને સ્વસ્થ અને સ્વચ્છ ખાણું આપવાનો તારી પાસે સમય જ નથી ! તેને જ પરિણામે તે આજે આટલું દુઃખ વેઠી રહ્યો છે અને કારણ એ જ કે તને તો તારી કારકિર્દી જ વધુ મહત્ત્વની છે, નહિ કે મારા દીકરાની તબિયત ! તેને કોઈ સારવારની નહિ, સારા ભોજનની જરૂર છે ! કહેતા તેઓ પગ પછાડતા ચાલી ગયા.

મુમતાઝની આંખોમાં આંસુ ધસી આવ્યાં અને પતિને કૅન્સરના

નિષ્ણાત પાસે જવાનું સમજાવવામાં તે રડવા જેવી થઈ ગઈ. હવે તેના સસરા પણ સ્થિતિ ઑર બગાડી રહ્યા હતા. ખૂબ સમજાવટ અને કાલાવાલા પછી અન્વર છેવટે કેન્સર નિષ્ણાત પાસે જવાને તૈયાર થયો. 'કેન્સર નિષ્ણાતને જ નક્કી કરવા દે કે શું તને કોઈ સારવારની જરૂર છે કે નહીં. આપણે પોતે કશું નહીં ઠરાવીએ, બસ ?' મુમતાઝે કહ્યું.

બીજે અઠવાડિયે રિપોર્ટો સાથે મુમતાઝ અને અન્વર બંને મને મળ્યાં. અન્વર એ કબૂલવા જ તૈયાર નહોતો કે તેને કશું થયું પણ છે. તે કહે, 'ડૉક્ટર, કશી તકલીફ નથી.. માત્ર પ્રદૂષિત પાણી અને બહારનું ખાવાને લીધે.. મુમતાઝ અમસ્તી ચિંતા કરે છે !' એટલું ઓછું હોય તેમ તેના પિતા પણ કેન્સર જેવું કશું સાંભળવા રાજી નહોતા અને તેને તાકીદ કરી હતી કે તેણે કોઈ સારવાર ન લેવી.

તે લોકોની વાત મેં ધીરજથી સાંભળી અને અન્વરને સલાહ આપી. મેં તેને ગાંઠની અને તેની બાયોપ્સીના પરિણામની વાત કહીં જેમાં તે કેન્સરની હોવાનું જણાવેલું. મેં સમજાવ્યું કે તેને માટે શસ્ત્રક્રિયા જરૂરી બને છે અને સાથે રેડિયોથેરપી અને કીમોથેરપી પણ લેવી પડે. આઘાતથી વિમૂઢ થઈને હજી પણ તે માનવા રાજી નહોતો કે આ બધું તેને થઈ રહ્યું હતું. તે નકારવાની માનસિક સ્થિતિમાં જ હતો. મુમતાઝ પણ રડવા લાગી હતી. મેં તેમને જણાવ્યું કે તેઓ આ વિશે વિચાર કરીને પછી મને ફરી મળે. નકારાત્મકતાને કારણે તેમણે નિર્ણય લેવામાં મોંડુ કર્યું. પૂરા એક વર્ષ પછી તે વધુ લક્ષણો સાથે ફરી મારા દવાખાને આવ્યો.

એક બીજો સોફ્ટવેર ઍન્જિનિયર, શૈલેષ પણ ત્યાં પોતાના નિયતકાલીન ચેક અપ માટે આવ્યો હતો. મને મળવા માટે રાહ

જોતી વખતે અન્વર સાથે તે સાધારણ વાતચીત કરવા લાગ્યો. તેણે અન્વરને કહ્યું, 'મને પણ તમારા જેવી જ તકલીફ હતી. મેં શસ્ત્રક્રિયા કરાવી લીધી અને હમણાં જ કીમો/રેડિયોથેરપી પૂરી કરી છે. પોતાના અનુભવો તેણે કહ્યા અને સલાહ આપી કે વધુ સમય હવે વેડફ્યા વિના તેણે પણ તરત જ સારવાર શરૂ કરી દેવી જોઈએ.

છેવટે અન્વરે સંમતિ આપી અને શસ્ત્રક્રિયા કરવા દીધી. હવે તેનો રોગ આગળ વધી ગયો હતો. એનો અર્થ એ થયો કે તેણે પહેલાં જણાવ્યો તે બે મહિના કરતાં વધુ સમયથી તેને આ સમસ્યા હતી જ. મેં તેને વધુ માહિતી આપવા દબાણ કર્યું. ત્યારે તેણે કહ્યું કે કૉલેજના દિવસોમાં પણ તેને આ તકલીફ હતી - એનો અર્થ  કે તે પાંચથી ય વધુ વર્ષ જુની વાત હતી !! વધુ પૂછવાથી જાણવા મળ્યું કે તેની માતાને પણ તકલીફ હતી અને તે આવી જ બીમારીમાં ગુજરી ગયેલી. જો તે પોતે ઝડપી નિદાન માટે ગયો હોત તો રોગનું ઝડપી નિદાન થાત અને ઓછી 'ઈન્વેસિવ' સારવારથી જ કામ પૂરું થઈ જાત.

મેં વારંવાર અને ભારપૂર્વક તેને અને તેના પિતાને સમજાવ્યું કે આ રોગ એવો નહોતો જે પ્રદૂષિત પાણીથી કે અપૂરતા પોષક ખોરાકને કારણે થાય ! તેનાં અનેક અન્ય કારણો હોય છે. આમ તો બે મહિના અગાઉ લક્ષણોએ ફરી દેખા દીધેલી, આ રોગ તેના શરીરમાં બહુ લાંબા સમયથી હાજર હતો અને હજી એ યુવાન હતો. એટલે કદાચ એ વારસાગત પણ હોઈ શકે છે.

મારી વાત પૂરી થતાં જ અન્વર અને તેના પિતા રોગનું જોખમી સ્વરૂપ સમજી ગયા અને જરૂરી સારવાર માટે તૈયાર થયા.

એ ખરું કે કોઈને ય માટે એ સ્વીકારવું અને તેનો સામનો કરવો

મુશ્કેલ છે - અને પોતે યુવાન હોય ત્યારે તો ખાસ - કે પોતાને આવો રોગ થયો છે. પરંતુ યોગ્ય પરીક્ષણો અને ઝડપી સારવાર દર્દીનું જીવન જાળવી લે છે અને પરિવારને પણ માનસિક ત્રાસમાંથી મુક્તિ મળે છે.

# ૪. અવગણના – સરવાળે મોંઘું વલણ

**"તમે જેને શોધતા હો તે સામે આવે ત્યારે તેની સામું પણ જોવાનું નકાર કરવો તેને 'દુરાગ્રહી અંધાપો' (વિલફૂલ બ્લાઈન્ડનેસ) કહે છે...અને અવગણના કરવામાં આવા દુરાગ્રહી અંધાપાનું પ્રદાન મોટું છે."**
**– માઈકલ શાપિરા**

ડૉ. સુશીલા એ રાત્રે અસ્વસ્થ હતાં. ઉધરસને લીધે થોડા સમયથી તેમને સારી ઊંઘ મળી નહોતી. ઉધરસ ઓછી નહોતી થતી અને હવે તો લગભગ વરસ થવા આવ્યું હતું. પોતે એક ડૉક્ટર હતાં તેથી તેમણે વિવિધ દવાઓ લીધી, તેમ છતાં ઉધરસ મટતી નહોતી. હૉસ્પિટલમાં ઘણાં વ્યસ્ત રહેતાં હોવાથી તેમને આ બાબતે મહત્ત્વ આપવાનું બન્યું નહીં અને વચ્ચે વચ્ચે તેનાં લક્ષણોની જ સારવાર કરતાં રહ્યાં. તેમના પતિ રાઘવન બોલ્યા, 'શું થયું ? હવે તો આ ઉધરસ ઘણી લાંબી ચાલી કહેવાય અને તેં એની ખાસ કાળજી લીધી નથી !' તે કહેતા રહ્યા, 'તારી તબિયતની બરોબર કાળજી નથી કરતી હોં !'

પણ તેઓ કહેતાં, 'કશું ગંભીર તો નથી, ચિંતા ન કરો. મારું મગજ હમણાં પેલી કૉન્ફરન્સમાં અટવાયેલું છે... મારે બધી મુલાકાતોને ફરી ગોઠવવી પડશે, જો કદાચ એને માટે મારે વિદેશ જવું પડશે.' તેઓ એ કૉન્ફરન્સની વિગતોમાં વધારે રસ લેવા લાગ્યાં અને પોતાની તબિયતની તપાસની અવગણના કરી.

જ્યારે તેમને એ કૉન્ફરન્સનું આમંત્રણ મળ્યું ત્યારે તેમણે વિઝા માટે અરજી કરી. વિઝા માટે એક ઍક્સ–રે જરૂરી હતો તેથી તેમણે એ કઢાવ્યો અને તેના રિપોર્ટથી હક્કાબક્કા રહી ગયાં. તેમણે જોયું કે તેમના ફેફસાં સ્વસ્થ નહોતાં.

'જે કશું હોય તે, પણ એક કૅન્સર નિષ્ણાતને બતાવું તો ખરી.' ઍક્સ-રેના રિપોર્ટ સાથે તેઓ બીજે દિવસે મારી પાસે આવ્યાં. મેં તેમને બીજાં પરીક્ષણો અને તપાસ માટે સલાહ આપી અને નિદાન આવ્યું કે તેમના ફેફસાંમાં કૅન્સર હતું જે હવે મગજ સુધી ફેલાયું હતું. તેઓ માંડ ૫૦ વર્ષનાં હતાં, પણ રોગ ખૂબ આગળ વધી ગયો હતો.

મેં ડૉ. સુશીલા અને તેમના પતિને સલાહકાર્ય માટે બોલાવ્યાં. રોગના સ્વભાવ વિશે જણાવ્યું અને કહ્યું કે તે ઘણો આગળ વધી ગયો હતો. એ કહ્યા વિના મારે છૂટકો નહોતો કે તેનો કોઈ ઇલાજ થઈ શકે તેમ રહ્યું નહોતું. આ સાંભળીને તેઓને મોટો આઘાત લાગ્યો અને તેમને દુનિયા ઉથલપાથલ થઈ ગયેલી લાગવા માંડી. મેં તેમને એ વાતે સહેજ આકરા શબ્દોમાં કહ્યું કે જ્યારે ઉધરસ એક વર્ષ જેટલી ચાલુ રહી ત્યારે ઍક્સ-રે જેવી સાદી તપાસ પણ તેમણે કેમ ન કરાવી ? વળી તેઓ તો પોતે ડૉક્ટર હતાં તેથી તેઓ પણ દૂરગામી પ્રભાવ અંગે જાણતાં તો હતાં ને ?

આ સમય નહોતો જ્યારે તેમને ખોટી આશાઓ આપી શકાય. મેં જણાવી દીધું કે રેડિયો અને કીમોથેરપી આપી અને જો તેમની ગાંઠ સારો પ્રતિભાવ આપે તો તેમનું જીવન લંબાઈ શકે છે. આ વાત સાથે સમાધાન કરવું તેમને માટે પણ સહેલું તો નહોતું જ.

સુશીલા અને રાઘવન ઘરે પાછા ફર્યાં. તેમણે જે સાંભળેલું તે સુશીલા પચાવી શક્તાં નહોતાં. તેમણે કહ્યું, 'રાઘવન, આ નિદાનથી હું સંતુષ્ટ નથી. એમાં કશુંક ખોટું છે એમ મને લાગે છે.' તેમણે બીજા કૅન્સર નિષ્ણાત પાસે જઈને મત મેળવ્યો અને એમ એક પછી એક નિષ્ણાતો પાસે જવા લાગ્યાં, અને આશા

રાખવા લાગ્યાં કે નિદાન ક્યારેક ખોટું જાહેર થાય, જો કે બાયોપ્સીમાં સ્પષ્ટ હતું કે તેમને કૅન્સર થયું જ છે !

આમ કરવામાં ઘણો સમય વેડફાયો અને સુશીલા હજી પણ કોઈ વૈકલ્પિક સારવારો અને દવાઓ વિશે જ વિચારતાં રહ્યાં. તેમના પરિવારના કોઈ સભ્યે સૂચવ્યું હતું કે આવી વૈકલ્પિક સારવાર લેવી સારી રહેશે કેમ કે તેની કોઈ આડઅસરો મોટે ભાગે હોતી નથી. વળી એવી ઘણી જાહેરખબરો પણ આવતી કે તેમની દવાથી કોઈ પણ તબક્કાનું કૅન્સર મટે છે !! ઈલાજ શક્ય છે તે વાતની ખાતરીઓ આમ અપાતી હોવાથી સુશીલા તેમની તરફ આકર્ષાયાં. પોતે એલોપેથિક ડૉક્ટર હોવા છતાં તેમણે એક ક્ષણ માટે ય કશો વિચાર ન કર્યો. જૂની કહેવત છે ને કે ‘જ્યાં સુધી લોકો છેતરાવા તૈયાર હોય ત્યાં સુધી દુનિયાને છેતરનારા આગળ જ હોય છે !’

આમ તેઓ એવા કહેવાતા ચિકિત્સક પાસે પહોંચ્યાં જેનો દાવો હતો કે તેની સારવારથી રોગ જડમૂળથી નાશ પામશે ! તેની વાતો એટલો તો વિશ્વાસ ઊભો કરતી હતી - અને તે આવા સંયોગોમાં એ લોકોને જે સાંભળવું હતું એવું જ કહેતો હતો. ડૉ. સુશીલા પણ અપવાદરૂપે નહોતાં. તેઓ પણ તેની વાતોમાં આવી જ ગયાં અને તેની સારવાર લેવા તૈયાર થઈ ગયાં.

બે મહિના વીત્યા...પણ કોઈ સુધારો નહોતો...બલ્કે હવે સુશીલાને મૂર્છા આવવા લાગી અને તેમને હૉસ્પિટલના ઈમર્જન્સી વિભાગમાં દાખલ કરવામાં આવ્યાં. હવે તેઓ અહીં સારવાર કરવા માટે કરગરવા લાગ્યાં... અને તેમનો જીવ બચાવવા માટે કશું કરવા આજીજી કરવા લાગ્યાં.

મેં તેમના પતિ રાઘવનને તેડાવ્યા અને તેમને સારવાર અને પરિણામ વગેરેની પરિસ્થિતિ સમજાવી. તેઓ હજી માનવા તૈયાર

નહોતા કે તેમની પત્નીને આ આખરી બીમારી હતી અને કોઈ વિશિષ્ટ સારવાર તેને માટે હતી નહીં. એ વાત દુઃખની હતી, પણ સાચી હતી કે હવે વાત આપણા હાથ બહાર જતી રહી હતી. મેં કહ્યું કે હવે તેની પત્નીને લક્ષણોના નિયંત્રણ માટેની સારવારની જરૂર હતી... જેથી તેમનો અંત દુઃખદ ન બને અને જીવનશૈલીની ગુણવત્તાનો તો કોઈ પ્રશ્ન જ નહોતો.

આ કિસ્સામાં એ કહેવું જરૂરી છે કે બંને વ્યક્તિઓ – દર્દી અને તેના પતિ પણ સારું ભણેલાં હોવા છતાં તેમણે ઉધરસ એક વર્ષ જેટલી લાંબી ચાલી એ વાતે એક ઍક્સ-રે લેવા જેટલી પણ કાળજીની અવગણના કરી ! બીજું, તેમણે એ નિદાનનો પણ અસ્વીકાર કર્યો કે સુશીલાને કૅન્સર છે, અને જે આગળ વધેલા તબક્કે પહોંચ્યું છે. વહેલું નિદાન અને સમયસરની સારવાર અપાઈ હોત તો તેને આટલી હદે વકરી જવાની તક ન મળી હોત અને દર્દીની પીડા ઓછી રહેત !!

# ૫. ફરી ફરી પ્રયત્ન કરો – કદી છોડી ન દેશો

**“સ્વાસ્થ્ય, સુખ અને સફળતાનો આધાર દરેકના લડત આપવાના મનોબળ ઉપર રહે છે. જીવનમાં આપણી સાથે શું થાય છે તે નહીં, પણ જીવનમાં જે થાય છે તેનું આપણે શું કરીએ છીએ એ વાત મોટી છે.” – જ્યોર્જ ઍલન**

હરી અને સાવિત્રી એક યુવાન દંપતી હતાં. લગ્નના બે વર્ષ વીત્યાં છતાં સાવિત્રીને ગર્ભ ન રહ્યો. તેણે એક સ્ત્રી-રોગ નિષ્ણાતની સલાહ લીધી અને તેણે કહ્યું કે સાવિત્રીમાં કોઈ ખોડ નહોતી અને તે ગર્ભ ધારણ કરવાને બિલકુલ સક્ષમ છે. એક વર્ષ વીત્યું, સાવિત્રીને ગર્ભ રહ્યો અને તેણે એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ પાડ્યું સતીશ. જેમ જેમ સતીશ મોટો થતો ગયો અને શાળાએ જવા લાગ્યો તેમ સાવિત્રીનો આનંદ પણ વધતો ગયો !! બીજા કોઈ બાળકોની જેવો ને ૪ વર્ષનો થયો ત્યાં સુધી તો સારું હતું, પણ પછી તે વારે વારે બીમાર પડવા લાગ્યો. ડૉક્ટર સાથેની મુલાકાતો અને વિવિધ પરીક્ષણોએ દર્શાવ્યું કે તેને કોઈ ગંભીર બીમારી હતી.

જેમ જેમ ડૉક્ટરો અને દવાઓનાં બિલો વધતાં ગયાં તેમ હરિ પોતાની પત્ની સાથે ઝગડવા લાગ્યો. ‘તારે બીજું કશું કામ નથી ? એક નાની બાબતે તું ડૉક્ટર પાસે દોડી જાય છે ? તું એવું કરે છે જાણે તારો દીકરો સીધો આકાશમાંથી ઉતરેલો દેવ છે ! ડૉક્ટરો અને દવાઓ પાછળ કેટલા પૈસા બરબાદ કરે છે તું ?’ સાવિત્રી જવાબ આપતી, ‘શા માટે આટલો બધો બબડાટ કરો છો ? આપણા એકના એક સંતાનને બચાવવાના આ બધા હું પ્રયત્નો કરું છું. સતીશ આપણને કેટલે બધે વખતે જન્મ્યો ? તમે થોડી દયા ન રાખી શકો ? તમે દારૂમાં પૈસા વેડફવાનું શરૂ કર્યું

છે...તેનો ઉપયોગ શું છે ભલા ?' હરિને તેની વાતથી ગુસ્સો આવતો અને તે માત્ર હાથ ઉઠાવવાનું બાકી રાખતો. બિચારી સાવિત્રી  તે કોને કહે ? ગાલ ઉપર આંસુની ધારા વહી રહી હતી અને તે સતીશને ઊંચકીને ડૉક્ટર પાસે લઈ ગઈ. એ જાણતી નહોતી કે અહીં તેને હજી વધુ ખરાબ સમાચાર મળવાના છે.

ડૉક્ટરે કહ્યું કે તેમને આશંકા છે કે સતીશને લોહીનું કૅન્સર છે – એક્યુટ લ્યુકેમિયા. સાવિત્રીની બધી દબાવી રાખેલી લાગણીઓ આંસુ તરીકે છૂટી ગઈ. તે ખૂબ આઘાત પામી. ડૉક્ટરે તેને વધુ વખત રાહ ન જોવાની સલાહ આપી અને કહ્યું કે તેણે કૅન્સર નિષ્ણાતને તરત જ બતાવવું જોઈએ જે આગળની સારવાર માટે સલાહ આપી શકે.

સાવિત્રી બાળકને લઈને મારી પાસે આવી. મેં જ્યારે તેને કહ્યું કે નિદાન બરોબર છે કે સતીશને 'ઍક્યુટ લ્યુકેમિયા'નો લોહીના કૅન્સરનો રોગ છે, તે ડઘાઈ ગઈ. મેં તેને કહ્યું કે તેના પતિને તે આવતી કાલે લઈ આવે, જેથી હું તેમને બંનેને સારવારની પ્રક્રિયા અને સંભવિત ખર્ચનો અંદાજ જણાવી શકું. બાળકોના આવા કૅન્સરમાં મોટો ખર્ચ આવવાની શક્યતા વધુ હતી.

તે ઘેર ગઈ અને હરિને નિદાનની વાત કહી. તે તો નફરતથી કહે, 'ઓહો ! કૅન્સર...! તેનો ઇલાજ નથી...!? તો તો આપણે તેની પાછળ સમય અને પૈસા બંને ખોટા જ ખર્ચી નાખીશું !!' સાવિત્રીએ કહ્યું, 'મહેરબાની કરીને ડૉક્ટર પાસે તો ચાલો...તેમને નક્કી કરવા દો કે સહુથી સારો રસ્તો શું છે.' તે વિચારતી રહી, 'આ માણસ, સતીશનો પિતા, આમ કઈ રીતે વર્તી શકે છે ?'

બીજે દિવસે સાવિત્રી અને હરિ બંને મને મળ્યાં. મા તો બને તે બધું કરવાની વિનંતી કરતી હતી. બાપ ગુસ્સામાં હતો અને

બાળક પાછળ પૈસા ખર્ચવા તૈયાર જ નહોતો. તેણે સીધું કહ્યું ‘ડૉક્ટર, મને ખબર છે કે લ્યુકેમિયા જીવલેણ હોય છે અને તેનો કોઈ ઈલાજ નથી અને જ્યારે તેનો કોઈ અર્થ જ નથી, તો તેની સારવાર કરવાનો શું મતલબ છે ?’ વળી કહે, ‘સતીશ બહુ લાંબુ તો નહીં જીવે; અને એટલી નાની જિંદગી માટે શું એક પાઈ પણ ખર્ચવી યોગ્ય છે ?’

આ માણસના આવા શબ્દોથી હું આભી બની અને એ તો તેનો પોતાનો દીકરો જ હતો જે લગ્ન પછી ઘણે વખતે આવ્યો હતો અને તેમના જીવનમાં આનંદ ભરી લાવ્યો હતો ! પણ તેણે તો ઠરાવી લીધું હતું. ‘સારવારમાં હું કોઈ પૈસા ખર્ચવા તૈયાર નથી.’ સાવિત્રીના દુ:ખનો કોઈ પાર નહોતો. એક બાજુ હતો તેનો નાનકડો દીકરો જે કૅન્સર જેવી મહા બીમારી સાથે લડી રહ્યો હતો અને બીજી બાજુ તેનો નિર્દયી પતિ ! પછી સાવિત્રીએ પોતાના પિતા પાસે ધા નાખી અને છેવટે તેના પિતા મદદ કરવા રાજી થયા અને પોતાના દોહિત્રની સારવારનો ખર્ચ ઉઠાવવા તૈયાર થયા.

બાળકને હૉસ્પટલમાં દાખલ કરવામાં આવ્યું અને સારવાર શરૂ થઈ. તેની સ્થિતિમાં સુધારો જણાવા લાગ્યો. આ સારવાર લાંબી ચાલે છે એટલે તેણે દર મહિને ચેક એપ માટે હૉસ્પિટલ આવવું પડે અને દવાઓ નિયમિત લેવી પડે. બે વર્ષની સારવારનો પ્રતિભાવ ખૂબ સારો આવવા લાગ્યો અને છેવટે સતીશનો રોગ નાબૂદ થઈ ગયો !!

આ પછી પાંચ વર્ષે મેં એક કિશોર અને તેની માને ઓ.પી.ડી.માં મને મળવા આવેલા જોયાં. તે સતીશ અને સાવિત્રી હતાં. તેમને ઓળખી જઈને મેં સતીશની તબિયત અંગે પૂછ્યું જે હવે બાળક મટીને કિશોર બની ગયો હતો. મેં નોધ્યું કે સાવિત્રીના કપાળ

ઉપર ચાંદલો નહોતો. મેં પૂછ્યું કે શું વાત હતી ? તેણે મને કહ્યું કે સતીશનો બાપ, હરિ એક દારૂડિયાઓના ઝગડામાં મૃત્યુ પામ્યો હતો. મને થયું આને ભાગ્ય કહે છે...

મારા રૂમ ભણી જતાં મને હરિના શબ્દો યાદ આવ્યા, 'જે બહુ લાંબું નથી જીવવાનો તેની પાછળ શા માટે પૈસા ખર્ચવા ?' આજે જે કંઠેથી આ શબ્દો બોલાયા હતા તે પોતે જ હવે 'નહોતો'... આ જ તો છે ભાગ્યની લીલા... કોઈ કોઈના મોતની આગાહી કરી શકે નહીં. જ્યારે તેનો સમય થાય ત્યારે જ તે આવે છે.

૧૫ વર્ષ પછી મને મળવાની રાહ જોતા એક યુવકને મેં જોયો. હું તેને ઓળખી શકી નહીં. તેણે જ મને ઓળખાણ આપી કે તે સતીશ હતો જેની મેં એક બાળક તરીકે લ્યુકેમિયાની સારવાર કરી હતી. હું તેને સરસ યુવક તરીકે જોઈને ખૂબ ખુશ થઈ. મારો ચહેરો ખુશીથી ચમકી ઊઠ્યો અને મેં પૂછ્યું કે તે હવે શું કરે છે. તેણે કહ્યું કે તે હવે ગ્રેજ્યુએટ થઈ ગયો છે અને સરસ રીતે પાસ થયો અને એક અગ્રણી આઈ.ટી. કંપનીમાં નોકરીનું કહેણ મળ્યું છે !!

મને વિચાર આવ્યો... જો તેની માએ તેની સારવાર પાછળ પડીને ન કરી હોત તો ? શું તેણે પોતાનું વહાલું સંતાન ગુમાવી ન દીધું હોત ? આજે તે સંતાનને આટલો આગળ આવેલો જોઈને તે માતાને કેટલો આનંદ અને સંતોષ થતો હશે ?

# ૬. કેન્સરની દવાઓ છે જ !

**“તમારી આશા પુનઃજાગૃત થવાની અપેક્ષા રાખો. અતિ અદ્ભુત રીતે તમારી પ્રાર્થનાઓનો ઉત્તર મળશે એવી અપેક્ષા રાખો. જીવનમાં શુષ્ક ઋતુની સ્થિતિ પણ કાયમ નથી રહેતી. વાસંતી વર્ષા પણ આવે જ છે.”**

**– સારાહ બાન બ્રેથનેક**

એક શનિવારની એ સાંજ. મારું હૉસ્પિટલનું કામ પતાવીને એક કૉન્ફરન્સ માટે મારે અમેરિકા જવાનું હતું તેને માટે થોડી ખરીદી કરવાનું મેં ઠરાવ્યું. હું ખરીદીમાં વ્યસ્ત હતી ત્યારે મને થયું કે કોઈ મારી સામે જોયા કરે છે. મેં નોંધ્યું કે એક નાની છોકરી અને એક મહિલા જે તેની માતા હોવાની સંભાવના હતી તે બંને મને સહેજ દૂરથી જોયા કરતાં હતાં. મને લાગ્યું તો ખરું કે મેં એમને ક્યાંક જોયાં છે, પણ તરત યાદ નહોતું આવતું. બંને જણે એકબીજા સાથે થોડી વાત કરી અને પછી મોટી વયની સ્ત્રી મારી તરફ આવીને કહે, ‘ડૉક્ટર ! ડૉક્ટર !’ મને તે શા માટે બોલાવતી હશે તે વિચાર કરતાં હું તેની તરફ ફરી. મને નહોતું લાગતું કે હું તેઓને ઓળખતી હોઉં.

બંને જણ મારી પાસે આવ્યાં અને પૂછે, ‘ડૉક્ટર ! મને ઓળખી નહિ ?’ મેં બનતો પ્રયત્ન કર્યો પણ યાદ ન આવે. મેં કહ્યું, ‘સોરી, પણ મને યાદ નથી આવતું.’ મોટી સ્ત્રીએ પોતાની ઓળખાણ પાર્વતી અને નાનીની ઓળખાણ પોતાની દીકરી પ્રીતિ તરીકે આપી તે કહે, ‘ડૉક્ટર, ૧૦ વર્ષ અગાઉ હું પ્રીતિ સાથે હૉસ્પિટલે આવી હતી. પ્રીતિને લ્યુકેમિયા થયાનું નિદાન હતું.’

મારું મન અતીત શોધવા લાગ્યું. હવે મને યાદ આવ્યું-પાર્વતી ચિંતિત ચહેરે પોતાની દીકરી સાથે રાહ જોતી ઊભી હતી - તે

જાણતી નહોતી કે તેની એ ૧૦ વર્ષની દીકરી માટે ભાવિ શું છૂપાવીને બેઠું છે.

મેં તપાસ કરીને રોગના નિદાનનું સમર્થન કર્યું કે તેને લ્યુકેમિયા હતો, ત્યારે પાર્વતી ભાંગી પડી. બાળકીને સમજાતું નહોતું કે તેની માતા આટલી બધી રડે છે, એટલે તે ગભરાઈ ઊઠી અને માને ખૂબ જોરથી વળગી પડી હતી.

મેં તેમને સલાહ આપી, 'ચિંતા ન કરો... બધું જતું નથી રહ્યું. તમે સારે સમયે આવ્યાં છો. મને લાગે છે કે જો તેને યોગ્ય સારવાર મળશે તો બાળકીને આપણે ચોક્કસ બચાવી લઈ શકીશું.' તેને પૂરો વિશ્વાસ તો ન આવ્યો, જો કે તેને સહેજ તો ધીરજ મળી હોય તેવું લાગ્યું. જ્યારે પણ લોકોને કૅન્સરનું નિદાન થાય ત્યારે તેમને એકદમ જે પ્રતિભાવ જાગે છે તે છેક છેવટનો જ હોય - મોત !! મેં તેને કહ્યું, 'બધાં કૅન્સરો મોત નથી લાવતાં... કેટલાંકની સારવાર શક્ય છે જ. જરા શ્રદ્ધા રાખો. તમે જે કરો છો તેમાં શ્રદ્ધા રાખશો તો જ સફળતા મળી શકે છે.' સારવાર શરૂ કરવા માટે મેં તેને બીજા અઠવાડિયે આવી જવાનું કહ્યું.

તે મુજબ બીજે અઠવાડિયે પાર્વતી પ્રીતિને લઈને આવી પહોંચી. મેં તેમને જણાવ્યું કે સારવાર લાંબી છે... ચમત્કારો થશે એવી આશા રાખશો નહીં... મને વિશ્વાસ છે કે વખત જતાં તેની સ્થિતિમાં ઘણો સુધારો આવશે...હામ ખોશો નહીં. સહુથી વધુ મહત્ત્વની વાત... સારવારને તેના સમયક્રમ મુજબ પૂરી કરવાની છે...' પાર્વતી આ બાબતે કબૂલ થઈ અને સારવાર ચાલુ થઈ. પ્રીતિનો પ્રતિભાવ સરસ આવવા લાગ્યો અને લગભગ ત્રણ વર્ષ પછી તે રોગથી તદ્દન મુક્ત થઈ ગઈ. તેની ઉમરનાં બીજાં બાળકોની જેમ તે પણ સામાન્ય જીવન વીતાવી શકી.

મારા વિચારોમાંથી હું જાગી ગઈ. આખોમાં આંસુ સાથે પાર્વતી કહેતી હતી, 'આ રહી પ્રીતિ, જેની તમે સારવાર કરી આપી, ડૉક્ટર.' મેં પ્રીતિ સામે નજર કરી. તે એક ખરે જ સરસ યુવતી બની હતી. પાર્વતી હવે હસીને કહે, 'ડૉક્ટર, શું તમે એ ધારી શકો છો કે અમે શા માટે ખરીદી કરી રહ્યાં હોઈશું ?' પ્રીતિના ગાલ ઉપર શરમના શેરડા ઊઠ્યા. 'અમે તેના લગ્નની સાડીઓ લેવા નીકળ્યાં છીએ !' મને તેમને માટે એટલી તો ખુશીની લાગણી થઈ આવી ! પાર્વતીએ આગળ ચલાવ્યું, બીજું બધું તો ઠીક, પણ તેના લગ્ન વખતે તેને આશીર્વાદ આપવા તમારી હાજરી ખૂબ જરૂરી છે.' મેં કહ્યું કે હું ચોક્કસ લગ્નમાં આવીશ. 'ડૉક્ટર,' પ્રીતિ આભાર માનતાં બોલી, 'જો તમે ન હોત તો હું બચી ન શક્ત.' મેં કહ્યું, 'જીવન કે મરણ કોઈના હાથમાં નથી. અમે તો દર્દીની માત્ર સારવાર કરીએ... બાકી તો બધું ઉપરવાળો જ સંભાળે છે.'

તેઓની વિદાય લીધી ત્યારે મને એ વાતે સંતોષ થતો હતો કે જે છોકરી ૧૦ વર્ષ પહેલાં આ ભયનજક રોગથી પીડાતી હતી તે હવે તદ્દન રોગમુક્ત થઈ ગઈ છે. પ્રીતિને યોગ્ય સમયે સારવાર માટે લવાઈ અને તે સારવાર ક્રમ પ્રમાણે નિયમિત અપાઈ, જેમાં કોઈ ખાડા ન પાડ્યા અને તે રોગમુક્ત થઈ શકી. આજે તે અન્ય કોઈ સામાન્ય યુવતી સમાન જ થઈ ગઈ છે. તેને જીવન માટે બીજી તક મળી શકી છે. મને થયું કે તેમનો ખંત કામ કરી ગયો...

# ૭. બચી જવા માટેની સંકલ્પશક્તિ

**"હિંમત એ ભયની ગેરહાજરી નથી, બલ્કે તે એક એવી વિવેકશક્તિ છે જે ભય કરતાં કશું બીજું વધુ મહત્વનું ગણે છે."**

**– એમ્બ્રોઝ રેડમૂન**

વેંકટરામન એક પ્રખ્યાત કૉલેજમાં ભૌતિકશાસ્ત્રના પ્રૉફેસર હતા. તેમણે મારી મુલાકાત માગી. મેં તેમને પૂછ્યું કે શું કામ હતું ? ત્યારે તેમણે ખાસ કશું ન કહ્યું પણ આગ્રહ રાખ્યો કે તેઓ મને રૂબરૂ મળવા ઈચ્છે છે. મને થયું કે કોઈ મોટી સમસ્યા જણાય તો છે એથી મેં તેઓને બીજે જ દિવસે મળવા બોલાવી લીધા.

શ્રી વેંકટરામન પચાસેક વર્ષના હશે. પોતાની સાથે તેઓ રિપોર્ટોની ફાઈલ લઈ આવેલા અને મને કહે કે તેમના પરિવારના ડૉક્ટરે સલાહ આપેલી કે તેમણે કોઈ કૅન્સર નિષ્ણાતને તરત જ મળવું, કેમ કે તેમને શંકા હતી કે પ્રૉફેસરને ફેફસાંનું કૅન્સર હતું. મેં તેમની વાત ધીરજથી સાંભળી અને રિપોર્ટો તપાસ્યા. અને મારે તેમને જે હકીકત હતી તે કહેવી પડી. આ બહુ વિકટ ઘડી હતી છતાં સત્યની જાણ કર્યા વિના છૂટકો નહોતો. મેં જણાવ્યું, 'પ્રોફેસર ! મને આ કહેતાં દુઃખ થાય છે પણ તમારા ડૉક્ટરની શંકા સાચી છે - તમને ફેફસાંના કૅન્સરનો આગળ વધેલો તબક્કો આવી ગયો છે...' તેમને આઘાત લાગ્યો અને થોડો સમય તો અવાક્ બની ગયા. છેવટે જરા સ્વસ્થ થઈને કહેવા લાગ્યા, 'ડોક્ટર, કશું કરો, પ્લીઝ ! મારી પાસે કેટલો સમય છે ? મારે... હજી એક વર્ષ તો જીવવું જ છે... હું પીએચ.ડી.નો અભ્યાસ કરી રહ્યો છું અને મારું કામ લગભગ પૂરું થવા આવ્યું

છે... પ્લીઝ ડૉક્ટર, શું તમે કોઈ રીતે મદદ કરી શકો છો ?' તેમના તરફથી ઘણા પ્રશ્નો એક પછી એક આવતા રહ્યા. પહેલાં તો મેં તેમને શાંત થવા કહ્યું અને પછી ઉમેર્યું, 'તમારે કોઈ જાતનો ભય રાખવાની જરૂર નથી. હા, દવાઓ છે... અને જો તમારો એ દવાઓનો પ્રતિભાવ સારો આવે તો આપણે રોગને થોડો વખત તો જરૂર આઘો રાખી શકીશું... પણ મારે તમને ચેતવણી આપવી રહી કે આ સારવાર સઘન છે અને તેની ખરાબ આડઅસરો તમારે સહન કરવી પડે ખરી.' હવે પ્રૉફેસરે એક સ્મિત કર્યું અને કહે, 'મારો મહાનિબંધ પૂરો થઈ જાય તે માટે હું ગમે તે સહન કરવા તૈયાર છું.' મેં તેમને બીજે અઠવાડિયે જ હૉસ્પિટલમાં દાખલ થવા સૂચન કર્યું.

સારવાર શરૂ થઈ. પ્રૉફેસરને મળવા આવતા વિદ્યાર્થીઓની સંખ્યા જોઈને મને ખૂબ આશ્ચર્ય થયું. તેઓ પ્રૉફેસરને આર્થિક સહાય માટે કહેતા અને રક્તદાન પણ કરતા હતા. પ્રૉફેસર ખરેખર એક સરસ શિક્ષક પણ હોવા જોઈએ !

પ્રભુની કૃપાથી અને તેમની સંકલ્પશક્તિથી પ્રૉફેસરે હાથમાં લીધેલું કામ પૂરું થઈ ગયું. તેમની તબિયતમાં પણ સુધારો જણાવા લાગ્યો. કીમોથેરપી દરમિયાન પણ તેઓ વિદ્યાર્થીઓને ભણાવવામાં વ્યસ્ત રહેતા હતા. મને થયું કે આ માણસ પાસે ખરેખર દૃઢ સંકલ્પશક્તિ છે...

તેમની સારવારની પ્રક્રિયા પૂરી થઈ અને સાથે જ તેમનું કામ પણ. તેઓના ક્ષેત્રમાં તેમનું સંશોધન ખૂબ શ્રેષ્ઠ કાર્ય તરીકે આવકાર પામ્યું અને તેમને 'ડૉક્ટરેટ'ની ઉપાધિ આપવામાં આવી. એટલું જ નહીં, તેમને જાપાનમાં 'ગોલ્ડ મૅડલ' પણ મળ્યો. પ્રૉફેસર તે સુવર્ણ ચંદ્રક લેવા જાતે ટોકિયો પહોંચ્યા ! એટલું જ નહીં તેમણે અન્ય બે બીજાં રિસર્ચ પેપર્સ પણ લખ્યાં.

પ્રૉફેસર વેંકટરામને એક વર્ષની મુદત માગી હતી, પરંતુ તેમને ૩ વર્ષનો સમય મળે તેવા આશિષ મળ્યા. રોગ ફરીથી માથું ઊંચકવા લાગ્યો અને આ વખતે ખૂબ પ્રવેગથી પાછો થથલો આવેઉ. તેઓ મને કહે, 'ડૉક્ટર, મને લાગે છે કે હવે મારું આયુષ્ય પૂરું થવામાં છે... મેં એક જ વર્ષ માગેલું, પણ આ યાતના મેં ત્રણ વર્ષ ભોગવીં ! મને નથી લાગતું હવે હું વધુ સમય માગું... મને ખ્યાલ છે જ કે આ વખતે મોતથી છૂટકારો મળે તેમ નથી. અચ્છા ડૉક્ટર, હવે હું માનસિક રીતે મારા કોઈ પણ પ્રકારના અંતનો સામનો કરવા તૈયાર છું.' તેમના શબ્દોએ મને ખૂબ હલાવી દીધી, પરંતુ હું પણ જાણતી જ હતી કે વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જ રહ્યો. તેમની સારવારનો બીજો તબક્કો ચાલુ થયો, પણ તે નિષ્ફળ નીવડ્યો અને પ્રૉફેસર રોગનો ભોગ બની ગયા.

મને થયું કે આ માણસને કઈ બાબતે મોતનો આટલો સરસ સામનો કરવાનું બળ આપ્યું હશે ? પોતાના કામ માટેની તેમની લગની એટલી હતી કે કામ પૂરું કર્યા વિના તેઓ આ જગત છોડવા તૈયાર જ નહોતા ! મને થયું કે સારવાર અને દવાઓએ પણ, જ્યારે તેમને બચી જવાની સંકલ્પશક્તિ દૃઢ હતી, તે કારણે જ વધુ સારું કામ કરી બતાવ્યું હતું !

# ૮. છેલ્લી ઈચ્છા

**“જ્યારે આપણને એ ખરેખર સમજાય અને જાણ થાય કે પૃથ્વી ઉપર આપણો સમય મર્યાદિત છે - અને આપણે એ જાણતા નથી કે તેનો ક્યારે અંત આવશે - ત્યારે જ આપણે એક એક દિવસને પૂરેપૂરો જીવીએ છીએ,જાણે તે જ એક આપણી પાસે હોય.”**

**– એલિઝાબેથ કુબ્લેક-રોસ**

અબ્રાહમને તે શનિવારે સવારે પેટમાં સહેજ ગડબડ હોય અને મૉળ ચડતી હોય તેવું લાગતું હતું. તેઓ ૭૦ વર્ષના હતા અને તેમને ‘ગૅસ્ટ્રિક’ એટલે કે પેટનું કેન્સર હતું એવું નિદાન પણ થઈ ચૂક્યું હતું. તેમને લાગ્યું કે બધું બરાબર નથી અને કદાચ હવે અંત આવી ચૂક્યો છે. પણ તેણે હજી એક ફરજ બજાવવી બાકી હતી ! તે હતી તેમની પુત્રી શર્લીનું લગ્ન ! તે થાય નહીં ત્યાં સુધી હજી તેઓ આ દનિયા છોડી જવા તૈયાર નહોતી. તેમણે સલાહ લેવા ધાર્યું અને મારી સાથે સોમવારની મુલાકાત ગોઠવી. તેમના અવાજમાં જણાતી અધીરાઈ ઓળખીને મેં તેમને તરત જ તપાસવાનું ઠરાવ્યું.

તેઓ આવ્યા. મેં તપાસીને કહ્યું કે તબિયત કથળતી જાય છે. તેઓ કહે, ‘ડૉક્ટર, મારે બે મહિના તો જીવવું જ પડે તેમ છે... મારી એક ઈચ્છા પૂરી કરવાની છે... મારે મારી દીકરી શર્લીને પરણેલી જોવી છે. હાલ તો તે અમેરિકા છે અને તેના લગ્નનું બધું ઠરાવવામાં બે મહિના તો નીકળી જાય.’ શર્લીએ પણ મારી સાથે લાંબી વાત કરી. મેં તેને સમજાવ્યું કે રોગ ખરેખર આગળ વધતો જાય છે. આ જાણીને તે ખૂબ દુઃખી થઈ ગઈ અને મેં તેને કહ્યું, ‘તારા પિતા પાસે સમય ખૂબ ઓછો છે... હવે તેમની એક જ ઈચ્છા છે... તારું લગ્ન નક્કી કરી લેવા માગે છે...

મને શંકા છે કે તેમની પાસે હવે બહુ સમય નથી રહ્યો.' શર્લી તરત જ સંમત થઈ અને બંનેએ લગ્નની તૈયારી ઝડપભેર કરી અને બે મહિના પછી લગ્ન થવાનું નક્કી થઈ ગયું.

મિ. અબ્રાહમ રાજી હતા, 'મારે માટે બધું સરસ ગોઠવાતું જણાય છે', તેમણે વિચાર્યું. પણ આ રાજીપો લાંબો ચાલ્યો નહીં. અચાનક જ તેમની બિમારી વધી ગઈ. તરત જ પરિવારને મેં બોલાવ્યો અને સલાહ આપી, 'જુઓ, મને લાગે છે કે તમારા પિતા બીજો મહિનો ખેંચશે નહીં. તેઓ હમણાંથી જ 'લાઈફ-સપોર્ટ' ઉપર છે.. અને કદાચ થોડા દિવસો જ કાઢે.' આ તો અચાનક ત્રાટકેલી વીજળી જેવો આઘાત હતો. પોતાના પ્રિયજનને આ સ્થિતિમાં જોઈને તેઓ ડઘાઈ ગયાં અને તે સમય પણ દીકરીના લગ્નના એક જ મહિના અગાઉનો !

સમય વેડફાય તેમ જ નહોતો એથી પરિવારે લગ્ન વહેલાં લેવાનું ઠરાવ્યું. શર્લીના વર અને તેના કુટુંબ સાથે મસલત કરી અને એ લોકો પણ સમયની માગ સમજી શક્યાં.

છેવટે એક વૃદ્ધાશ્રમના ચર્ચમાં લગ્નવિધિ ઠરાવવામાં આવી. આ ચર્ચમાં વૃન્દગાન કરનારા પણ વૃદ્ધો જ હતા !! તેમ છતાં લગ્નના આનંદના માહોલમાં કશી ઓછપ આવી નહીં !

પોતાની આંસુભરી આંખો સાથે મારા દર્દી એક વ્હીલચેરમાં બેસીને આખી વિધિ જોઈ શક્યા અને વૃદ્ધાશ્રમના રહેવાસીઓએ આપેલા સંગીતની પ્રાર્શ્વભૂમિમાં તેમણે પોતાની દીકરીનું કન્યાદાન કર્યું. એ એક સાદી વિધિ હતી અને તેમાં સહુની આંખોમાં આંસુ હતાં.

મિ. આબ્રાહમના ગળામાં લાગણીથી ડૂમો ભરાઈ આવ્યો. તેમણે કહ્યું, 'ડૉક્ટર, મારી છેલ્લી ઇચ્છા પૂરી થઈ છે. મેં મારી દિકરીનું

લગ્ન જોયું. વધુ હું શું માગું ? એ વાતે મન સંતોષ છે કે પ્રભુએ મને આ પ્રસંગ માટે જીવતો રાખ્યો.' તેઓ હવે શાંતિ અનુભવતા જણાયા. તેમની તબિયત કથળતી જતી તો હતી જ અને તેથી મેં તેમને હૉસ્પિટલમાં ફરી દાખલ કર્યા.

બધાના આશ્ચર્ય વચ્ચે, મિ. અબ્રાહમની તબિયત નાટકીય ઢબે સુધરવા લાગી !! પરિવારમાં એક ચર્ચા થઈ - પહેલાં નક્કી કરેલું તે રીતે હવે આ લગ્ન ધામધૂમથી અને અગાઉની ઠરાવેલી તારીખે કેમ ન કરીએ ? આ સાંભળીને મી. અબ્રાહમ તો ખુશીથી ઉછળી જ પડ્યા. 'ખૂબ જ સરસ વિચાર છે ! ચાલો, તેમ જ કરીએ !'

આમ, બધા પરિવાજનોને આનંદ મળે તેમ લગ્ન ફરીથી, અગાઉના આયોજન મુજબ, ધામધૂમ સાથે ઉજવાયું !!

આ પછી મી. અબ્રાહમ એક વર્ષ જીવિત રહ્યા અને છેલ્લે શાંતિથી પ્રાણ છોડ્યો.

પ્રભુની આવી મહેર હોય છે. કોઈ કોઈનું મૃત્યુ ઠરાવી શકતું નથી... કેટલીક વાર ભાગ્ય પણ વિજ્ઞાનને હરાવી દે છે... મને વિચાર આવ્યો. કૅન્સર સારવાર સમગ્રલક્ષી હોય; પણ બધાંને સાજાં ન કરી શકાય, ખાસ તો કૅન્સર જ્યારે આગળ વધી ગયું હોય ત્યારે. આવા સંયોગોમાં છેવટ સુધીના જીવનની ગુણવત્તા સુધરે તે જ મુખ્ય બાબત છે.

# ૯. બિનશરતી પ્રેમ

**'માંસ અને લોહી નહીં, બલ્કે હૃદય જ આપણને પિતા અને પુત્ર બનાવે છે.'**

**– જોહાન શિલર**

એક નિવૃત્ત થયેલા ઍન્જિનિયર, શ્રી પ્રભાકર સાઠેક વર્ષના હતા. થોડા વખતથી તેમની તબિયત સારી નહોતી રહેતી. અમુક પરીક્ષણો કર્યા બાદ તેમના પરિવારના ડૉક્ટરે સૂચવ્યું કે તેઓ કોઈ કૅન્સર નિષ્ણાતની સલાહ લે. તેમના પુત્ર સુભાષ એક આઈ.એ.એસ. ઑફિસર હતા. પ્રભાકર ચિંતિત હતા અને તેમને વહેમ હતો કે ખરેખર કશી ગંભીર ગડબડ તો છે. પણ તેઓને પોતાના પુત્રને ગભરામણ અને ચિંતામાં નહોતા નાખવા. તેઓ જાણતા જ હતા કે પોતાના કામમાં સુભાષ કેટલા વ્યસ્ત રહેતા અને રોજના કામો માટે પણ તેમની પાસે કેટલો ઓછો સમય રહેતો હતો.

આ દરમિયાન સુભાષે પરિવારના ડૉક્ટર સાથે વાત કરીને મારી મુલાકાત ગોઠવી. બાપ અને દીકરો મને હૉસ્પિટલે મળ્યા. તેમના રિપોર્ટો જોઈએ મેં રોગની આવનારી સ્થિતિ વિષે વાત કરવી શરૂ કરી અને તેની સારવાર અને અસરો વિશે જણાવ્યું અચાનક સુભાષ કહે, 'માફ કરજો ડૉક્ટર, તમને વાત કરતાં થોડી વાર રોકું છું, પણ શું અમે એક મિનિટ વાત કરી લઈએ ?' તેણે પિતાને એક તરફ લઈ જઈને તેમને બહાર લોબીમાં રાહ જોવાનું સૂચવ્યું.

મને વિચાર આવતો હતો કે શું વાત હશે, પણ ત્યાં જ સુભાષ પાછા ફર્યા અને મારા કન્સલ્ટેશન રૂમમાં આવીને કહે, 'ડૉક્ટર,

દિલગીર છું કે મેં તમને ડૉક્ટર ! મારા પિતા એ વાતે અજાણ છે કે તેમને વાત કરતાં અધવચ્ચે જરા રોક્યાં. પણ કર્યા વિના છૂટકો નહોતો. પ્રોસ્ટ્રેટનું કૅન્સર છે જે આગળ વધી ગયું છે... તેઓ હમણાં એ જાણે તેવું હું ઇચ્છતો નહોતો. એટલે જ મેં તેમને બહાર રાહ જોવા કહ્યું છે.'

મેં કહ્યું, 'મી. સુભાષ, તમારી ચિંતા આમ તો બરાબર છે, પણ તમારા પિતાને જણાવ્યા સિવાય તેમના રોગની પ્રકૃતિ અને સારવાર હું કઈ રીતે સમજાવી શકું ? શું એ યોગ્ય છે કે તેમને સારું-ખોટું શું છે તે સમજાવ્યા વિના તેમની સારવાર બસ શરૂ જ કરી દઈએ ? અને તે પણ તમારા પિતા જેવા સારું ભણેલા માણસને ?' સુભાષે મને વિનંતી કરી કે બધી વાતને હાઉ બનાવ્યા વિના હળવાશથી કરવી અને એમ જ કહેવું કે 'તેમને પ્રોસ્ટ્રેટનું કૅન્સર છે તેવો વહેમ છે !' હું આ માટે રાજી તો નહોતી, પણ તેમણે ખૂબ ભાર મૂકીને તેમ કરવા કહ્યું અને જણાવ્યું કે જો તેના પિતા જાણશે કે પ્રોસ્ટ્રેટ કૅન્સર આગળ વધી ગયું છે, તો તેમને કદાચ ઘણો આઘાત લાગશે.

સુભાષ ત્યાર પછી બહાર જઈને પિતાને અંદર લઈ આવ્યો. મી. પ્રભાકર બોલ્યા, 'મારે ડૉક્ટર સાથે એકલાં જરા વાત કરવી છે, સુભાષ ! તું જરા બહાર જઈને રાહ જોશે ?' તેઓ તેને મૂકીને એકલા રૂમમાં આવ્યા અને કહે, 'તમને નવાઈ લાગતી હશે આ બધું શું નાટક ચાલી રહ્યું છે ! તમારા વ્યસ્ત સમય અને સમયની તંગી સમજી શકું છું અને તમને આ બધું ન ગમે તે પણ સમજી શકું છું. ડૉક્ટર, એક નાની વિનંતી છે... મારા દીકરા સુભાષને એ જાણ ન થવા દેશો કે મને પ્રોસ્ટ્રેટનું આગળ વધી ગયેલું કૅન્સર થયું છે ! તે બહુ લાગણીશીલ છે અને આ વાત તે કદાચ સહન નહીં કરી શકે. માટે તેને લાગણીવશ થઈને

ભાંગી પડતો નથી જેવો... આમ પણ એને કામકાજનું કેટલું દબાણ રહે છે ? મને મારી તબિયની સમસ્યાઓથી એ દબાણ વધારવું નથી. મેં તો મારું જીવન જીવી લીધું ! મારા દીકરાનો શું ગુનો ?'

મને ખૂબ જ આશ્ચર્ય થયું. હસવું કે રડવું તે હું નક્કી ન કરી શકી. આ દીકરો અને બાપ બંને એકબીજા માટે કેટલી ચિંતા રાખતા હતા ! દીકરો બાપને આઘાતથી બચાવવા ઇચ્છતો હતો અને બાપ દીકરાને ! આ બાપ-દીકરાના પ્રેમની મને ખૂબ કદર થઈ.

જ્યારે વિભક્ત કુટુંબો અને વૃદ્ધાશ્રમો રોજરોજ વધતાં જાય છે તેવે સમયે આ બાપ-દીકરા વચ્ચેના પ્રેમ અને સંબંધના મજબૂત તાંતણાને જોઈને મને ખૂબ સારું લાગ્યું. મને થયું કે હજી બધું તો ખોવાઈ ગયું નથી.

# ૧૦. પ્રેમની શક્તિ

**“પ્રેમ કોઈ સીમાઓને ગણતો નથી. તે આડશોને વળોટે છે, વંડીઓ ઠેકી જાય છે, દીવાલોની આરપાર નીકળે છે અને પોતાના લક્ષ્ય સુધી ખૂબ આશાસહ પહોંચી જાય છે.” – માયા ઍન્જેલાઉ**

રાહુલને એક અગ્રણી કૉર્પોરેટ હાઉસમાં નોકરી મળી હતી. તે ફક્ત ૨૫ જ વર્ષનો હતો અને તેની વય મુજબ જ આગળ ધપવા થનગનતો હતો. તેનો સ્વભાવ આનંદી હતો અને અભ્યાસ પછી તરત જ આવી સરસ નોકરી મળી ગઈ તેથી પોતાને ભાગ્યશાળી પણ માનતો હતો.

‘મારે બીજું વળી હવે શું જોઈએ, ભલા ?’ એ વિચારતો. અન્ય યુવાનોની જેમ તેને પણ પોતાનાં સ્વપ્નો હતાં અને ભવિષ્યની યોજનાઓ ઉત્સાહથી ઘડતો પણ હતો.

એવું કહેવાય છે કે સારી વસ્તુઓ પણ પૂરી થઈ જાય છે અને તેમાં રાહુલ પણ અપવાદ નહોતો. એક ચીવટવાળા આયોજક હોવાને લીધે તેણે એક વીમાની પૉલિસી પસંદ કરી જેમાં અમુક સ્વાસ્થ્ય પરીક્ષણો કરવાનાં હતાં. આથી રાહુલ પરીક્ષણો આપી આવ્યો; અને રિપોર્ટોએ જણાવ્યું કે તેને અમુક સમસ્યાઓ હતી જેના પ્રત્યે તરત ધ્યાન આપવું જરૂરી હતું. તેને સલાહ આપવામાં આવી કે સહેજે વિલંબ કર્યા વિના એક કેન્સર નિષ્ણાતની સલાહ તેણે લઈ લેવી જોઈએ.

બીજે જ દિવસે રાહુલે મારી મુલાકાત માગી, પોતાની રિપોર્ટોની ફાઈલ લઈને આવી પહોંચ્યો. ફાઇલ મારા  ટેબલ ઉપર મૂકી અને એક મટકું પણ માર્યા વિના મને કહે, ‘ડૉક્ટર. મારી પાસે

કેટલો સમય છે તે કહો.' હું તો ખૂબ નવાઈ પામી, તો પણ કહ્યું 'આ એવો એક પ્રશ્ન છે જેનો ઉત્તર કોઈ આપી શકે નહીં !' હું જાણે કોઈ ફિલસૂફની જેમ વાત કરતી હતી.

એક મિનિટ થોભીને રાહુલ કહે, 'ડૉક્ટર, મારે વીમો લેવા માટે ચેક અપ કરાવવાનો છે. મને કહેવામાં આવ્યું છે કે લોહીનાં પરીક્ષણોએ મને 'ક્રોનિક માયલોઇડ લ્યુકેમિયા' છે એવું બતાવ્યું છે. એ જ કારણથી મેં આવો પ્રશ્ન કર્યો.' રાહુલે એ પણ કહ્યું કે તેને રોગનાં કોઈ લક્ષણો વરતાતાં નહોતાં અને આ સામાન્ય રીતે થયેલ પરીક્ષણોને લીધે જ આ વાતની જાણ થઈ હતી.

મેં તેમને કહ્યું 'રાહુલ, પ્લીઝ તરત જ કશું માની ન લે. આપણે હજી થોડાં બીજાં પરીક્ષણો કરવાનાં છે અને પછી સારવારનો ક્રમ ગોઠવીશું.' એ રીતે પરીક્ષણો થયા પછી રાહુલને ક્રોનિક માયલોઇડ લ્યુકેમિયા છે તે વાતનું સમર્થન થયું અને મેં સારવાર શરૂ કરી.

સારવાર કરતાં એકાદ મહિનો વીત્યો હશે ત્યાં એક યુવતી મને મળવાને ઓ.પી.ડી.માં રાહ જોતી હતી. ત્યાંની બધી ધમાલ ચાલી અને શમી ગઈ ત્યાં સુધીના લાંબા સમય સુધી તે રાહ જોતી રહી.

જ્યારે તે છેવટે મને મળી શકી ત્યારે મને પોતાની ઓળખાણ આપી અને પોતાનું નામ સુનિતા જણાવ્યું. મને તે પૂછવા લાગી કે શું હું રાહુલ નામના કોઈ દર્દીની સારવાર કરી રહી છું ? મેં કહ્યું, 'હા, પણ તેને અને તારે શું છે ?' તે કહે, 'ડૉક્ટર, પ્લીઝ, શું તમે મને કરી શકો કે તેને શું થયું છે ? શું તે અહીં સારવાર લઈ રહ્યો છે ? તેને કયા રોગનું નિદાન થયું છે તે જણાવી શકશો ?' મેં તરત જ પૂછ્યું, 'રાહુલની સાથે તારો શું સંબંધ છે ?' થોડી ખચકાઈને તે બોલી, 'ડૉક્ટર, હું તેની

સ્ત્રીમિત્ર છું અને છેલ્લા એકાદ મહિનાથી તે મને અવગણવા લાગ્યો છે. મારા ફોનનો જવાબ પણ નથી આપતો. હું અકળાવા લાગી હતી, ત્યાં મેં તેને ગઈ કાલે આ હૉસ્પિટલમાંથી બહાર આવતાં જોયો. એટલે હું અહીં આવી છું. મારે જાણવું છે કે તેને ખરેખર શું થયું છે ?'

મેં તેને ધીરજથી જવાબ આપ્યો, 'આમ જો, સુનિતા ! કોઈ દર્દીની વાત બીજાને હું તેની પોતાની પરવાનગી વિના કરી ન શકું... ચિકિત્સાના નિયમો તેમ કરવા દેતા નથી. તું રાહુલની સાથે આવે તો જ હું તને કશું જણાવી શકું. તું આ વાત સમજી શકે છે ને ?' તેને ખૂબ દિલગરી થઈ, પણ તેને દિલાસો આપી શકું તેવી મારી સ્થિતિ નહોતી.

બે અઠવાડિયાં પછી રાહુલ અને સુનિતા બંને મારા ઓ.પી.ડી.માં આવ્યાં. મેં તેમને રોગની પ્રકૃતિ સમજાવી. મેં કહ્યું 'મને આ વાત કહેવી સહેજે નથી ગમતી, પણ મારે સાચી વાત કહેવી જ પડે તેમ છે. આ રોગનું નિવારણ થઈ શકતું નથી. પણ હા, અમે જીવનને લંબાવી જરૂર શકીએ છીએ !' ઓરડામાં મૌન છવાઈ ગયું. સ્થિતિની ગંભીરતા સમજવા સુનિતા પોતાની લાગણીઓને કાબૂમાં રાખવાનો સંઘર્ષ કરી રહી હતી.

રાહુલે મૌન તોડ્યું. સુનિતાને કહે, 'આવી સ્થિતિમાં કોઈ સંબંધ રાખવો એ પાગલપણું જ કહેવાય. મને હવે તારામાં કશો રસ નથી. મને તું એકલો છોડી દે અને તારી જિંદગીમાં આગળ વધી જા.' તે અચનાક જ ઉઠી ગયો અને રૂમ છોડી જતો રહ્યો.

સુનિતા એની પાછળ ગઈ અને તેના ગયા પછી પછી આવીને મને કહે, 'ડૉક્ટર, હું એની લાગણી સમજી શકું છું. પણ મને કોઈ કેમે કરી તેની સાથે લગ્ન કરતાં રોકી નહીં શકે ! જો લગ્ન

પછી તરત જ તેના રોગનું નિદાન થયું હોત તો ? શું હું એને બસ ત્યજી દેત ? અમને ભગવાને સાથે રહેવાનો જેટલો સમય આપ્યો હશે તેટલો તેની સાથે રહેવા માટે હું કોઈ પણ અગ્નિપરીક્ષા સહેવા તૈયાર છું ?' આ છોકરીના આવા દૃઢતા અને વિચારોથી હું ઘણી અભિભૂત થઈ ગઈ. આવનાર ભવિષ્યથી વાકેફ હોવા છતાં તે પોતાના રસ્તે આગળ વધવા ઈચ્છતી હતી. તેને માટે રાહુલ સાથે રહેવું, તેની સાથે લગ્ન કરવાં તે જ તેની ખુશી હતી. કદાચ આ જ પ્રેમની શક્તિ છે !

રાહુલ અને સુનિતાએ ખૂબ વાતચીત કરી અને એક નિર્ણય લીધો. એ મુજબ પોતપોતાનાં માતાપિતાને રોગ વિષે જાણ કર્યા વિના તેમની અનુમતિ મેળવીને બંનેએ લગ્ન કરી લીધાં.

ત્યાર પછી રાહુલ પૂરાં ૧૦ વર્ષ જીવ્યો, પણ છેવટે રોગ સામે હથિયાર હેઠાં મૂકી દીધાં. આ જગતમાં રાહુલ અને સુનિતા જેવાં લોકો પણ છે. જાણવા છતાં કે રાહુલની જિંદગી લાંબી નહીં ટકે, સુનિતાની મજબૂત ઈચ્છા જેટલો પણ સમય મળે તે તેની જ સાથે વીતાવવાની હતી. રોગ સામે લડવાની મજબૂત દૃઢતા અને તેમની ઈચ્છાશક્તિ માટે ખૂબ આદર થયો.

# ૧૧. પ્રેમાળ દીકરો

**"મારી માતા દુનિયામાં મેં જોયેલી બધી સ્ત્રીઓમાં સહુથી વધુ રૂપાળી હતી. હું જે કંઈ છું તે મારી માતાને કારણે છું. જીવનની મારી બધી સફળતાનું શ્રેય હું તેણે મને આપેલા નૈતિક, બૌદ્ધિક અને શારીરિક શિક્ષણને આપું છું." – જ્યોર્જ વૉશિંગ્ટન**

અમેરિકામાં એક જાણીતી આઈ.ટી. કંપનીમાં શેખર કામ કરતો હતો. તે માત્ર ૩૫ વર્ષનો હતો અને છેલ્લાં ૧૦ વર્ષથી અમેરિકામાં જ સ્થાયી થયો હતો. તેની પત્ની અપર્ણા પણ અમેરિકાની જ આઈ.ટી. કંપનીમાં કામ કરતી હતી. તેમનું કુટુંબ નાનું હતું - બે જ બાળકો હતાં અને એક આદર્શ પરિવાર કહી શકાય તેવી સ્થિતિ હતી.

શેખર વસંતાનો એકનો એક દીકરો હતો. જેને એક જ સંતાન હોય તેવી માતા જે રીતે તેને અતિશય પ્રેમથી ઉછેરે, એ જ રીતે વસંતાએ પણ શેખરને અતિશય પ્રેમ સીંચ્યો હતો ! તેને તે ખૂબ પ્રેમ કરતી હતી અને તે હવે આ રીતે સ્થિર થયો હતો તેથી ખૂબ ખુશ હતી. દીકરાના આગ્રહને લીધે તે વચ્ચે વચ્ચે અમેરિકા પણ જતી, પણ થોડા વખતમાં તેણે ત્યાં આ રીતની કંટાળાજનક મુસાફરી કરવાનું ટાળવા માડ્યું. તેનો દીકરો અને કુટુંબ કામમાં વ્યસ્ત રહેતાં તેથી દર બે વર્ષે જ હવે તેની મુલાકાતે આવતાં. મા ભારતમાં સાવ એકલી રહેતી હોવાથી શેખરને તેની સતત ચિંતા રહેતી. તે આગ્રહ કરતો કે મા તેની સાથે જ અમેરિકામાં રહેવા આવી જાય. પણ વસંતા કહેતી કે તેનાં મૂળ અહીં છે અને આ ઉમંરે હવે અમેરિકા રહેવા આવવું તેને માટે શક્ય નથી.

દૈવનું કરવું તે વસંતા બીમાર પડી અને નિદાન આવ્યું કે તેને ‘મલ્ટિપલ માયલોમા’નો રોગ લાગુ પડ્યો છે. તેને એનાં લક્ષણો છેલ્લા કેટલાંક મહિનાઓથી જાણાતાં તો હતાં પરંતુ તેણે એ વિશે કોઈને કહ્યું નહીં. તે એવી ચિંતા કરતી હતી કે તેના દીકરાને તકલીફ થશે. તે પથારીવશ થઈ એટલે એક સંભાળ રાખનારને સાથે રાખી લીધી. પણ તેને પીઠમાં ઘસારો થવાથી ગુમડાં જેવા જખમ (બેડસોર) થવા લાગ્યા, ત્યારે સંભાળ લેનારે તેને કહ્યા વિના જ તેના દીકરાને આ બાબતની જાણ કરી દીધી.

આ જાણતાં જ શેખર ભારત દોડી આવ્યો અને મા સાથે રહેવા તેણે કુટુંબ અને નોકરીની પણ પરવા ન કરી. માની સ્થિતિ જોઈને તેને ઘણો આઘાત લાગ્યો. તે માની જ ન શક્યો કે તેની માતા આટલી બધી બીમારી હતી. તે સમજી ગયો કે હવે મા પાસે બહુ વખત નથી. તેણે કૅન્સર નિષ્ણાતનો સમ્પર્ક કરવા ધાર્યું અને તેને સૂચવાયું કે તે મને મળી લે. તે માતાને હૉસ્પિટલ લઈ આવ્યો. વસંતા ઘણી બીમાર તો હતી જ અને પથારીવશ થયા પછી તો પીઠના વ્રણે વળી તેમાં ઉમેરો જ કર્યો હતો. તેને પથારીમાં જ પેશાબ પણ થઈ જતો હતો તેથી સ્થિતિ વધુ વણસી જતી હતી.

મેં તેને તપાસી લીધી પછી શેખર મને પૂછવા લાગ્યો, ‘ડૉક્ટર, હવે ક્યા પ્રકારની સારવાર થઈ શકશે ? ખર્ચ ગમે તેટલો થાય, હું ઉઠાવવા તૈયાર છું... પણ મારી મા ને શ્રેષ્ઠ સારવાર મળે તેવું હું ઈચ્છું છું.’ મેં તેને કહ્યું, ‘મિ. શેખર, તમારું દુઃખ હું સમજી શકું છું. પણ હવે અમે બહુ ઓછું કરી શકીએ તેમ છે... કોઈ વિશિષ્ટ સારવાર તેને માટે છે નહીં. છતાં આપણે તેને થતી પીડા ઓછી કરતી દવાઓ અને અન્ય મદદરૂપ થતી દવાઓ આપી શકાય ખરી.’ શેખર બોલી ઊઠ્યો, ‘ઓ ભગવાન ! આ

સ્થિતિ મારે લીધે થઈ છે ! જ્યારે તેને મારી સહુથી વધુ જરૂર હતી ત્યારે હું તેની સાથે નહોતો !' તેનો અવાજ રડમસ થઈ ગયો. મેં કહ્યું, 'પ્લીઝ, શાંત થાવ ! આવામાં કોઈ કશું કરી શકે તેમ નથી હોતું. પણ આજે આપણે કમ સે કમ તેમની પીડા તેમની છેલ્લી ઘડીઓમાં ઓછી તો કરી શકીએ તેમ છીએ !' પછી શેખરે પૂછ્યું, 'મારે કેટલો સમય રોકાવું પડશે ?' મેં કહ્યું, 'આવા પ્રશ્નનો કોઈ નિશ્ચિત જવાબ નથી હોતો. કદાચ લાંબો સમય પણ...'

ત્યાર પછીના ચાર મહિનામાં વસંતાની તબિયત હજી વધુ લથડતી ચાલી. બધો વખત શેખર તેની બાજુમાં જ રહેતો અને ખૂબ કાળજી લેતો. સારવાર કરતાં તેણે કદી મોં ન મચકોડ્યું. વસંતાની રોજની જરૂરિયાતો તે જ પૂરી કરતો - તેને નવડાવતો, કપડાં પહેરાવતો અને પેશાબ-સંડાસની પણ કાળજી લેતો ! કદી તે વિચલિત ન થયો. તેની માતૃભક્તિથી હું અંજાઈ હતી. જિજ્ઞાસાથી મેં તેને પૂછ્યું, 'શેખર, તારી નોકરી અને કુટુંબથી દૂર તું અહીં કેટલો સમય રહેવા માગે છે ?' તેણે કહ્યું, 'મા ના છેલ્લા શ્વાસ સુધી હું અહીં રહેવાનો છું. હું મારી ફરજ બજાવી તો શકું છું.' કહી તે રડવા લાગ્યો. તેની પત્ની અપર્ણા તેને ટેકો આપતી હતી અને તેને આવો નિર્ણય કરવાની છૂટ આપી હતી.

વસંતા હંમેશાં પ્રાર્થના કરતી કે હવે તેનું જીવન સંકેલાઈ જાય. તેને લાગતું હતું કે જાણે પુત્ર માટે એક બોજો બની ગઈ છે. મારી એક મુલાકાત દરમિયાન એ મને કહેવા લાગી 'ડૉક્ટર, હું મારા દીકરાનું જીવન ખરાબ કરી રહી છું. શા માટે ભગવાન મને વહેલો નથી બોલાવી લેતો ? મારે દીકરાને આટલો ત્રાસ શા માટે આપવો ?' મેં તેને સમજાવી, 'વસંતા, આવી રીતે રડવાને બદલે તારે એ વાતે ખૂબ અભિમાન લેવું જોઈએ કે તેં

આવા શાલીન દીકરાને જન્મ આપ્યો છે. તેની સાથેનો સમય ખુશી સાથે વીતાવ. તેને એવો બનાવ કે તે હંમેંશાં તેને પછીથી પણ યાદ કરે !' શેખર અમારી વાત સાંભળી રહ્યો હતો અને તેમાં જોડાઈને કહેવા લાગ્યો, 'અમ્મા ! તું મારા જીવનમાં સહેજે ત્રાસરૂપ નથી. મને ખબર છે કે મને ઉછેરવામાં તેં કેટલા સંઘર્ષ કર્યા છે. આજે જે કંઈ હું છું તે તારે જ કારણે છું. મારું બધું તારું જ આપેલું છે, હું તારો ઋણી છું... આજે મારો વારો છે, મને મારી ફરજ બજાવવા દે. આવા વિચારો ન કરતી. તારો પ્રેમ અને વહાલ જ મારા ઉર વરસ્યાં છે, જેથી હું તને થોડી પણ મદદ કરી શકું છું. તેં કદી કશી બદલા મેળવવા કે અપેક્ષાથી મને પ્રેમ નથી આપ્યો. આ તો મારે જ તારી સાથે રહેવું છે, સમજી ને ! માટે ખુશ થઈને રહે.'

મેં તેમની બંનેની વિદાય લીધી. હું વિચારવા લાગી કે આ સદીમાં જ્યારે મોટા ભાગનાં સંતાનો પોતાની જ જરૂરિયાતોને અગ્રિમતા આપે છે; અને આ દીકરો, જે ૧૦ વર્ષ જેટલા લાંબા સમયથી માતાથી દૂર રહેવા લાગ્યો છે તેમ છતાં કેટલો પ્રેમાળ છે ? આ બાબત આજકાલ દુર્લભ છે અને તે હજી ક્યાંક જોવામાં આવે તો ખરેખર ખૂબ જ સરસ લાગણી થઈ આવે છે.

મને એન ટેઈલરના શબ્દો યાદ આવે છે –

'જ્યારે હું ગબડી જતો ત્યારે
કોણ ઊંચકવા દોડી આવતું,
ને મને કહેવા કોની પાસે
કોઈને કોઈ વાર્તા તૈયાર રાખતું;
અથવા એ જખમને સાજો કરવા
એક ચુંબન પણ સદા રહેતું ?
મારા માતા જ વળી !!

# ૧૨. સહુ સારું જેનો અંત સારો

**“લાગે છે કે હિંમત એ બીજું કશું નહીં પણ જોખમો, બદનસીબી, અન્યાય, અને ભય ઉપરના વિજયથી સહેજે કમ નથી અને સાથે જ આંતરિક રીતે એ વાતને સમર્થન કરતા રહેવું કે તેના બધાં દુઃખોસહિત પણ જીવન સારું છે; અને આપણી સમજની બહાર હોય તો પણ બધું કોઈ ને કોઈ હેતુસર બને છે; અને આવતી કાલ હંમેશાં આવે જ છે.’ – ઍમ્બ્રોઝ રેડમૂન**

૨૪ વર્ષની દીપાનાં લગ્ન તાજેતરમાં જ અશોક સાથે થયાં હતાં. તે એક પત્રકાર હતી અને નવી જિંદગી સાથે ધીરે ધીરે ગોઠવાતી હતી. લગ્નના સમારંભો પૂરા થયા અને બંને પતિ-પત્ની કામે જવાની તૈયારીમાં લાગ્યાં. અશોક સાથે દીપા ખૂબ ખુશ હતી અને અન્ય યુવાન દંપતીની જેમ તેઓ પણ ભવિષ્યની યોજનાઓ ઘડવા લાગ્યાં.

એક ખૂબ કામકાજથી વ્યસ્ત રહેલા શનિ-રવિના દિવસો પછી સોમવારની સવાર પડી. કામે જવાની બંને તૈયારી કરવા લાગ્યાં. મેક-અપ લગાવતી વખતે દીપાએ અરીસામાં નજર નાખી તો ગળા ઉપર થોડો સોજો જણાયો. તેણે તેને સહેજ દબાવી જોયું પણ કોઈ દર્દ ન થયું, તેણે વિચાર્યું કે તે કોઈ જીવડાંએ કરડેલ ભાગ હશે કે પછી એલર્જી હશે. તેણે અશોકને હાક મારી, ‘અશોક ! જરા અહીં આવો તો ! જુઓ તમને મારા ગળા ઉપર કોઈ સોજો દેખાય છે ?’ અશોકે જોઈને કહ્યું, ‘હા દીપાએ, શું તે દુઃખે છે ?’ દીપા જવાબ આપ્યો, ‘ના રે, પણ એ અહીં પહેલાં તો નહોતો !’ અશોકે કહ્યું, ‘ચિંતા ન કરીશ. સાંજે કુટુંબના ડૉક્ટર પાસે જઈ આવીશું. મને નથી લાગતું કે કશું ગંભીર હોય. તે કોઈ ગોળીઓ આપશે અને તું સારી થઈ જઈશ.’ અશોક બરાબર કહે છે, દીપાએ વિચાર્યું અને કહ્યું, ‘સારું, સાંજે ડૉક્ટરને મળી લાઈશું.’

જલદી જ તેઓ ઘેરથી કામે જવા નીકળ્યા. દીપા પોતાના કામમાં ડૂબી પણ ગઈ અને પોતાની ડૉક્ટર સાથેની મુલાકાત વિશે ભૂલી પણ ગઈ. અશોકે તેને ફોન કરીને યાદ કરાવ્યું, 'દીપા ! આપણે ડૉક્ટર પાસે તારા ચેક અપ માટે જવાનું છે ને ? તો તૈયાર રહેજે, હું તને આવીને લઈ જઈશ.' દીપાએ કામ સમેટી લીધું અને ઑફિસથી નીકળી ગઈ.

કુટુંબના ડૉક્ટરે તેનું પરીક્ષણ કર્યું અને તેનો તબીબી ઈતિહાસ પૂછ્યો. દીપાએ કહ્યું કે તેને કોઈ પીડા નહોતી થતી અને તેણે આજે જ આ સોજો જોયો હતો. ડૉક્ટરે સૂચવ્યું કે બાયોપ્સી કરાવવા તેમણે કોઈ સર્જનની મુલાકાત લેવી જોઈએ. બંને જણા દવાખાનેથી પાછાં ફર્યાં.

દીપા ખૂબ હતાશ થઈ અને રડવા લાગી. તેને સાંત્વન આપતાં અશોક કહેવા લાગ્યો, 'દીપા ચિંતા શા માટે કરે છે ? આપણે પ્રાર્થના કરીશું કે કશું ગંભીર ન નીકળે. ગમે તેવું ધારી ન લેવું. હું સર્જનની મુલાકાત ગોઠવી લઉં છું.' આમ અશોકે તેને થોડો વખત શાંત તો કરી પણ એ પોતે પણ જરા ચિંતિત તો હતો જ. બંનેને રાત્રે ઊંઘ ન આવી...ઈન્ટરનેટ ઉપરથી મળતી માહિતીને લીધે તેઓ વધુ આશક્તિ થઈ ઊઠ્યાં હતાં. દીપાની બાયોપ્સી થઈ અને તેના અહેવાલ ઉપરથી તેમને મારો સંપર્ક કરવા સૂચવાયું.

એ બંને મને એ રિપોર્ટ સાથે હૉસ્પિટલમાં મળ્યાં. મેં દીપાને તપાસી અને બીજા જરૂરી પરીક્ષણો અને તપાસ કરવા કહ્યું. તેમને એવા સારા સમાચાર ન આપી શકી કે કશું ગંભીર નથી. એ પરીક્ષણોથી જણાયું કે દીપાને 'હોજકિન્સ ડીસીઝ' હતો જેનો બીજો તબક્કો ચાલવા માંડ્યો હતો.

બંનેના ચહેરા ઉપર ચિંતા સ્પષ્ટ હતી જ્યારે તેઓ સલાહ માટે ફરીથી આવ્યાં. મેં કહ્યું, હું 'દિલગીર છું પરંતુ મારે તમને

જણાવવું રહ્યું કે દીપાને હોજકિન્સ કૅન્સર થયું છે અને તબક્કો બીજો આવી ગયો છે. આપણે તેની સારવાર કરી શકીએ અને અલબત્ત તેનું નિવારણ પણ થશે જ.' થોડું અચકાઈને મેં સલુકાઈથી ઉમેર્યુ, 'પણ...દીપા કદાચ પછીથી ગર્ભ ધારણ કરી નહીં શકે. જો કે કેટલીક સ્ત્રીઓ કરી પણ શકે છે ખરી.' અશોક તરત બોલ્યો, 'ડૉક્ટર, કશો વાંધો નહીં...એવાં કેટલાંય દંપતીઓ છે જેઓ સામાન્ય હોવા છતાં બાળક વિનાનાં રહે છે. જો જરૂર હશે તો અમે કોઈ બાળક દત્તક પણ લઈ શકીએ ને ? અત્યારે તો દીપાની જિંદગીનું જ પ્રથમ મહત્ત્વ છે.' આ સાંભળીને દીપા રડવા લાગી. આ બધું તેને થઈ રહ્યું છે તે હકીકત તે માની શકતી નહોતી. તેની તો દુનિયા જ જાણે ભાંગી પડી. તે ધ્રૂસકાં ભરવા લાગી. આ 'સાચું નથી ! મારી જિંદગી મેં હજી હમણાં તો શરૂ કરી ! ભગવાન આવો ક્રૂર પણ થઈ શકે છે ?' તે પોતાની લાગણીઓ ઉપર કાબૂ ન રાખી શકી.

અશોક દીપાને ઘેર લઈ ગયો અને તેને કહે, 'આમ જો, દીપા ! હું જાણું છું કે આ પરિસ્થિતિ તારે માટે કપરી છે અને બીજાને સલાહ આપવી ઘણી સહેલી છે એ હું સમજું છું. પણ આપણે હકીકતનો સામનો કરવો જ રહ્યો. આ રોગનું નિદાન આટલું જલદી થયું તે માટે ભગવાનનો આભાર માનવો જોઈએ. ડૉક્ટરે કહ્યું છે ને કે તારું જીવન જોખમાયું નથી ! આપણે અત્યારે ભવિષ્યનું કશું નહીં વિચારવાનું. પહેલાં આપણે સારવાર શરૂ કરી દેવાની અને બાકીનું ભગવાન ઉપર છોડી દેવાનું. તું શાંતિ રાખે તે જરૂરી છે ! તું હકારાત્મક વિચારો જ કર. બધું બરાબર થઈ જશે.' કહેતાં તેણે દીપાને બથમાં લીધી અને તેનાં આંસુ લૂછ્યાં.

દીપાને કીમોથેરપીની સારવાર થઈ અને ત્રણ વર્ષ પછી તે નિયમિત ચેકઅપ માટે આવી. તેની પ્રગતિ સારી હતી. ત્યાર પછીની બીજી મુલાકાત વખતે મને તે ખુલ્લા દિલે પૂછવા લાગી,

'ડૉક્ટર, સારવાર શરૂ કર્યાને હવે તો ત્રણ વર્ષ થઈ ગયાં. શું હવે મારાથી બાળક માટે પ્રયત્ન થઈ શકે ?' તેને ખૂબ ઇચ્છા હતી. સ્વાભાવિક બાબત જ હતી. પણ મેં આ વાતને સમર્થન આપ્યું ત્યારે અશોક સહેજ અકળાયો. તે કહે, 'ડૉક્ટર, જો પરીક્ષણો એ સાબિત કરે કે દીપાને ગર્ભ રહી શકે તેમ નથી તો તેને ખૂબ આઘાત લાગશે. એવું જાણી જોઈને શા માટે દુખ ઊભું કરવું ?' તેની ચિંતા પણ યોગ્ય જ હતી. પણ દીપા વચ્ચે બોલી ઉઠી, 'અસોક, ચિંતા ન કરો. મેં ઘણો સંઘર્ષ કર્યો છે, હવે હું કોઈ પણ બાબતનો સામનો કરવાની તાકાત રાખું છું. જો પરીક્ષણો નકારાત્મક આવશે તો પણ મને અસર નહીં થાય અને હું તેને સાચી રીતે જોઈશ. પ્લીઝ, એટલા ખાતર થઈને જ પરીક્ષણોની ના ન પાડશો !'

દીપાની વાતની હું કદર કરી શકી અને અલબત્ત, વિધાતાદેવીએ તેના પ્રત્યે પ્રેમ જ દેખાડ્યો. બધાં પરીક્ષણો અને તપાસોથી જણાઈ આવ્યું કે દીપા માતા બનવાને સક્ષમ હતી !

બે વર્ષ પછી હું દીપાને મળી જ્યારે તે બાળક માટેનાં કપડાં ખરીદી રહી હતી. મને જોઈને તે ઘણી ઉત્સાહિત થઈ ઊઠી અને કહે, 'ડૉક્ટર, હવે બે જ મહિનામાં બાળક આવશે અને મારા ડૉક્ટરે મને કહ્યું છે કે બાળકને કશી તકલીફ નથી.' મેં તેને સુરક્ષિત પ્રસૂતિ માટે આશિષ આપ્યા અને તે કેટલી ખુશ હતી તે તો તદ્દન સ્પષ્ટ હતું.

બે મહિને દીપાને બેબી આવી જેનું નામ તેણે રાખ્યું 'અનન્યા'. બંને જણ બેબીને લઈને મને મળવા આવ્યાં અને મેં તેને આશિષ આપ્યા. તેઓ અતિશય ખુશ હતાં અને તેમને ખુશ જોઈને હું પણ ખૂબ આનંદિત બની હતી. આમ, કૅન્સર એટલે હરહમેશ કોઈ મોતની સજા નથી હોતી, જો તેને સમયસર ઓળખી લેવાય અને તરત તેની યોગ્ય સારવાર મળે તો તેનું નિવારણ પણ થઈ શકે છે અને દર્દી પછીથી સામાન્ય જીવન વીતાવી જ શકે છે.

# ૧૩. લડત આપવાનું મનોબળ

**“સતત અને દૃઢતાથી કરેલા પ્રયત્નો બધા પ્રતિરોધોને વેરવિખેર કરી નાખે છે અને બધા અવરોધોને દૂર કરી દે છે.”**

**– ક્લૉડ એમ. બ્રીસ્ટૉલ**

ઍન્જેલા માત્ર ૨૨ વર્ષની હતી. બે મહિના પહેલાં તેનાં લગ્ન રોબર્ટ સાથે થયાં. તેની માતા સ્ટેલાને ૧૦ વર્ષ પહેલાં સ્તન કૅન્સર થયેલું અને તે જેમ બને એમ જલદી ઍન્જેલાને પરિણિત જોવા ઈચ્છતી હતી. તેની ઈચ્છાને માન આપીને ઍન્જેલાએ પણ સંમતિ આપી અને તેને રોબર્ટ પણ ગમી ગયો. શહેરના ચર્ચમાં તેમનાં લગ્ન લેવાયાં અને સહુને આનંદિત કરી દીધાં. સ્ટેલા ખુશ હતી એટલું જ નહીં, પણ એને એ સંતોષ પણ હતો કે તેની તબિયત ફરી ગમે ત્યારે લથડે તો પણ હવે તો પોતાની દીકરી પ્રત્યેની ફરજ પૂરી કરી દીધી હતી.

ઍન્જેલા પોતાની માતાના રોગ વિશે જાણતી જ હતી તેની તબિયતની ચિંતા હંમેશાં કરતી રહેતી. તેને વળી ચિંતા એ બાબતે પણ હતી કે સ્તન કૅન્સર વારસાગત પણ હોઈ શકે છે. આજકાલ સ્ત્રીઓમાં સ્તન કૅન્સર અંગે જાગૃતિ વધી છે, જેને માટેનું શ્રેય ડૉક્ટરોએ ચલાવેલાં તેને લગતાં જાગૃતિ અભિયાનોને જાય છે ! જાહેરાતો પણ ઘણી થાય છે અને હૉસ્પિટલો પણ એ વાતે ખૂબ ભાર મૂકે છે કે સ્ત્રીઓએ નિયમિત રીતે એનું ચેકઅપ કરાવવું જોઈએ. આ ઉપરાંત, ઘણી પત્રિકાઓ પણ વહેંચાય છે જે સ્ત્રીઓ કેટલી આસાનીથી સ્વ-પરીક્ષણ વડે પણ એ જાણી શકે છે કે શું તેના સ્તનમાં કોઈ ગાંઠ છે અને ચેકઅપ કરાવવું પડે એમ છે કે નહિ. ઍન્જેલા આ બાબતે વધુ ચોક્કસ રહેતી હતી કેમ તેને

ખ્યાલ હતો કે તેને આ રોગ થવાની વધુ શક્યતા રહેલી છે.

એ જ રીતે એક સવારે સ્નાન કરીને તેણે સ્તનોનું સ્વ-પરીક્ષણ કર્યું ત્યારે તેને લાગ્યું કે જમણા સ્તનમાં નાની ગાંઠ કે ગઠ્ઠો થયો છે. તરત માનો વિચાર આવતાં તે ચિંતિત બની ગઈ. રડતી રડતી તે બહાર આવીને રોબર્ટને હાક મારીને બોલાવ્યો, 'રોબર્ટ, મને આ જમણા સ્તનમાં જરા ગાંઠ જેવું લાગે છે. નાની છે, પણ..મને ચિંતા થાય છે.'

રોબર્ટ તેને કહ્યું, 'તારી કલ્પનાને દોડાવીશ નહિ. એવો કોઈ નિશ્ચિત નિયમ નથી હોતો કે તારી માને થયું તેથી તને સ્તન કૅન્સર થવું જ જોઈએ અને ચિંતા ન કર. આજે જ અહીંના ડૉક્ટર પાસે જઈને તપાસ કરાવી લઈશું !'

એ જ દિવસે સાંજે તેઓ ત્યાંનાં ડૉક્ટરને મળ્યાં. તેણે ઍન્જેલાને તપાસીને કહ્યું કે કશું નથી. કદાચ ઍન્જેલાને બીક પેસી ગઈ છે, એવું તેણે ભાર મૂકીને કહ્યું. રોબર્ટ અને ઍન્જેલા ઘેર પાછાં ફર્યાં. રોબર્ટ કહે, 'હું મહોતો કહેતો ? કદાચ તું આ વિશે બહુ વિચારે છે. તું એવું બધું ભૂલી જા અને શાંતિ રાખ.' ઍન્જેલાનો વહેમ સાવ ગયો તો નહીં, પણ તે વિચારને લાંબો ચલાવવાનું તેણે મુલવતી રાખ્યું. જીવન પસાર થવા લાગ્યું.

થોડા મહિના વહી ગયા. ઍન્જેલાના મનમાં ડર તો હતો જ. ફરી તેણે પોતાનું પરીક્ષણ કર્યું. ત્યારે તેણે જોયું કે ગાંઠ મોટી થઈ હતી. તેણે તરત જ રોબર્ટને કહ્યું, 'હું ખરેખર ડરું છું. મને લાગે છે કે ગાંઠ મોટી થઈ છે. આપણે બીજા ડૉક્ટરનો મત લઈએ તો કેમ ? તને શું લાગે છે, રોબર્ટ ?'

હવે રોબર્ટને પણ થોડી ચિંતા થવા લાગી. તેને થયું કે હવે વધુ વખત ગુમાવવો જોઈએ નહીં. તે ઍન્જેલા સાથે સંમત થયો અને

કહે, 'તને એ ઠીક લાગે છે કે આપણે કોઈ કૅન્સર નિષ્ણાતને જ બતાવીએ ?' ઍન્જેલાને પણ એ વાત ડહાપણ ભરેલી લાગી.

બીજે જ દિવસે તેમણે મારી સાથે મુલાકાત ગોઠવી. મેં તેની પૂરી તપાસ કરી, તેનો પારવારિક ઈતિહાસ જાણી લીધો અને પછી ઍન્જેલાને કહ્યું, 'તારી માતાને સ્તન કૅન્સર નીકળ્યું હતું તેથી તારે પણ આ સંયોગોમાં બાયોપ્સી કરાવી લેવી હિતાવહ રહેશે.' બંને જણાં સંમતિ આપી અને જેની બીક હતી તે મુજબ રિપોર્ટમાં ઍન્જેલાને ખરેખર જમણા સ્તનમાં કૅન્સર હતું તેવું નિદાન આવ્યું. પણ તેમાં સાંત્વન આપતી બાબત એ હતી કે તે નિદાન વહેલા તબક્કે અને બહુ જલદી થઈ ગયું હતું.

બંને જણને મેં સલાહસૂચન માટે બોલાવ્યાં અને બાયોપ્સીના પરિણામોની વાત કતી. ઍન્જેલા રડવા લાગી અને કહે, 'ડૉક્ટર, મને ખબર હતી અને મને ડર પણ હતો... ખાસ તો મારી માનો કિસ્સો જોયા પછી...' મેં તેને કહ્યું 'સેહેજે ચિંતા ન કરતી...તમે ખરે સમયે સારવાર માટે આવી ગયાં છો. તને ચોક્કસ સારવાર મળી જશે. તારે માત્ર એ સારવારને સહન કરવાની શક્તિ અને હિંમત રાખવાનાં છે.'

રોબર્ટ અને ઍન્જેલા બહુ હતાશા થતાં ઘેર પાછાં ફર્યાં. ઍન્જેલાને તો કેમે કરીને શાંત રખાતી જ નહોતી. પણ કોબર્ટે તેને ખૂબ સધિયારો આપ્યો. તે કહેતો રહ્યો, 'જરાય હિંમત હારીશ નહિ. આપણે તો નસીબનો આભાર માનવો જોઈએ – કમ સે કમ આ રોગનું નિદાન શરૂઆતના જ તબક્કે થઈ તો શક્યું. હું જાણું છું કે તને લાગી આવે જ... હું સમજું છું... પણ આપણી પાસે બીજો કોઈ વિકલ્પ પણ ક્યાં છે ?' તેણે ઍન્જેલાને ખૂબ પ્રેમથી મનાવી,

ઍન્જેલાને શસ્ત્રક્રિયા અને કીમોથેરાપીની સારવાર આપવામાં આવી. તેનો પ્રતિભાવ પણ સારો આવી રહ્યો હતો. ત્યાં અચાનક 'કાર્ડિયોમાયોપથી'ને લીધે તેને 'કાર્ડિયાક ફેલ્યોર' થયો. હૃદય બંધ પડવા લાગ્યું, પરંતુ તુરંત સારવાર અને દવાઓને લીધે તેનું હૃદય ફરી સ્થિર થયું. હવે તે લગભગ સામાન્ય જીવન વીતાવે છે અને કામ પણ કરે છે. સ્તન કૅન્સરના નિદાનને હવે તો પાંચ વર્ષ વીતી ગયાં છે.

રોબર્ટ અને ઍન્જેલા નિયમિત ચૅકઅપ માટે આવ્યાં. હવે ઍન્જેલાને એક ઈચ્છા હતી, 'ડૉક્ટર ! હવે જ્યારે હું સાવ સામાન્ય જીવન વીતાવું છું તો શું મને બાળક થઈ શકે ?' મેં તેને એક સ્ત્રીરોગનિષ્ણાત પાસે જવા સૂચવ્યું અને સાથે જ એક હૃદયરોગના નિષ્ણાતની પણ સલાહ લેવા કહ્યું. એ હૃદયરોગના નિષ્ણાતે કહ્યું, 'ઍન્જેલા, હવે કોઈ સમસ્યા નથી. તારી ઈચ્છા હોય તો તું માતા બની શકે છે. પણ તેની બે શરતો છે...' ખૂબ ચિંતા સાથે ઍન્જેલાએ પૂછ્યું, 'એ કઈ શરતો છે ડૉક્ટર ? મારે શું કરવાનું છે ? બાળક માટે હું તમે કહો તે કરવા તૈયાર છું !' ડૉક્ટરે હસીને કહ્યું, 'બહુ અઘરી શરતો નથી... તારે માત્ર નિયમિત ચેકએપ માટે આવવાનું અને તારે સીઝેરિયન પદ્ધતિથી જ પ્રસૂતિ કરાવવી પડે તેમ છે, બસ !' ઍન્જેલાએ આ સાંભળીને નિરાંતનો શ્વાસ લીધો.

થોડા મહિનાઓ પછી ઍન્જેલાને ગર્ભ રહ્યો. પૂરા માસે સીઝેરિયન પદ્ધતિથી તેને એક બાળકી અવતરી ! એ દંપતીની ખુશીનું તો અનુમાન જ લગાવવું રહ્યું. આટલા બધા સંઘર્ષો પછી ઍન્જેલા માતા બનીને એક પૂર્ણ સ્ત્રી બનવાની ખુશી માણી રહી હતી.

મેં તેના નિશ્ચય અને મનોબળની કદર કરી. સામે આટલા પડકાર આવ્યા તો પણ તે હવે સામાન્ય જીવન વીતાવતી હતી, એટલું

જ નહીં કામે પણ લાગી હતી. ઍન્જેલા માત્ર હિંમતવાન જ નહીં બુદ્ધિશાળી પણ હતી. તે જાણતી હતી, સમજી શકી હતી, કે માતાના ૧૦ વર્ષ પહેલાના સ્તન કૅન્સરના ઇતિહાસને કારણે તે પોતે પણ એ રોગનો ભોગ બની શકે તેમ હતું. તેથી જ જ્યારે પોતના સ્તનમાં તેને સહેજ નાનો ગઠ્ઠો જણાયો કે તરત તે ચેતી ગઈ. તેણે યોગ્ય સમયે નિર્ણય લીધો કે કૅન્સર નિષ્ણાતને બતાવવું જ જોઈએ. કદાચ એ કારણે જ તેનું જીવન બચી ગયું !

# ૧૪. પ્રભુની અજબ લીલાઓ

**"આશાવાદ એક એવી શ્રદ્ધા છે જે સિદ્ધિ મેળવી આપે છે. આશા અથવા આત્માવિશ્વાસ વગર કશું સિદ્ધ થઈ શકતું નથી."**

**— હેલન કેલર**

સંજીવ રેડ્ડી એક સફળ ઠેકેદાર હતા. લગભગ ૪૫ વર્ષની વયમાં તેમણે સતત પ્રગતિ કરી હતી. તેમનું લગ્ન અમરાવતી સાથે થયેલું અને તેમને બે નાની દીકરીઓ પણ હતી. આમ તેમનું એક આદર્શ કુટુંબ કહી શકાય. દયાળુ પ્રકૃતિ ધરાવતા સંજીવ રેડ્ડી હંમેશાં કહેતા કે 'ભગવાન વેંકટેશ્વરે મારા પર કૃપા રાખી છે અને મેં જે કશું મેળવ્યું છે તે તેઓની જ કૃપાને કારણે શક્ય બન્યું છે.'

એક સવારે સ્નાન કરતી વખતે તેમને પોતાની છાતીમાં એક ગાંઠ જણાઈ. એ શું હોઈ શકે તેનો વિચાર કરતાં તેમણે પોતાના કુટુંબના ડૉક્ટરની સલાહ લેવાનું વિચાર્યું. પણ પછી તેને બહુ મહત્ત્વ ન આપ્યું, કેમ કે એક મહત્ત્વના પ્રૉજેક્ટમાં તેઓ વ્યસ્ત બની ગયા. પોતાની પત્નીને પણ નાહક ચિંતા થાય, એમ માનીને તેને પણ ન જણાવ્યું. તેઓ કામમાં એટલા વ્યસ્ત બન્યા કે ડૉક્ટર પાસે જવાનો પણ સમય ન મળ્યો.

આમ જ દસેક દિવસો વીત્યા. તેમણે જોયું કે ગઠ્ઠો મોટો થયો હતો. આને લીધે હવે તેમને ખરી ચિંતા થઈ. તેમણે વિચાર્યું, 'મારે હવે વધુ વાર ન જોવી જોઈએ. આ જે કશું હોય, પણ આજે તો ડૉક્ટરને ચોક્કસ બતાવું.' સાંજે પોતાનું કામ સહેજ જલદી આટોપીને તેઓ ડૉક્ટર પાસે પહોંચ્યા. ડૉક્ટરે તપાસ્યા અને ગઠ્ઠા વિશે સવાલો કર્યા. સંજીવ રેડ્ડી કહે, 'બે-એક

અઠવાડિયા પહેલાં મેં તેને જોયો. મારા કામમાં વ્યસ્ત હોવાથી વહેલો આવી ન શક્યો. પણ મને લાગે છે કે તેનું કદ વધ્યું છે, એટલે મને ચિંતા થઈ અને લાગ્યું કે હવે સલાહ લેવામાં વાર ન કરવી જોઈએ.' ડૉક્ટરે કહ્યું, 'મિ. રેડ્ડી, તમારે એક કૅન્સર નિષ્ણાતની સલાહ લેવી જોઈએ.' આ નામ સાંભળતાં જે રેડ્ડી ક્ષુબ્ધ બન્યા. ડૉક્ટરે તેમને દિલાસો આપતાં કહ્યું કે 'એ તો આપણે આ ગઠ્ઠો કૅન્સરનો છે એવી શંકા દૂર કરવા માટે જ છે.'

રેડ્ડી ઘેર ગયા ત્યારે તેમના મોં ઉપર વિષાદ જોઈને અમરાવતીએ પૂછ્યું 'તમને શું થયું છે ? કેમ તમારું મોં પડી ગયું છે ? શું કામની જગ્યાએ કોઈ સમસ્યા આવી ગઈ છે ? જે હોય તે વિશે મારી સાથે વાત કરો. તો તમને સારું લાગશે, ભાર હળવો થશે.' આવા શબ્દો સાંભળી રેડ્ડીની આંખમાં આંસુ આવ્યાં અને કહે, 'અમરા ! મારી છાતી ઉપર એક નાનો ગઠ્ઠો છે જે થોડો મોટો થયો લાગે છે. એટલે હું આપણા કુટુંબના ડૉક્ટરને મળવા ગયેલો. તેમણે સુચવ્યું છે કે મારે કૅન્સર નિષ્ણાતની સલાહ લેવી. મને એ વાતે બહુ ડર લાગે છે કે એ કૅન્સર હશે તો ?' અમરાવતીએ પતિને દિલાશો આપતાં કહ્યું, 'ચિંતા ન કરષો. આપણે તરત જ એમની સલાહ લઈએ અને પછી શું કરવું તે ઠરાવીશું. આપણા ભગવાન વેંક્ટેશ્વર આપણો સાથ કદી ન છોડે.'

કુટુંબના ડૉક્ટરે રેડ્ડીને મારું નામ સૂચવ્યું. તેથી તેઓને મેં બીજે દિવસે બોલાવ્યા. સંજીવ રેડ્ડી અને તેમનાં પત્ની અમરાવતી બંને આવ્યાં. તેમની ફરિયાદ મેં સાંભળી અને તપાસ્યા. નિયમ મુજબનાં પરીક્ષણો અને તપાસ પછી તેમને છેક ચોથા તબક્કાનું કૅન્સર હોવાનું જણાયું. મેં બંનેને બોલાવ્યાં અને જણાવ્યું, 'મિ.

રેડ્ડી ! મને ખબર છે કે આ સમાચારથી તમને આઘાત લાગશે, પણ જે ડર હતો તે મુજબ આ ગઠ્ઠો કૅન્સરનો છે અને રોગ ચોથા તબક્કે પહોંચી ગયો છે.' રેડ્ડીને ઘણો જ આઘાત લાગ્યો અને એ માનવા જ તૈયાર ન થાય કે આ તેમની સાથે બની રહ્યું છે. તેમની પત્ની પણ રોવા લાગ્યાં. પણ થોડા વખતમાં જ સ્વસ્થ થઈને તેમને પૂછ્યું, 'ડૉક્ટર ! શું આનું નિવારણ છે ?' મેં કહ્યું, 'આ તબક્કે હવે નિવારણ શક્ય નથી રહ્યું. પણ તમારે સઘન કીમોથેરપી સારવાર લેવાની રહેશે.' સારવારના સારા અને ખોટા પ્રભાવો વિશે મેં તેમને સમજણ આપી અને નિર્ણય લેવા અને બે દિવસ પછી મારો સંપર્ક કરવા કહ્યું.

રેડ્ડી અને તેમનાં પત્ની ઘણાં હતાશ થયાં હતાં. રેડ્ડીને તો વળી કુટુંબની ચિંતા થવા લાગી હતી. 'ભવિષ્યનું શું ? મારે બે નાનાં બાળકો છે ! મારી પત્ની અને બાળકોને આર્થિક રીતે સુરક્ષિત તો રાખવાં જ જોઈએ ને ? ઓ પ્રભુ ! મને રસ્તો દેખાડો !' તેઓ પ્રાર્થના કરતા રહ્યા.

બીજે દિવસે તેઓ એકલા જ મારી પાસે હૉસ્પિટલે આવ્યા અને પૂછે, 'ડૉક્ટર, થોડી મિનિટો મારી સાથે વાત કરશો ?' મેં કહ્યું, 'અલબત્ત. તમે અંદર આવો !' તેઓ થોડો વખત મૌન રહ્યા અને પછી કહે, 'ડૉક્ટર, મેં મારા લગભગ બધા ધનનું - અંદાજે બે કરોડ જેટલા ધનનું - હવે બે વર્ષ પછી પૂરા થનારા પ્રૉજેક્ટમાં રોકાણ કર્યું છે. તેનાથી થનાર નફાની આવકમાંથી મારા કુટુંબને મારા મૃત્યુ પછી પણ સારી રીતે રાખી શકે તેવું ભંડોળ એકઠું થશે.' આટલું કહેતાં તેમના ગળામાં સહેજ ડૂમો ભરાયો. પછી વિનંતીના સૂરે આગળ કહેવા લાગ્યા, 'ડૉક્ટર ! મને ફક્ત જીવનનાં બે વર્ષ આપો.' તેમને લાગતી ધાસ્તી હું સમજી શકતી હતી. મેં હસીને કહ્યું, 'મિ. રેડ્ડી, આશા કદી ન છોડશો... બધું

લૂંટાઈ ગયું નથી. પહેલાં તો આપણે સારવાર શરૂ કરીએ અને જોઈએ તમારી પ્રગચી કેવીક રહે છે !'

બીજા અઠવાડિયાથી સારવાર શરૂ થઈ ગઈ, જે ખાસ્સી સઘન હતી. પણ મિ. રેડ્ડીએ સારો પ્રતિભાવ આપવા માંડ્યો અને સારવાર પૂરી પણ થઈ. એક વર્ષની એ સારવાર પછી તેઓ તો ખરેખર રોગમુક્ત જ થઈ ગયા !!

તેમની જે કામના હતી તે મુજબ તેમણે પોતાનું પ્રૉજેક્ટ પૂરું પણ કર્યું અને કટુંબ માટે એક ભંડોળ પણ બનાવ્યું. તેમને એ વાતે નિરાંત થઈ કે તેમને જે જોઈતું હતું કે મેળવી શક્યા. હવે તો છેલ્લાં ત્રણ વર્ષથી તેઓ નિયમિત ચેકઅપ માટે આવતા રહે છે. મિ. રેડ્ડી સાચે જ એક સુખી વ્યક્તિ હતા ! તેઓ હંમેશાં કહેતા હોય છે – ભગવાન વેકટેશ્વરે અને ડૉક્ટરોએ તેમને નવજીવન આપ્યું છે. જાણે એક 'બોનસ' છે ! એમ તેઓ કહે છે. 'હવે જ્યારે મારી ઈચ્છા પૂરી થઈ જ છે તો દરેક દિવસ મને જાણે એક બોનસ જેવો મળ્યો હોય તે રીતે હું જીવન વીતાવીશ અને અંતને પણ આવકારવા તૈયારી રાખીશ.'

મને એ દિવસ હજી યાદ છે જ્યારે કૅન્સરના નિદાન થયા પછીના દિવસે તેઓ મારા રૂમમાં આવ્યા હતા. તેઓ અતિશય વ્યથિત હતા અને પોતાના જીવનને ફક્ત બે વર્ષ માટે પણ લંબાવવાની વિનંતી કરી રહ્યા હતા. આજે તેઓ ખુશ અને સંતુષ્ટ માણસ છે ! ખરેખર, પ્રભુની લીલા અજબ હોય છે !!

# ૧૫. સતત પ્રયાસ સફળ બને છે

**"સતત પ્રયાસ અને ખંત સફળતાનાં મહાન તત્ત્વો છે. જો તમે દરવાજે લાંબા સમય સધી અને પૂરતા અવાજ સાથે ટકોરા માર્યા કરશો તો કોઈ ને કોઈ (દરવાજો ખોલવા) જરૂર ઊભું થશે."**

**– એચ. ડબ્લ્યુ. લોન્ગફેલો**

અવિનાશ સોળેક વર્ષનો છોકરો હતો. પોતાના દીકરાને સારું ભણતર મળે તે માટે તેનાં માતાપિતા - મીનાક્ષી અને શિવરામ - ખૂબ મહેનત કરતાં હતાં. અવિનાશ એક ક્રિકેટર હતો અને શાળા તરફથી સ્પર્ધાઓમાં ભાગ પણ લેતો હતો. માબાપે અવિનાશને ક્રિકેટ રમવા માટે પ્રોત્સાહન જ આપ્યું કેમ કે પાછળથી કૉલેજોમાં પ્રવેશ મેળવતી વખતે સ્પોર્ટ્સ ક્વોટામાં પણ તેની ગણતરી થતી હોય છે. અવિનાશ ભણવામાં તેજસ્વી હતો અને જાણતો હતો કે તેને માટે માબાપ કેટલો સંઘર્ષ કરી રહ્યાં હતાં.

શાળા માટે રમાતી એક સ્પર્ધામાં અવિનાશ ફિલ્ડિંગ કરતાં કરતાં પડી ગયો અને ઘૂંટણમાં તેને ઈજા થઈ. ઘૂંટણમાં સોજો આવ્યો અને તેને ડૉક્ટર પાસે લઈ જવાયો. હાડકું ભાગ્યું નહોતું એટલે કેટલીક દવાની ગોળીઓ તેને આપવામાં આવી. એક પખવાડિયા પછી પણ સોજો ઉતર્યો નહીં. હવે તેને ઓર્થોપેડિક ડૉક્ટર પાસે લઈ ગયા. તેમનો મત થયો કે ત્યાં ગાંઠ હોવી જોઈએ અને તેની પૂરી તપાસ જરૂરી છે. તેમણે એમ પણ કહ્યું કે સાથે સાથે એક કૅન્સર નિષ્ણાતની પણ સલાહ લેવી અને મારા ઉપર એક પત્ર લખી આપ્યો.

અવિનાશના માબાપે મુલાકાતનો સમય લીધો. તેઓ અવિનાશને લઈને આવી પહોચ્યાં. મેં પૂછ્યું, 'શું થયું હતું ?' શિવરામે મને

જણાવ્યું, 'ક્રેકેટ રમતો હતો ત્યારે અવિનાશ એક કેચ પકડવામાં સંતુલન ખોઈ બેઠો અને લપસીને પડી ગયો. અમારા ડૉક્ટર પાસે લઈ ગયાં ત્યારે તેમણે અમુક દવાઓ આપી, પણ સોજો ઉતર્યો નહીં. એટલે તેમણે અમને તમારી પાસે મોકલ્યાં છે. શું હશે, ડૉક્ટર ! મને ચિંતા થાય છે. અવિનાશે તેના દસમા ધોરણની પરીક્ષા પણ આપવાની છે હજી !' 'હું પહેલાં તેને તપાસી લઉં, બરાબર !' એમ કહીને મેં તેને તપાસ્યો, તો જોયું કે તેના ડાબા પગે ઉપરની બાજુએ સોજો હતો. મેં મિ. શિવરામને કહ્યું, 'આ સોજાનું ચોક્કસ કારણ શું હોય તે જાણવા થોડું મૂલ્યાંકન કરવું પડે, પરીક્ષણો લેવાનાં આવે.' તેઓ તે માટે તરત જ તૈયાર થયાં. મૂલ્યાંકન થયું અને જણાયું કે તેને હાડકામાં ગાંઠ હતી - એક આક્રમક કૅન્સરની ગાંઠ. માંડ ૧૬ વર્ષના એ છોકરાની મને ખૂબ દયા આવી ગઈ. પણ વાત જણાવ્યા સિવાય છૂટકો નહોતો.

બીજે દિવસે મેં શિવરામને બધી વાત જણાવી અને તેઓ સ્તબ્ધ બન્યાં. મીનાક્ષી તો રડવા જ લાગી. પછી મેં કહ્યું, 'આ વાત પચાવવી અઘરી જ છે, પણ એક વાત સારી એ છે કે આ ગાંઠ શરીરમાં બીજા ભાગમાં ફેલાઈ નથી.' શિવરામે પૂછ્યું, 'ડૉક્ટર ! આને માટે શું સારવાર છે ? શું તે તદ્દન સાજો થઈ જશે ? શું તેનું જીવન જ જોખમમાં છે ?' મારે તેમને બેમાંથી એખ પસંદગી કરવા કહેવાનું હતું. મેં જણાવ્યું, 'આમ જુઓ મિ. શિવરામ ! બેમાંથી એકની પસંદગી થઈ શકે છે - એક, આ પગ કાપી લેવો; અથવા બીજું, કે કીમોથેરપી આપીને પાછળથી અંગની સાચવણી માટે પ્રયત્નો કરવા.' જ્યારે પગ કાપવાની વાત આવી તે સાંભળતાં જ શિવરામ તો રોવા જ માંડ્યા. કહે, 'ડૉક્ટર ! મારા દીકરાને હું એ સ્થિતિમાં જોઈ પણ ન શકું. ઓ પ્રભુ ! ક્રિકેટ તો એને ખૂબ ગમે છે - એનું જાણે કે જીવન જ એ છે ! એને

એ જ મહેચ્છા હમેશ રહી છે કે તે પોતાના દેશ માટે કોઈ વાર રમશે ! અવિનાશ આ સાંભળી શકશે કે કેમ એ જ સમજાતું નથી.' મેં કહ્યું, 'તો પછી એક જ વિકલ્પ બાકી રહે છે - તેણે તરત જ કીમોથેરપી શરૂ કરી દેવી જોઈએ.' એ માટે થનાર ખર્ચનો આંકડો જાણીને પાછી તેમની ચિંતા વધી. તેઓ નિમ્ન મધ્યમવર્ગનાં હતાં અને સારવાર તેમને પોસાય તેવી નહોતી. છતાં મિ. શિવરામ કહે, 'ડૉક્ટરો ! પ્લીઝ અમને થોડો સમય આપો. હું ખર્ચ માટે બંદોબસ્ત કરીશ અને આપણે કીમોથેરપી શરૂ કરી જ દઈએ.'

શિવરામ અને મીનાક્ષી ભારે હૈયે ઘેર પાછાં ફર્યાં. શાળાના પ્રિન્સિપાલને તેઓ મળ્યાં અને નિદાનની વાત જણાવી. બીજે દિવસે શાળાની સવારની પ્રાર્થના સભા (એસેમ્બ્લી)માં પ્રિન્સિપાલે બીજા વિદ્યાર્થીઓને આ વાત કહીને મદદની અપીલ કરી. તેમણે ભાર મૂકીને બનતી આર્થિક સહાય કરવાનું જણાવ્યું.

અવિનાશની શાળાના મિત્રો અને બીજા વિદ્યાર્થીઓએ પોતાના પ્રદાન વડે આખી સારવાર માટેના પૈસા એકઠા કરી આપ્યા. આંખોમાં આંસુ સાથે શિવરામ મારી પાસે આવ્યા અને સારવાર શરૂ કરી દેવા કહ્યું. અવિનાશની કીમોથેરપી શરૂ થઈ. હૉસ્પિટલમાં હોવાને કારણે તે શાળામાં નિયમિત હાજરી આપી શકે તેમ નહોતો. પણ તેના વર્ગના વિદ્યાર્થીઓ રોજ તેની પાસે હૉસ્પિટલે આવતા અને શાળામાં જે ભણાવ્યું હોય તેની નોંધો તેને આપતા. પોતાના મિત્રોની આ રીતની મદદને કારણે અવિનાશ દસમા ધોરણની પરીક્ષા પણ આપી શક્યો !

એ 'ટ્યુમર' એટલે કે ગાંઠ પણ સહકાર આપતી જણાઈ - સારવારનો સારો પ્રતિભાવ અવિનાશ આપવા લાગ્યો. ફરી તેની સ્થિતિનું મૂલ્યાંકન થયું ત્યારે તેને શસ્ત્રક્રિયાની જરૂર રહી નહોતી

એવું નિદાન આવ્યું. આ ખરેખર એક સારા સમાચાર હતા, સિવાય કે ત્યાર બાદ તેણે પીડાદાયક ફિઝિયોથેરપી કરવાની હતી. ઓર્થોપિડિક ડૉક્ટરે સમજાવ્યું કે સતત પ્રયત્ન અને ભલે પીડાદાયક હોય તો પણ ફિઝિયોથેરપીની કસરતો કર્યાથી જ તેના અંગમાં મજબૂતી પાછી મળશે. અવિનાશે તેમની સલાહ માનીને એ સારવાર પણ ખંતથી કરી.

એની એ સખત મહેનત સરસ ફળદાયી નીવડી. અવિનાશ ફરી એક વાર શાળાની સ્પર્ધામાં ભાગ લઈ શક્યો. એટલું જ નહિ, સારવારને કારણે શાળામાં પૂરતી હાજરી ન આપી શકવા છતાં ય તેણે ખૂબ જ સારા માર્કે ૧૦માની પરીક્ષા પસાર કરી ! આ સમય હતો ઉજવણીનો ! શાળાના પોતાના સહાધ્યાયીઓ અને અન્ય વિદ્યાર્થીઓને અવિનાશે ખૂબ આભાર માન્યો, જેમણે તેને દરેક તબક્કે સહાય કરી હતી - ભંડોળ ઊભું કરી આપ્યું અને ભણવામાં પણ મદદ કરી. તે લોકો વિના તે આ સિદ્ધિ કદી હાંસલ કરી શક્યો ન હોત.

છેલ્લામાં છેલ્લાં સાધનોથી, બહુવિધ સારવાર પદ્ધતિઓને રેડિયોલોજીટ, પેથોલોજીસ્ટ, શૈલ્યચિકિત્સક અને દવાઓના મિશ્રિત પ્રયાસો વડે હાડકાંની ગાંઠો ને આ રીતે આપવાથી ઘણા દર્દીઓને અંગ સચવાય તેવી શસ્ત્રક્રિયા મળી શકે છે. આ વાતનો સાર એ છે કે આ રીતે વહેલું નિદાન અને બહુવિધ સારવાર ઘણાંના જીવનમાં આવતી હતાશાને જાકારો દઈ શકે છે.

# ૧૬. બધું લૂંટાઈ ગયું નથી

**'સફળતા એક સફર છે, મંઝિલ નહીં. કર્મ એ ઘણી વાર પરિણામ કરતાં વધુ મહત્ત્વનું હોય છે.'**

**– આર્થર ઍશ**

દુર્ગાને ૪૫ વર્ષ થયેલાં. તેના પતિ ગણપથી સરકારી નોકરીમાં હતા અને તેમને કિડની ખલાસ થઈ હતી તેવું નિદાન થયેલું. તેનો તબક્કો પણ એવો આવ્યો હતો કે તેમની કિડની નવી નંખાય તો જ તેઓ બચી શકે. બીજો કોઈ વિકલ્પ બચ્યો નહોતો. તેમને સંતાન નહોતાં એટલે વળી દુર્ગા એ બાબતે પણ ભય અનુભવતી હતી કે તે પતિને પણ ખોઈ બેસશે કે શું ? તેમણે પોતાની બધી બચત ભેગી કરી અને કિડની બદલાવવાનું ઠરાવ્યું. દુર્ગાએ પોતે જ કિડનીદાન નક્કી કરી લીધું.

તેણે સર્જનને આ નિર્ણય જણાવ્યો અને તેની કિડની પાછળથી અસ્વીકાર્ય ન બને તેનાં પરીક્ષણો થઈ ગયાં. કિડની પ્રત્યારોપણ સરસ પતી ગયું. દુર્ગાને સંતોષ હતો કે તે પતિને બચાવી શકી, જો કે તેને હજી સારવાર કરીને તદ્દન સ્વસ્થ તો કરવાના જ હતા. તેથી તે પતિને ખૂબ કાળજીથી સાચવવા લાગી અને ધીરે ધીરે ગણપથી પણ સાજા થયા.

પણ દુર્ગાની આ ખુશી બહુ લાંબી ન ટકી. તેને પોતાના પેટમાં અસહ્ય દુઃખાવો થવા લાગ્યો. પહેલાં તો તેને લાગ્યું કે એનું કારણ તેના ઉપર પણ થયેલી શસ્ત્રક્રિયા હશે. તેણે સર્જનની સલાહ લીધી ત્યારે તેણે ચોખ્ખું કહ્યું કે આ દર્દ માટે શસ્ત્રક્રિયા જવાબદાર ન હોઈ શકે. તેમણે સલાહ આપી કે તે એક કેન્સર નિષ્ણાતને મળીને બીજાં કેટલાંક પરીક્ષણો કરાવે તે વધુ સારું રહેશે અને તેમણે તેને મારું નામ સૂચવ્યું.

અગાઉના બધા રિપોર્ટો સાથે દુર્ગા અને તેના પતિ મારી પાસે આવ્યાં. 'તમારા ઉપર શસ્ત્રક્રિયા થઈ હોય એવું લાગે છે !' મેં વાત શરૂ કરી. દુર્ગા કહે, 'હા, ડૉક્ટર, મારા પતિને મેં કિડનીદાન કરેલું. ગયે વર્ષ તેમને કિડની નિષ્ફળ થઈ હતી તેવું નિદાન હતું.' મેં તેના રિપોર્ટો વાંચ્યા અને એ જોઈને મને ઘણો આઘાત લાગ્યો કે એક વર્ષ પહેલાં જ તેને ગર્ભાશયના કૅન્સરનું પણ નિદાન થયું હતું ! યુરોસર્જને પણ કબૂલ્યું કે તેની શસ્ત્રક્રિયા દરમિયાન એક અંડાશયમાં તેમણે એક નાની ગાંઠ જોઈ હતી અને તેમણે તેની બાયોપ્સી પણ કરાવી જેને લીધે જાણવા મળેલું કે તે મલાઇનન્ટ એટલે કે કૅન્સરયુક્ત હતી. તેમણે એ પણ કહ્યું કે દુર્ગા આ વાત જાણે છે અને તેની પાસે બધા રિપોર્ટ પણ છે.

મેં પૂછ્યું, 'દુર્ગા, શું તું જાણે છે કે તને કૅન્સરનું નિદાન થયું છે ? જેવું નિદાન થયું કે તરત જ કેમ આવી નહીં ? આખું વર્ષ કેમ રાહ જોઈ ?' દુર્ગા કહે, 'ડૉક્ટર, મારા પતિની કિડનીનું ત્યારે જ ઑપરેશન થયું હતું. મેં મારી વાત કોઈને ન કહી, કેમ કે એ વખતે મારે પોતાને માટે હૉસ્પિટલમાં રહેવું કે સારવાર લેવી એ શક્ય નહોતું. મારે પતિને સાજા કરવાના હતા અને મને થયું કે એ જ વાત મારે માટે મુખ્ય છે, બીજી બધી ગૌણ.' તેણે આગળ કહ્યું, 'વળી આ શસ્ત્રક્રિયાઓને લીધે અમારી બધી બચત ખલાસ થઈ ગઈ હતી. મને થયું કે કૅન્સરનું તો નિવારણ છે નહીં, તો એવા રોગની સારવારમાં વળી પૈસા શા માટે બરબાદ કરવા ?' દુર્ગાના અજ્ઞાન માટે મારે હસવું કે રડવું એ હું નક્કી ન કરી શકી. કૅન્સર છેવટે મોત જ આપે છે, અને તેનું નિવારણ જ નથી, દઢતાથી એ વિચાર તેના મનમાં વસી ગયેલો અને આમ વિચારવામાં દુર્ગા એકલી નથી અને કેટલાંય એવાં દર્દીઓને મેં જોયાં છે. તેમને સલાહ આપ્યા પછી જ તેમને એ ખ્યાલ આવે છે કે કૅન્સરનું પણ નિવારણ થઈ શકે - જો

તેની સારવાર બને તેટલી વહેલી કરવામાં આવે તો. મેં આ લોકોને જો કે આશ્વાસન આપ્યું, કે હજી પણ બધું લૂંટાઈ ગયું નથી અને આપણે સારવાર શરૂ કરી શકીએ છીએ. પોતે ચર્ચા કરી લે અને - એક દિવસમાં મને મળી જાય તેવું મેં કહ્યું.

આ દરમિયાન દુર્ગાના પતિ, ગણપથી, મને એકલા જ મળવા આવ્યા. તેઓ વ્યથિત થઈને રડતા હતા, ડૉક્ટર ! મને તો એ ખબર જ નહોતી કે દુર્ગાને કૅન્સર છે. તેણે મને કહ્યું જ નહીં ! હવે શું થઈ શકે એમ છે ? હવે તેને બચાવવાનો વારો મારો છે અને તેણે કેટલો તો ત્યાગ કર્યો છે ?' આટલું કહેતાં તો તેમના ગળામાં ડૂમો ભરાયો. મેં કહ્યું, 'આપણે કીમોથેરપી આપીએ અને જોઈએ કે તે કેવી પ્રગતિ કરે છે.' તેઓ કહે, 'હું એક સરાકરી નોકર છું અને મને લાગે છે કે મને રીફંડ મળી શકશે. મારી ઑફિસમાં હું પૂછી લઉં અને બને તેટલો જલદી જ તમારો સંપર્ક કરીશ.'

એક અઠવાડિયા પછી દુર્ગા અને ગણપથી આવ્યાં. પૂરતાં નાણાંની વ્યવસ્થા થઈ હતી અને દુર્ગા પણ કીમોથેરપી લેવા તૈયાર થઈ હતી. સારવાર શરૂ થઈ ગઈ, અને તેનામાં સુધારો પણ આવવા લાગ્યો. આજે પણ તે સુધારો ચાલુ જ છે. તેને લીધે તેઓને પોતાનું ઘર પણ બાંધવાની હિંમત આવી ગઈ. એનું બાંધકામ પણ પૂરું થઈ ગયું. આમ ખુશીથી છલકાતા હૃદયે તેઓ હૉસ્પિટલ આવ્યાં અને અમારી આખી ટીમને 'ગૃહપ્રવેશ'ની વિધિ માટે આમંત્રણ આપ્યું !

આટલી ગંભીર સ્વાસ્થ્યની સમસ્યાઓનો સામનો કર્યા પછી આ સમય તેમને માટે ખૂબ ખુશીનો અને ઉત્સવસમ જ હતો ને !?

# ૧૭. સ્ત્રીઓની મુક્તિ – એક દંતકથા જ ?

**'અમે સ્ત્રીત્વને ઉતારી પાડવાની એ મૂર્ખામીને નષ્ટ કરીશું !'**

**– કવિ સુબ્રમણ્યમ્ ભારતી**

આ વાત એ ઘટનાની છે જે ૧૫ વર્ષ પહેલાં બની હતી અને જેની મારી સ્મૃતિમાં એક અમીટ છાપ પડી ગઈ છે. આ ક્ષેત્રમાં ૩૦ થી વધુ વર્ષોથી હોવાને લીધે મેં વિવિધ પ્રકારના કિસ્સાઓ જોયા છે, જેમાં કેટલાક તો ખૂબ જ વ્યથિત કરી દે તેવા પણ હોય. મને લાગે છે કે મારે આ કિસ્સો અહીં વર્ણવવો જોઈએ.

એક મોટા સંયુક્ત કુટુંબમાં શકુંતલાનાં લગ્ન થયેલાં. તેમાં આઠ સભ્યો હતાં અને બે નાનાં બાળકો. તેનો પતિ વાસુ સહુથી મોટા દીકરાને આખા કુટુંબનો ભાર તેને શિરે હતો. શકુંતલા ઘણી ગભરુ હતી અને તેણે અવાજ કદી ઊંચો કર્યો નહોતો. તે એક કૃષિ પરિવાર હતો. ગામડામાં વસતો હતો અને ખેતીથી ગુજરાન કરતો હતો. તેને પરિણામે આવકનું પ્રમાણ પણ ઓછું જ હતું અને કુટુંબની સ્ત્રીઓ માટે ખૂબ કામકાજ રહેતું. શકુંતલા પહેલી વહુ અને તેથી તેના ઉપર રોજબરોજના ઘરના કામનો બોજ સહુથી વધુ રહેતો. છતાં તેણે ખેતરે પણ પતિને કામમાં મદદ કરવી પડતી. રોજના ૨૦ કલાક તે મહેનત કરતી રહેતી અને આરામનો સમય જ ન મળતો. તેમ છતાં સાલસ સ્વભાવની હોવાથી તે કદી ખાસ ફરિયાદ કરતી નહીં. તેના પતિને બીજી કોઈ વાતની તમા નહોતી સિવાય કે ખેતરનું કામ વિના અવરોધે ચાલતું રહે.

શકુંતલાની તબિયત જરા નરમગરમ થઈ. પેટમાં પીડા થવા

ઉપરાંત તેને ત્રણેક વર્ષથી લોહી પણ વચ્ચે વચ્ચે વહેતું. જ્યારે જ્યારે આ ફરિયાદ તે કરવા ઇચ્છતી ત્યારે તેનો પતિ નારાજ થઈ જતો. જ્યારે તે દર્દને અસહ્ય જણાવવા લાગી ત્યારે તે તેને પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર ઉપર લઈ ગયો. ત્યાં તેને કહેવામાં આવ્યું કે શકુંતલાને સર્વાઇકલ કૅન્સર એટલે કે ગર્ભાશયનું કૅન્સર થયું છે અને તેનો પ્રથમ તબક્કો છે. ડૉક્ટરે તેમને સલાહ આપી કે તાત્કાલિક જ તેની સારવાર શરૂ કરી દે જેથી રોગ વકરી ન જાય અને તેની જિંદગી જોખમમાં ન આવી જાય.

પણ આ ચેતવણીના શબ્દોની કોઈ અસર વાસુ ઉપર થઈ નહીં. જેવો કેન્દ્રની બહાર નીકળ્યો કે તરત તેણે કહ્યું, ‘જો શકુંતલા, હમણાં તો પાક લેવાનો સમય આવી ગયો. તારે તેમાં મદદ કરવી જ પડે. આ બધી સારવાર અને ફેન્ચી પરીક્ષણો પાછળ પૈસા ખરચવાની જરૂર નથી. જરા અમથું લોહી શું પડ્યું કે આપણને બીવડાવવા માટે ડૉક્ટરો તો આવું બધું કહે જે.’ વાસુ આગળ બોલ્યો, ‘આપણી પાસે જે કશાં નાણાં છે તે તો પાક લણવાના ઓજારો ખરીદવા માટે છે. તને તો ખબર છે જ કે ગાય પણ માંદી છે અને તેની સારવાર પહેલી ! એટલે તારી સારવારમાં પૈસા બરબાદ કરવા હું રાજી નથી. તને એ ખબર હોવી જોઈએ કે કુટુંબની સેવા એ તારી જ મરજી હોય. તું સમજે છે ને હું શું કહું છું તે ?’ તેણે સહેજ સખત થઈને કહ્યું.

શકુંતલાએ કશી દલીલ ન કરી. તે સમજતી હતી કે પતિને સમજાવવાનો કોઈ પણ પ્રયત્ન નિરર્થક જ છે. તે પોતાનું રોજનું કામ કરતી જ ગઈ. હવે તેને વધુ પ્રમાણમાં લોહી વહેવા લાગ્યું. એટલે વાસુ ત્યાંની એક દાયણ પાસે તેને લઈ ગયો. પેલીએ તેને થોડી ગોળીઓ આપી. તેમ છતાં લોહી સતત વહેતું રહેવાને પરિણામે હવે તેને બહુ થાક વર્તાતો હતો. પતિને એ વાત કહેતાં

તે ડરતી હતી અને મૂંગે મોંએ કામ કરતી જ ગઈ. એક વાર ખૂબ મહેનત પછી તે નબળાઈને કારણે મૂર્છિત બની. તેની સાસુ આવી તબિયત જોઈને ડઘાઈ ગઈ. તેના પડોશીઓએ તેને કહ્યું કે ગામમાં જ કૅન્સર નિદાનને માટે શહેરથી એક ડૉક્ટરની ટુકડી આવી છે અને હવે સહેજે સમય ગુમાવ્યા વિના જ શકુંતલાને તેમને દેખાડી દેવી જોઈએ.

સાસુ જ શકુંતલાને એ કૅમ્પમાં લઈ આવ્યાં. ડૉક્ટરોએ તપાસી અને એને કૅન્સર હોવાના નિદાનનું સમર્થન કર્યું. તેમણે એ પણ ઉમેર્યું કે એ સર્વાઇકલ કૅન્સર તો આગળના એવા તબક્કે પહોંચી ગયું છે, જેના પછી હવે રોગનિવારણ શક્ય રહ્યું નહોતું. માત્ર પીડાશામક દવાઓ જ તેને જીવનના અંત સુધી આપી શકાય જેથી આરામ રહે.

શકુંતલાની ૧૬ વર્ષની દીકરી સરોજીની આ બધા બનાવોની સાક્ષી હતી. તેને આઘાત લાગ્યો કે હવે માને બચાવવાનો કોઈ રસ્તો નથી ! તે જાણતી હતી કે માને કશીક તકલીફ થઈ છે અને ખાસ્સું લોહી વહે છે. તેણે પિતાને તેની જરૂરી સારવાર કરવા વિનંતી પણ કરી હતી, પણ વાસુએ તેને કાને ધરી જ નહીં.

જ્યારે છેવટે તેઓ મારી પાસે આવ્યાં ત્યારે શકુંતલા ૩૫ જ વર્ષની હતી અને ખૂબ પીડાતી હતી. તેની વાત સાંભળીને અને તેની સાથે થયેલી વર્તણૂક જાણીને મને ખૂબ આઘાત લાગ્યો. જે કાળજી એક ગાયને આપી શકાઈ હતી તેટલી કાળજી પણ તેને આપવામાં નહોતી આવી ! કારણ માત્ર એટલું જ કે તે એક અસહાય સ્ત્રી હતી ! પણ શું એટલે તેની આવી અવગણના કરવાની ?

સરોજીનીએ રડતાં રડતાં જ કહ્યું કે તે માના દુઃખને ઓછું કરવા કશું કરી ન શકી અને બધું થઈ રહેલું જોયા કર્યું. આ આખા પ્રસંગની અમીટ છાપ તેના મન ઉપર પડી ચૂકી છે. જ્યારે શકુંતલાએ છેલ્લા શ્વાસ લીધા ત્યારે સરોજીનીએ શપથ લીધા કે તે કોઈ એવું શિક્ષણ લેશે જે ચિકિત્સાને લગતું હોય અને પોતાનું આખું જીવન જરૂરિયાતમંદોની સેવામાં અર્પિત કરી દેશે. ડૉક્ટર બનવાના અભ્યાસની શક્યતા ન હોવાથી તે નર્સ બનવાનું શિક્ષણ લેવા લાગી અને તેને સફળતાથી પૂરું કર્યું. સર્વાઇકલ કૅન્સરના ઝડપી નિદાન માટે જરૂરી તાલીમ પણ એક ખાસ સંસ્થામાંથી તેણે લીધી.

અહીં એ કહેવું અસ્થાને નહીં ગણાય કે આપણા દેશમાં સર્વાઇકલ કૅન્સર એટલે કે ગર્ભાશયનું કૅન્સર સ્ત્રીઓ માટે પ્રથમ ક્રમનું પ્રાણઘાતક કૅન્સર નીવડેલું છે. સરોજીનીએ ઘણી સ્ત્રીઓના એ કૅન્સરનું વહેલું નિદાન થવામાં ઘણા મેડિકલ કૅમ્પોમાં મદદ કરી. તે દર્દીઓના કુટુંબોને સલાહ આપીને ઘણી સ્ત્રીદર્દીઓને ઝડપી સારવાર માટે મોકલી પણ છે. આંખમાં આંસુ સાથે તે કહે છે, 'કોઈ રીતે પણ મારી મા ના આત્માને શાંતિ મળે, એ જ મારી ઇચ્છા છે.'

કેટલીક વખત મને શંકા થાય છે - શું સ્ત્રીની મુક્તિ હંમેશાં માત્ર એક દંતકથા જ થઈને રહેશે ?

# ૧૮. પરોક્ષ ધુમ્રપાન એટલું જ હાનિકારક

**‘એક સિગારેટ વપરાશકાર માટેની એક પેદાશ છે જે તેને બતાવેલી રીતે વાપરવાથી વપરાશકાર તો સીધેસીધો જ નાબૂદ થઈ જાય છે.’**

**– ડૉ. ગ્રો હાર્લેમ બ્રુન્ટલેન્ડ**

૫૫ વર્ષની વિજયાને છેલ્લા કેટલાક વખતથી વારંવાર ઉધરસ અને હાંફની ફરિયાદ રહેતી હતી. તે બહુ કષ્ટથી શમતી. તેને થયું કે તેને દમ લાગુ પડતો હશે. એ દિવસે પતિ જ્યારે ઑફિસ જવા નીકળતો હતો ત્યારે તેણે તેમને કહ્યું, ‘શું આજે થોડા વહેલા ઘેર આવી શકશો ? મારે કુટુંબના ડૉક્ટરને બતાવવું છે...આ હાંફ વારેવારે ચડે છે તે ગમતું નથી.’ તેના પતિ બાલકૃષ્ણને જવાબ આપ્યો, ‘સારું, હું મુલાકાતનો સમય માગી લઉં છું. મેં તને કહ્યું જ છે કે તું આરામ કર અને ઘરકામ માટે આટલી ચિંતા કરીશ નહીં...પણ તું સાંભળે છે ક્યાં ?’ ઑફિસે જવાનું મોડું થતું હોવાથી આટલું કહીને તેઓ તરત જ ચાલી ગયા.

બાકીનું ઘરકામ પતાવીને વિજયા બેઠી પણ હાંફના અનુભવો ઓછા થતા હોય તેવું ન લાગ્યું. તેને થયું કે આવો કેવો રોગ હશે જે એને થયો ? તેને થોડી ગભરામણ થવા લાગી અને તે પ્રાર્થના કરવા લાગી કે કશું ગંભીર ન હોય તો સારું.

કહ્યા મુજબ તેના પતિ વહેલા ઘરે આવી પહોંચ્યા અને બંને જણાં ડૉક્ટરને મળ્યાં. તેમણે તપાસીને પૂછ્યું, ‘વિજયા, આ ઉધરસ અને હાંફ કેટલા વખતથી છે ?’ વિજયાએ કહ્યું, ‘ડૉક્ટર, આ આવે છે ને જાય છે. જે દવા ઉધરસ માટે હોય તેનો પણ કોઈ ફાયદો જણાતો નથી. હવે રાત્રે ઊંઘ પણ સરખી નથી આવતી.’ બીજાં અમુક પરીક્ષણોની સાથે છાતીનો એક ઍક્સ-રે લેવાનું ડૉક્ટરે સૂચવ્યું અને બીજે દિવસે રિપોર્ટો લઈને તેમને ફરી મળી

જવા કહ્યું.

એ રીતે વિજયા અને તેના પતિ ફરી ડૉક્ટરને મળ્યાં. ઍક્સ-રે જોઈને તેમણે કહ્યું કે તેઓ કૅન્સર નિષ્ણાતને તાત્કાલિક મળી લે તે જરૂરી છે. વિજયા આઘાત પામી ગઈ. 'ડૉક્ટર, કેમ કૅન્સરના ડૉક્ટર ? શું તમને એમ લાગે છે કે મને કૅન્સર છે ?' તેમણે ફરી કહ્યું કે વખત ગુમાવ્યા કરતાં તે ડૉક્ટરને જ પૂછીને મત લેવો સારું રહેશે. બાલકૃષ્ણન્ પણ ચિંતા કરવા લાગ્યા અને નિષ્ણાતનું નામ પૂછ્યું.

એ રીતે તેઓ બંને બે દિવસ પછી મને મળવા આવ્યાં. વિજયાને હાંફ ચાલુ હતી. મેં ઍક્સ-રે અને બીજા રિપોર્ટો જોયા. તેને મેં તપાસી અને કેટલાંક અન્ય પરીક્ષણો કરાવ્યાં. તેના રિપોર્ટો આવ્યા ત્યારે નિશ્ચિત થયું કે તેને પ્રારંભિક તબક્કાનું ફેફસાંનું કૅન્સર છે. વિજયા માની જ ન શકી. 'આ કેવી રીતે શક્ય છે ? હું તો સિગારેટ પીતી પણ નથી ! મને આ ભયંકર બીમારી કેવી રીતે ?'

મેં તેને ધીરજથી સમજાવી. 'વિજયા, માત્ર ધુમ્રપાન કરનાર જ કૅન્સરને નિમંત્રે છે એવું નથી. હકીકતમાં જેઓ ધુમ્રપાન કરે છે તેનાથી પરોક્ષ ધુમ્રપાન કરનારાને વધુ સંખ્યામાં આ કૅન્સર થાય છે !' તેના પતિએ તરત જ એક પસ્તાવાભરી નજર તેના ઉપર નાખી. ત્યાર પછી તેમણે જણાવ્યું કે છેલ્લાં ૨૦ વર્ષોથી તેઓ પોતે 'ચેઈન સ્મોકર' રહ્યા છે. પણ આ જાણીને તેમના મનમાં હાહાકાર મચી ગયો. તેઓ કહે, 'હે ભગવાન ! મને આ થાય તે સમજાય, પણ શા માટે મારી પત્નીને !' કહેતાં તેમને ગળે ડૂમો બાઝયો.

કુટુંબના તબીબી ઈતિહાસ વિશે હું તપાસ કરતી હતી ત્યારે વિજયા બોલી, 'મારા પિતા પણ 'ચેઈન સ્મોકર' હતા અને ફેફસાંના કૅન્સરને કારણ જ તેઓ પણ ગુજરી ગયા.' આમ

વિજયા આજે ૪૦-૪૦ વર્ષના એ પરોક્ષ ધુમ્રપાનનો ભોગ બની હતી અને આજે તેની કિંમત ચૂકવી રહી હતી. બાલકૃષ્ણનૂ આ વાત પચાવી ન શક્યા કે તેમણે પણ પત્નીને રોગિષ્ટ બનાવવામાં ભાગ ભજવ્યો હતો. તેમને અતિશય અપરાધની લાગણી થઈ આવી અને તેમણે એ જ દિવસથી સિગારેટ પીવી તદ્દન બંધ કરી દીધી.

તેમનો દીકરો નંદ માંડ ૨૦ વર્ષનો જ હતો અને આ અતિશય ખરાબ આદત તેને ય પડી ગયેલી. માની વાત જાણીને તેણે પણ સિગારેટ તરત જ છોડી દીધી.

આપણે સહુ આમ તો મોટે મોટેથી બરાડ્યા કરતાં જ હોઈએ છે કે તમાકુ હાનિકારક ચીજ છે, પણ લોકો સાંભળતા નથી. તેમણે એય જોવું - સમજવું ન જોઈએ કે જેઓ પોતે નથી કરતા તેવા લોકોને પણ તેમના ધુમ્રપાનના પરોક્ષ ધુમ્રપાનથી આવી મોટી સજા શા માટે મળવી જોઈએ ? પોતાનું જ કોઈ માણસ તેવો ભોગ બને ત્યાં સુધી કેમ રાહ જોવાની ભલા ? દરેક ધુમ્રપાન કરનાર વ્યક્તિએ એ જાણવું સમજવું જ જોઈએ, કે એને કારણે પોતાને ખુદને જ નહીં બલ્કે બીજાઓને માટે પણ તે ધુમ્રપાન દ્વારા સ્વાસ્થ્યનું એક મોટું જોખમ ઉભું કરી રહ્યા છે ! જાહેરમાં તો ધુમ્રપાનની સંદતર મનાઈ થવી જ જોઈએ અને તેનો ભંગ કરનારા લોકોને સજા પણ થવી જોઈએ. એમ થશે તો જ પરોક્ષ ધુમ્રપાનના કારણે કેન્સરનો ભોગ બનતા લોકોની સંખ્યા ઉપર થોડો કાબૂ આવી શકે છે.

મને ડ્યુઆન અલાન હાન્હના શબ્દો યાદ આવે છે, ‘તમે પેલી પૂરી કરેલી સિગારેટના ઠૂંઠાને ફેંકો તે પહેલાં એ યાદ કરો કે તે કેન્સરની લાકડીના છેડે એક સળગતી આગ છે. તમારી બેફિકર ક્રિયાને લીધે જે કોઈ મિલકતને નુકસાન થાય, કે જેટલાં જીવન નષ્ટ થાય, તેની જવાબદારી તમારી રહે છે.’

# ૧૯. સારવારલક્ષી પ્રયોગો (ક્લિનિકલ ટ્રાયલ્સ)

**'મને અંતઃસ્ફુરણા અને પ્રેરણા ઉપર વિશ્વાસ છે. જ્ઞાન કરતાં કલ્પના વધુ શક્તિશાળી છે. કારણ, જ્ઞાન  સીમિત છે, જ્યારે કલ્પના સમગ્ર જગતને આવરી લે છે, પ્રગતિ માટે પ્રોત્સાહિત કરે છે અને ઉત્ક્રાન્તિ અને વિકાસને જન્મ આપે છે. સુનિશ્ચિત રીતે વૈજ્ઞાનિક સંશોધનમાં આ એક વાસ્તવિક તત્ત્વ જ છે.' – આલ્બર્ટ આઈન્સ્ટાઈન**

શ્રીમતી વાસંતી ૭૦ વર્ષનાં હતાં અને અંગ્રેજી ભાષાનાં નિવૃત્ત પ્રાધ્યાપિકા હતાં. પાંચ વર્ષ અગાઉ તેમનું સ્તન કૅન્સર માટે ઑપરેશન થયેલું. તેમને હતું કે શસ્ત્રક્રિયા પછી તેમની સમસ્યા દૂર થઈ ગઈ. ત્યાર પછી તેમણે સામાન્ય જીવન પણ ગુજાર્યું. હવે, પાંચ વર્ષ વીતી ગયા પછી, એક સવારે સ્નાન કરતી વખતે તેમના ધ્યાનમાં આવ્યું કે આજ કાલ તેમને પેટના જમણા ભાગે વારંવાર દુઃખાવો થતો રહે છે. હવે તેઓ ચિંતિત બન્યાં. એક વાર કૅન્સરના નિદાન વગેરેમાંથી પસાર થઈ ચૂક્યાં હતાં એથી તેઓ જાણતાં હતાં કે આ દુઃખાવાને હવે અવગણી ન શકાય. તેમને વિચાર આવવા લાગ્યો કે શું રોગે ફરી માથું ઊંચક્યું હશે ? અત્યાર સુધીમાં ઉંમરે પણ અસર કરવા માંડી તો હતી જ. તેઓ વિચારવા લાગ્યાં, 'હે ભગવાન ! જીવનના આ સમયે વળી હું એ સારવાર કઈ રીતે સહન કરી શકીશ ? આશા રાખું કે મને જેનો ભય છે તે સાચો ન હોય !'

તેઓ ઈન્ટરનેટ વાપરી જાણતાં હતાં. તેમણે સારવારની વૈકલ્પિક પદ્ધતિઓની શોધ તેમાં આદરી. તેમને 'સારવારલક્ષી પ્રયોગો' વિશે તેમાં ભાગીદાર થવા માટે પ્રોત્સાહિત કરતો લેખ વાંચીને જિજ્ઞાસા થઈ આવી. આ બધા વિચારો લઈને તેઓ મારી પાસે

આવ્યાં. મેં પ્રાથમિક તપાસ કરી અને પછી જરૂરી પરીક્ષણો કરાવ્યાં. ફરીથી કૅન્સર હોવાનું નિદાન થયું. વાસંતીએ નિસાસો મૂક્યો. ‘હે પ્રભુ ! ફરી..ના, ના ! અને તે ય આ ઉંમરે ?’

તેમણે મને પછી પૂછ્યું, ‘ડૉક્ટર, આ સારવારલક્ષી પ્રયોગો અથવા ક્લિનિકલ ટ્રાયલ્સ શું છે ? મેં ઇન્ટરનેટમાં વાંચેલું. એ લેખ મુજબ લોકો તેમાં ભાગીદાર બને તો બહુ સારું એમ લખ્યું હતું. હેં ડૉક્ટર, તમને લાગે છે કે હું તેમાં ભાગ લઈ શકું ?’

મેં થોડી વાર વિચાર કર્યો અને કહ્યું, ‘એક મિનિટ ! હું જરા જોઈ લઉં ! હં... કદાચ હોર્મોન મેનીપ્યુલેશન માટેની ક્લિનિકલ ટ્રાયલ તમે લઈ શકો. પણ થોભો. ઉત્તેજિત ન થશો. પહેલાં આ પ્રયોગો શું છે તે હું તમને વિગતે સમજાવું, પછી તમે નક્કી કરો કે શું કરવું.’

મેં બધી વિગત સમજાવી. ‘આ પ્રયોગો થકી જ નવી સારવારપદ્ધતિ કે દવાઓને કાનૂની કે નિયમિત બનાવવામાં આવે છે. અમેરિકા અને બ્રિટનમાં ઘણા લોકો આવા પ્રયોગો માટે પોતાની ભાગીદારી નોંધાવે છે.’ મેં તેમને કેટલાંક જરૂરી દસ્તાવેજો આપ્યા અને કહ્યું, ‘વાસંતી, અહીં આપેલી બધી ઝીણી વિગતો ધ્યાનથી વાંચી-સમજી લો. કશી વાતની વધુ સમજ જોઈતી હોય તો બે દિવસ પછી મને મળી જજો, હું ચોક્કસ સમજાવીશ.’ મેં તેમને એ સલાહ પણ આપી, ‘જો તમે આ સારવારલક્ષી પ્રયોગોમાં ભાગીદારી કરવા ધારો તો તમારે તે માટે સંમતિ આપવી પડે.’ પણ મેં એ સાથે જ કહ્યું કે ‘જો તમને લાગે કે તમારી જે રીતે એ સારવાર થઈ રહી હોય તેનાથી તમે ખુશ નથી, તો એ સારવાર દરમિયાન તમારી સંમતિ ગમે ત્યારે પાછી પણ ખેંચી લેવાનો પણ અધિકાર રાખો છો.’

વાસંતીએ મારી રજા લીધી અને ઘેર ગયાં. બે દિવસ પછી ફરી મળવા આવ્યાં અને લેખિત સંમતિપત્ર સાથે જ લાવેલાં. એટલું જ નહીં, પોતાની સાથે બીજી બે એવી બહેનપણીઓને પણ લાવ્યાં જેઓ આવી ભાગીદારી માટે સંભાવના ધરાવતી હતી ! આ ઘટના ૭ વર્ષ પહેલાંની છે. એ ત્રણેય દર્દીઓ ઉપર પેલી દવા સરસ કામ આપે છે. વળી એ દવા હવે તો બજારમાં પણ આવી પહોંચી છે અને અન્ય દર્દીઓ પણ તેનો ઉપયોગ કરી શકે છે !

વાસંતીને એ વાતે ખુશ છે કે તેમણે સાચો નિર્ણય લીધો અને સારવારલક્ષી પ્રયોગમાં ભાગીદારી કરી. પરિણામો જોયા પછી હવે તો તેઓ ખુદ દર્દીઓને આ પ્રયોગોમાં ભાગીદારી કરવા પ્રોત્સાહન આપતાં રહે છે અને તે પ્રયોગો યોગ્ય રીતે થતા હોય ત્યારે કેટલા લાભદાયી નીવડે છે તે સમજાવે છે.

વિકસિત દેશોમાં સારવારલક્ષી પ્રયોગો વિશેષ પ્રમાણમાં થાય છે, જ્યારે ભારતમાં તેનું પ્રમાણ ઓછું છે. જેઓ તેમાં ભાગીદારી કરે તેને વળી આપણા લોકો ‘ગીની પીગ’ કહે છે - બલિના બકરા ! આ પૂર્વગ્રંથિ નીકળી જશે પછી જ સારવારલક્ષી પ્રયોગોમાં થોડ વેગ આવી શકે. એ સમજવું બહુ જરૂરી છે કે જીવનરક્ષક દવાઓને બજાર સુધી પહોંચાડવા માટે જરૂરી તપાસમાં આવા પ્રયોગો મૂળભૂત અને આવશ્યક સ્રોત છે અને ત્યાં સફળ નીવડેલી દવા કે સારવાર પદ્ધતિથી જ લાખો લોકોને જીવનદાન આપવાનું કઠિન કામ સરળ બની શકે છે !

# ૨૦. ભાગ્યની ક્રૂરતા

**'ઘણી વાર સહુથી વધુ ક્રૂર જૂઠાણાં મૌન વડે કહેવાય છે.'**

**– આર. એલ. સ્ટીવન્સન**

એક એનેસ્થેટીસ્ટ, ડૉ. ચંદ્રશેખરને વૃષણનું કેન્સર હતું એવું નિદાન દસેક વર્ષ અગાઉ થયેલું. તેનો ફેલાવો ફેફસાં સુધી વધેલો. તેઓ તપાસ માટે આવ્યા ત્યારે ખાસ્સા બીમાર હતા અને તેમને સઘન કીમોથેરપીની સલાહ મળી. સારવાર શરૂ થઈ અને તેમણે સારો પ્રતિભાવ આપ્યો. પોતાની આ પ્રગતિ માટે તેઓ સ્વાભાવિક રીતે ઉત્તેજીત હતા. પણ મેં તેમને ચેતવી રાખ્યા, 'જુઓ ડૉ. ચંદ્રશેખર, તમે સારવારનો પ્રતિભાવ અલબત્ત ખૂબ સારો આપ્યો છે અને હું તમારે માટે ખુશ છું. પણ તમારે નિયમિત ચેક અપ માટે આવવું તો પડશે જ. તમને ડરાવવા માટે આ નથી કહેતી. તમે તો પોતે ડૉક્ટર છો એથી એના અર્થો અને પરિણામો જરૂર સમજી શકશો. સુરક્ષિતતા ખાતર જ તમને બધું કહેવાનું છે.' તેમણે હકારમાં ડોક હલાવી અને કહે, 'ડૉક્ટર, મારે એક પ્રશ્ન છે... હવે મારો રોગ લગભગ જતો રહ્યો છે તો શું હું લગ્ન કરી શકું ?' મેમ જવાબમાં કહ્યું, 'હું દિલગીર છું, પણ હવે તમે લગ્ન ન કરી શકો... થોડો વખત જવા દો. તમારે ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી રાહ જોવી પડે અને પછી જ તમને વિશ્વાસથી અમે કહી શકીએ તે તમે રોગ મુક્ત થયા અથવા રોગની અસર લગભગ નામશેષ જ રહી છે. તેઓનું મોં પડી ગયું. પણ તેમની પાસે સલાહ માન્યા વિના છૂટકો નહોતો.

હું મારા કામમાં ફરી વ્યસ્ત બની ગઈ અને આ દર્દી વિશે લગભગ

ભૂલી પણ ગઈ. એક સવારે - આ વાતને લગભગ બે વર્ષ તો વીત્યાં હશે જ - ત્યારે તેઓ મારા દવાખાને આવ્યા અને હાંફની ફરિયાદ કરી. મેં પૂછ્યું કે શું થયેલું. ત્યારે અચકાતાં અચકાતાં તેઓ કહે, 'ડૉક્ટર, આઠેક મહિના પહેલાં મેં ઍક્સ-રે પડાવ્યો ત્યારે મેં વિચાર્યું કે તેમાં બહુ જ થોડો ચેપ છે અને મેં એન્ટિબાયોટિક દવાઓ લીધી.' આટલું બોલતાં તો તેમને ખૂબ શ્વાસ ચડી ગયો. તો પણ તેમણે એટલું ઉમેર્યું કે 'મારે કબૂલવું જોઈએ કે ત્યાં સુધીમાં મારું લગ્ન પણ નિશ્ચિત થઈ ગયું.' હું અચંબાથી તેમની સામે જ જોઈ રહી. તેઓ આગળ કહે, 'ડૉક્ટર, હવે તો લગ્ન પણ થઈ ગયું છે.' આ સાંભળીને મને તો ખૂબ આઘાત લાગ્યો. વાત જ મનાય નહીં ! કશું કહું તો ય શું કહું ? જીભ જ ન ઉપડે ! તેઓ તો વળી પોતે ડૉક્ટર ! મેં ચોખ્ખી ચેતવણી ય આપેલી ! અને છતાંય તેમણે લગ્ન કર્યું !? તેમની પત્ની માટે મને ખૂબ લાગી આવ્યું. મેં કેટલાંક પરીક્ષણો સીચવ્યાં અને બીજે દિવસે રિપોર્ટો લઈને ફરી આવવા કહ્યું.

બીજે દિવસે તેઓ પોતાની પત્નીને સાથે લાવ્યા. અનીતા નાની યુવતી જ હતી. તે ખૂબ ગભરાયેલી હતી અને થોડી વ્યાકુળ પણ હતી. રિપોર્ટો ઉપરથી ખાતરી થઈ કે તેમને ફેફસાંમાં પૂરેપૂરી રીતે રોગ વિસ્તરી ચૂક્યો છે અને તેમનું સામાન્ય સ્વાસ્થ્ય પણ કથળ્યું છે.

તેમની પત્ની ડરતી હતી કે તેઓ કુટુંબના ડૉક્ટરને બદલે એક કૅન્સર નિષ્ણાત પાસે કેમ આવેલાં ? સ્પષ્ટ હતું કે તેના પતિએ તેને પોતાના તબીબી ઇતિહાસની સાચી માહિતીથી અજાણ જ રાખી હતી !

તેમને તપાસીને મેં કહ્યું, 'મારે આ વાત કમને અને દુખી હૃદયે પણ કહેવી જ પડે તમ છે.. રોગે મોટા વેરી થઈને ફરી ઉથલો

માર્યો છે અને હવે જે કશું થઈ શકે તે છે બને તેટલો બચાવ કરવો... રોગનિવારણની શક્યતા બહુ જ ઓછી જણાય છે.' આ શબ્દો સાંભળીને તેમની પત્નીને ખૂબ જ આઘાત લાગ્યો. તે આક્રંદ કરવા લગી, તેણે પોતાના પિતાને તેડાવીને બધી વાત કહી.

બીજે દિવસે કુટુંબ મને મળવા આવ્યું. દર્દીની આજની સ્થિતિ વિશે મેં વિગતો સમજાવી અને કહ્યું કે આ વખતે જો તેઓ બચે તો તે એક ચમત્કાર જ સમજવો. આંસુઓએ હવે ક્રોધનું સ્વરૂપ લીધું. લગ્ન પહેલાં આ વાત જણાવી ન હોવાથી સસરાને હવે જમાઈ ઉપર સખત નારાજગી અને ક્રોધ આવ્યાં. પોતાની દીકરીનું જીવન બરબાદ કરવા માટે તે અતિશય ગુસ્સે થયા અને પગ પછાડતા મારા ઓરડામાંથી બહાર ચાલી ગયા ત્યારે કહેતા ગયા, 'એને પોતાનું ભાગ્ય ભોગવવા દો. મારી દીકરીને હું દુઃખી નહીં થવા દઉં. અમને છેતરવા માટેની તેને આ સજા મળી છે. હું તો એને મારી સાથે જ લઈ જવાનો.'

પિતાનો એ ક્રોધ ભલે થોડો સકારણ હતો, પણ મને લાગ્યું કે આ સમય નહોતો કે તમે દર્દીને મઝધારે એકલા છોડી દો. એટલે મેં યુવતીને થોડી સાચી સલાહ આપી. એક બાજુ તેને બોલાવી અને કહ્યું, 'અનીતા, તારા પિતાનો ક્રોધ સમજાય તેવો છે. તેમને લાગે છે કે તેમની સાથે છેતરપિંડી થઈ છે, તેમને લાગે કે દીકરીનું જીવન બગડ્યું... અને એ બધું પણ સાચું જ હશે... પણ મને લાગે છે કે તારા પતિને સજા આપવા માટેનો આ સમય નથી. તેને જેટલો મળે તેટલો ટેકો આપવાનો આ સમય છે. તે મરણને આરે છે. તો, આપણે સાથે મળીને તેને એક સારો અંત કેમ ન આપીએ... આવા સમયે ઓછામાં ઓછું એટલું તો આપણે જરૂરી કરીએ ને ?' પછી મેં થોડી વારે ઉમેર્યું, 'તું થોડો વિચાર

કરી લે... છેવટે નિર્ણય તો તારે લેવાનો છે.'

છેવટે અનીતા એ વાતે સંમત થઈ કે તે પતિની દેખરેખ છેલ્લે સુધી રાખશે. લગભગ બધી ભારતીય પત્નીઓની જેમ તેણે આ બધી ઘટનાઓને પોતાનું 'કર્મ' કે 'નસીબ' સમજી લીધું. તેણે ખરેખર પતિની દેખરેખ છેલ્લે સુધી ઘણી ચીવટથી રાખી. જ્યારે અંત આવ્યો ત્યારે તેમણે મને બોલાવી અને પત્ની પાસે હતી ત્યારે મારી માફી માગતા હાથ ફેલાવ્યા.

મને તે યુવાન છોકરી માટે ખરેખર ખૂબ સહાનુભૂતિ થઈ, જે હજી હમણાં જ અન્ય કન્યાઓની એક મુગ્ધ લગ્નજીવનનાં સ્વપ્નો લઈને આવી હતી. પરંતુ તેનાં એ સ્વપ્નાં રોળાઈ ગયાં. તેને માટે આ અનુભવ ખરેખર માનસિક આઘાતસમ હશે. અલબત્ત, સમય બહુ મોટો ચિકિત્સક છે અને કોને દોષી ગણવા ? એનો પતિ જેણે પોતાની સ્થિતિ છુપાવી ? કે તે છોકરીનું પોતાનું ભાગ્ય જેણે આ ક્રૂરતાનો અનુભવ તેને કરાવ્યો ? કોઈને આમ પણ ખબર હોતી નથી કે ભાવિમાં શું થશે. મને લાગે છે કે જીવન ખરેખર નાનાં મોટાં એવાં ખૂબ રહસ્યોથી જ ભરેલું હોય છે.

# ૨૧. અલવિદા, મારી વ્હાલી !

**‘આપણી પાછળ રહેનારના હૃદયોમાં જીવવું એટલે જ મોતનો નકાર !’**

**– થોમસ કેમ્પબેલ**

લાવણ્યા એક સરસ અને હોશિયાર છોકરી છે. તેને ૧૬મું વર્ષ હમણાં જ બેઠું ! ભણવામાં તેજસ્વી અને શાળામાં પ્રથમ ક્રમાંક સાચવતી લાવણ્યા તેના માતાપિતા જાનકી અને રવિચન્દ્રનનું એકનું એક સંતાન હતી. તેઓની આંખનું તો એ રતન હતી. તેણે કોઈ દિવસ તેમને માટે મુસીબત ઊભી નહોતી કરી અને સ્વાભાવિક રીતે તેઓ એના ઉપર જાન ન્યોછાવર કરતાં.

હમણાંની તે વારે વારે માંદી પડી જતી હતી અને છેવટે એવું નિદાન થયું કે તેને ‘એક્યુટ લ્યુકેમિયા’ એટલે કે લોહીનું તીવ્ર કૅન્સર થયું છે ! તેનાં માતાપિતાના દુઃખની તો કલ્પના જ કરવી રહી. તેઓ બહુ આઘાત પામ્યાં અને માની જ ન શકે તે તેમની એકની એક દીકરને આ ભયંકર રોગ લાગુ પડ્યો છે અને તેમાં ય એ ઘણો આગળ વધી ગયેલો તબક્કો હતો અને રોગની પ્રકૃતિ આક્રમક હતી. આ ઘટના ૩૦ વર્ષ અગાઉની છે, જ્યારે આજ જેવાં ઘણાં સારાં ઔષધો પણ નહોતાં મળતાં અને ટેકો કરતી સારવાર પણ ઉપલબ્ધ નહોતી. લાવણ્યાને કીમોથેરપી અપાઈ અને મુંબઈથી રાસ ‘પ્લેટલેટ કોન્સેન્ટ્રેટ’ પણ મંગાવવા પડ્યાં. એ વખતે મળી શકતી સારવારનો પ્રતિભાવ દર્દી સારો આપી નહોતી શક્તી તેથી હું પણ ઘણી નાસીપાસ થઈ.

મને થયું કે હવે લાવણ્યાના માતાપિતા સાથે સારવારના પરિણામો વિશે વાતચીત કરી લેવી જોઈએ. જ્યારે મેં કહ્યું કે

પરિણામ સારું આવે તેવી અપેક્ષા તો રખાય તેમ નથી, ત્યારે તેઓ એક પરાજય મળે તેવી લડત આપી રહ્યાં છે તે માનવા તૈયાર જ ન થાય. એ લોકો સ્વીકારી નહોતાં શકતાં કે તેમની પ્રિય દીકરી હવે બચી શકશે નહીં. મારી વાત સાંભળી તેઓ ભાંગી પડ્યાં અને આંખોમાંથી ગંગા-જમુના વહેવા લાગી અને કહે કે આંખના રતન જેવી એ દીકરી વિનાની જિંદગીની તેઓ કલ્પના પણ નહોતાં કરી શકતાં. તેમણે મને આજીજી કરતાં કહ્યું કે જે કશું થઈ શકે એમ હોય તે બધું જ મારે તેમની દીકરીને જીવતી રાખવા માટે કરી છૂટવું. મને તેમને માટે ખરેખર ખૂબ લાગી આવ્યું અને મેં તેમને ખાતરી આપી કે હું બનતું કરીશ જ, પણ તેમને માહિતગાર રાખતા રહેવાની મારી ફરજ છે.

મારી સાથેની વાત પછી તેઓ દીકરીની સામે દુઃખી દેખાવા માગતાં તો નહોતાં, પણ લાવણ્યાને તેમના ચહેરા ઉપરથી ખબર પડી ગઈ કે સમાચાર સારા નથી. તે માને કહે, ‘અમ્મા, મારે એકલાં જ ડૉક્ટર સાથે વાત કરવી છે... શું તેવું ગોઠવી આપશો ?’ હું તેના ઓરડામાં ગઈ એટલે તે મને કહે, ‘ડૉક્ટર હું જાણું છું કે આ રોગમાંથી હું છૂટવાની નથી અને મારો અંત હવે નજીક છે... હું મારા માતાપિતાને ખૂબ પ્રેમ કરું છું અને આ રીતે તેમને છોડી જવાનું મને સહેજે ગમતું તો નથી... અને હું તો તેમનું એકનું એક સંતાન તો છું !!’ આટલું કહેતાં તેની આંખોમાં આંસુ છલકાઈ ગયાં. ગળામાં ડૂમો ભરેલા અવાજે તે મને કહે, ‘ડૉક્ટર, મારી એક નાની વિનંતી છે. મારાં માતાપિતા તેમના લગ્નની રજત જયંતી ઉજવવાનાં હતાં. હું હવે માંદી છું... એટલે તેઓ એ ઉજવણી બંધ કરવા માગે છે.

‘પણ શું ડૉક્ટર તમે એમને એક ખોટો રિપોર્ટ ન આપી શકો કે હું તદ્દન સાજી થઈ જવાની છું અને માત્ર તેમાં વખત લાગે

તેમ છે, એટલે તેઓ ઉજવણી જે રીતે આયોજિત હતી તેમ જ કરવાનું ચાલુ રાખે ? મને પોતાને એ ઉજવણીનો ભાગ બનવાનું ખૂબ મન છે !'

આ બાળાની પરિપક્વતા જોઈને હું આભી બની અને તે હજી માંડ ૧૬ વર્ષની થઈ છે ! તે જાણે છે કે તે મરણને આરે છે, પણ તે મોતથી ડરતી નથી ! એને બદલે તો તે પોતાના માતાપિતાની લગ્નતિથિની રજતજયંતી ઉજવવા માગે છે ! મેં લાવણ્યાને ખાતરી આપી કે હું તેના માતાપિતા સાથે જરૂર વાત કરીશ. તેના ચહેરા ઉપર સ્મિતની રોશની આવી ગઈ.

મેં લાવગ્યાના માતાપિતાને મળવા બોલાવ્યાં અને ઉજવણી મોકૂફ ન રાખવા વિનંતી કરી. મેં તેમને જણાવ્યું કે એ લાવણ્યાની જ ઈચ્છા હતી કે એ ઉજવણી મોટે પાયે અને ભવ્ય હોય અને લાવણ્યાની છેલ્લી ઈચ્છાને માન આપવા તેનાં બધાં કુટુંબીજનો - દાદા - દાદી, મામા-કાકા, માસી-ફોઈઓ વગેરે સહુ-ઉત્સુક હતાં જ.

એ પ્રસંગે મને પણ ખાસ આમંત્રણ મળ્યું. લાવણ્યાના ચહેરા ઉપર ખૂબ જ ખુશી હતી. ઉજવણીની દરેક ક્ષણ તેણે ભરપૂર માણી. એ મોતના ખોળામાં બેઠી હતી છતાં તે બાળા જે રીતે આનંદ લૂંટી રહી હતી તે જોઈને હું ચકિત બની ગઈ. તેના માતાપિતા એટલી સારી રીતે પોતાનો વિષાદ છુપાવી શકતાં નહોતાં, છતાં કોઈક રીત, પ્રયત્નપૂર્વક તમની વ્હાલી દીકરી સામે તેમણે એ લાગણી ઢાંકી રાખી.

આટલી નાની વયે લાવણ્યા એ હિંમત રાખતી હતી કે જે હકીકત હતી તેનો સ્વીકાર કરવો, જે અનિવાર્ય હતું, જે અપરિહાર્ય હતું તેની સામે સ્વીકાર જ એક શસ્ત્ર હતું. આ એક દુર્લભ કિસ્સો છે જેની મારા માન ઉપર અમીટ છાપ પડી છે.

# ૨૨. સાચા મિત્રો, સદાય મિત્રો

**'જે આપણને મળે તેનાથી આપણે જીવીએ; જે આપણે આપીએ તેનાથી આપણે તેને જીવન બનાવીએ.'**

**– વિન્સ્ટન ચર્ચિલ**

મિસ વર્ગીઝ ૬૦ વર્ષના અને એક વૈજ્ઞાનિક હતાં. તેમણે લગ્ન નહોતાં કર્યાં અને પોતાના કામને જ જીવન સમર્પિત કર્યું હતું. તેમને કોઈ ભાઈ-ભાંડું કે નજીકના સંબંધી પણ નહોતાં. તેમની પાસે તેમના નજીકના મિત્રો અને સાથી કાર્યકરો જ હતાં. પરંતુ તેમની હિંમત અને દૃઢતા ઉદાહરણીય હતી. તેઓ તો સંશોધનોમાં મચી જ પડેલાં, પરંતુ દૈવનું કરવું તે તેમને સ્તનમાં એક ગાંઠ જણાઈ અને તેનાં પરીક્ષણોથી જણાયું કે તેમને સ્તનનું કેન્સર હતું એટલું જ નહીં પણ તે આગળના તબક્કે પહોંચી ગયું હતું.

તેઓ મને બધા રિપોર્ટો લઈને મળવા આવ્યાં. મેં જણાવ્યું કે તેમણે જરૂરી કીમોથેરપી લેવી પડશે. તેની અસરો વિશે મેં સમજાવ્યાં અને કહ્યું કે તેમની સાથે આ સારવાર દરમિયાન કોઈ અન્ય વ્યક્તિની જરૂર પડશે. કોઈ નૈતિક અથવા આર્થિક મદદ માટે પણ તેમની પાસે કોઈ સાધન નહોતાં. પરંતુ તેઓ એક ખૂબ પ્રેમાળ વ્યક્તિ હતાં, તેથી તેમના ઈન્સ્ટિટ્યૂટના મિત્રોએ તેમની કાળજી લીધી. તેમના ઉપરી અધિકારી પણ સામેલ થયા અને કીમોથેરપી લેવાની બેઠકો દરમિયાન તેમની કાળજી લેવાતી રહી.

કીમોથેરપી લેનાર દર્દીની સંભાળ એ નાનું સૂનું કામ નથી હોતું. તેમ છતાં તેમનાં મિત્રો કે ઉપરીએ પણ કદી મોં ન મચકોડ્યું. કીમોથેરપી લેતી વખતે પણ તે ઉપરી અને તેમની સારી મિત્ર

બંને ખૂબ ધીરજપૂર્વક તેમની સાથે જ રહેતાં.

એક વર્ષ વીત્યા પછી મિસ વર્ગીઝમાં પ્રગતિ જણાઈ. તેઓ મારી પાસે આવ્યાં અને કહે, 'ડૉક્ટર, એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં મારું સંશોધન પેપર વાંચવા મારે વિદેશ જવું પડે એમ છે. તો શું હું એ પ્રવાસ કરી શકું ? અલબત્ત, મારી સખી મારી સાથે આવશે.' કીમોથેરપીની બે બેઠકની વચ્ચેના સમય દરમિયાન આ પ્રવાસ ગોઠવાયો !

એ બહેનના શારીરિક જ નહીં, પણ મનોબળ અને દૃઢ સંકલ્પથી હું ચકિત બની. કીમોથેરપી લેવી એ કપરું કામ છે અને તેમાં પણ તેની આડઅસરો સહન કરવામાં ખરેખર શારીરિક ક્ષમતાની જરૂર પડે જ છે.

પ્રવાસ દરમિયાન અમુક ચોકસાઈ રાખવાની ભલામણો કરતાં મેં કહ્યું 'ભલે તમે જઈ શકો છો, પણ બીજી સારવાર શરૂ થવાના સમય પહેલાં પાછાં જરૂર આવી પહોંચજો.' તેઓ હસ્યાં અને કહે, 'યસ, ડૉક્ટર ! આડઅસરો છતાં આ સારવાર સારી છે. તેણે જ મને આ બીજું જીવન આપ્યું છે અને એટલે જ હું મારું સંશોધન પૂરું કરી શકી અને હવે તેનું પેપર પણ રજૂ કરીશ !'

પોતાની મિત્ર સાથે મિસ વર્ગીઝ આતંરરાષ્ટ્રીય પરિષદ માટે રવાના થયાં. તેમણે અહીં પોતાનું સંશોધન પેપર રજૂ કર્યું અને આંતરરાષ્ટ્રીય સ્તરે બધા વૈજ્ઞાનિકોનું અભિવાદન પામ્યાં. એક સુંદર હાસ્ય સાથે તેઓ બંને પાછાં ફર્યાં અને મને મળવા આવ્યાં ત્યારે કહે, 'હા, ડૉક્ટર ! હું સારવારની બીજી બેઠક માટે તૈયાર છું !'

જ્યારે તેમના ઉપરી અને સાથીઓ તેમને મળવા હૉસ્પિટલે આવ્યા ત્યારે તેમની આંખો આંસુથી ઉભરાઈ ગઈ. તે બધાને

હૃદયથી આભાર માનતાં તેઓ કહે, ‘જો મારું પોતાનું કુટુંબ હોત તો તેમણે પણ મારી એટલી કાળજી ન લીધી હોત જેટલી તમે સહુએ લીધી છે. તમે જે પ્રેમ અને વહાલ મારા પ્રત્યે રાખ્યાં છે તે હું કદી નહીં ભૂલી શકું.’

મારે પણ એ કબૂલવું જ પડે કે તેમની આસપાસ એવાં સરસ માણસો વીંટળાતાં રહેતાં કે જેઓ પુષ્કળ વ્યસ્ત હોવા છતાં તેમની કાળજી માટે વારા ગોઠવી લેતાં. મને પેલી કહેવત યાદ આવી જતી... ‘જ્યારે એક દરવાજો બંધ થાય ત્યારે પ્રભુ બીજો દરવાજો ખોલી આપે છે...’

# ૨૩. જીવવું કે મરવું ? – કોણ ઠરાવશે ?

**‘જ્યારે તમે બીજી યોજનાઓ ઘડતા હો ત્યારે જે તમને થાય તે છે જીવન.’**

**– જ્હોન લેનોન**

મારે માટે મારો વ્યવસાય ચાલુ હતો - મારે ઓ.પી.ડી.માંના ખાસ્સાં એનાં દર્દીઓને તપાસવાનાં હતાં. થકવી નાખે તેવો દિવસ હતો અને બંધાને તપાસતાં બપોરનો એક વાગી પણ ગયો તે મેં જોયું. મને થયું કે હવે કોઈ ઓ.પી.ડી.માં હશે નહીં, ત્યાં જ મેં ત્યાં એક લગભગ ૨૫ વર્ષની યુવતીને જોઈ જે મારા રૂમની બહાર રાહ જોતી હતી. એવું લાગતું હતું કે તે થોડા વખતથી રાહ જોતી હતી.

હું રૂમની બહાર નીકળતી જ હતી ત્યાં તેણે મને રોકી અને વાત માટે થોડો સમય માંગ્યો. આ છોકરીને શું થયું હશે એ વિચારીને મેં તેને બેસવા કહ્યું. તે બોલી ‘ડૉક્ટર, તમે સહેજે નથી બદલાયાં. પહેલાં મળી હતી તેવાં જ હજી લાગો છે. અલબત્ત, મારામાં ઘણો ફેરફાર આવી ગયો છે ખરો.’ તે હસી.

મેં તેને પ્રશ્નાર્થ કરતી નજરે જોઈ. તે બોલી, ‘ડૉક્ટર, તમે મને ઓળખી ?’ મે કહ્યું, ‘સૉરી, તારો ચહેરો થોડો પરિચિત લાગે છે, પણ હું તને નથી ઓળખી શકી. જોયું, મને પણ ઉંમર વરતાય જ છે !, હું પણ હસી. પછી તેણે પોતાનો પરિચય આપ્યો. ‘હું રામ્યા ! એક ૧૦ વર્ષની બાળકી તરીકે હું તમને મળવા આવેલી.’ મેં યાદ કરવા માંડ્યું. ‘અરે હા, હવે યાદ આવ્યું. ઓહો, તું તો એક સુંદર યુવતી બની ગઈ છે ને શું ! તારાં માતાપિતા કેમ છે ?’ મેં પૂછ્યું. તેની આંખોમાં ઝળઝળિયાં

આવ્યાં. 'ડૉક્ટર, માતાપિતા બંનેને મેં એક ખરાબ ઍક્સિડન્ટમાં છ મહિના પહેલાં જ ગુમાવ્યાં છે.'

મારી સ્મૃતિ ૧૫ વર્ષ અગાઉનો સમય ફંફોસવા લાગી. એ વખતે શાળાના યુનિફોર્મમાં રામ્યા માતાપિતા સાથે આવેલી. તેણે હાથમાં 'શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થી'નો પુરસ્કાર આપતી તકતીને તેણે ગર્વથી પકડેલી હતી. પણ તેના માબાપના ચહેરા ઉપર ચિંતા હતી. તેના આનંદમાં તેઓ ભાગ નહોતાં લઈ શકતાં કેમ કે તેમને દીકરીના સ્વાસ્થ્યની ચિંતા સતાવતી હતી ! તેમણે બધાં લક્ષણો વર્ણવ્યાં અને તેના રિપોર્ટો બતાવ્યા. મેં જોયું કે રામ્યાને 'અક્યુટ લિમ્ફેટિક લ્યુકેમિયા' લાગુ પડ્યો હતો. આ સાંભળતાં જ બંને જણ ભાંગી પડ્યાં અને રડવા લાગ્યાં. તેઓને 'ખાતરી' હતી કે તેમની રતન જેની નાનકડી દીકરીનો આ રોગ જરૂર ભોગ લેશે. એ વખતે રામ્યાએ માનાં આંસુ લૂછતાં બોલી હતી, 'અમ્મા, ચિંતા ન કરીશ. મને કશું નહીં થાય ! હું રોગની સામે લડત આપીશ.'

મને યાદ આવ્યું કે તેના શિક્ષકોએ તેને કેવો સાથ આપ્યો હતો. તેને સવારે 'બ્લડ ટ્રાન્સ્ફ્યુઝન' અને કીમોથેરપી લેવાની હોવાથી તેને માટે સાંજે વર્ગો લેવાતા. સારવારને પરિણામે તેના વાળ તદ્દન ખરી ગયેલા પરંતુ તેની એક બહેન પણીની માએ તેને એક સુંદર 'વીગ' આપી હતી ! બે વર્ષ સારવાર લીધી અને તેમાં તેની સારી પ્રગતિ થઈ. સારવાર પૂરી થયા પછી નિયમિત ચેકઅપ માટે તેને બોલાવાતી.

ત્યાર પછી છેક આજે મેં રામ્યાને જોઈ ! મેં પૂછ્યું, 'હવે તું શું કરે છે ? શું અભ્યાસ ચાલે છે ?' તેણે કહ્યું, 'ડૉક્ટર, કમ્પ્યૂટર સાયન્સમાં મેં સ્નાતકની ડિગ્રી લીધી છે અને મેં ફર્સ્ટ કલાસ મેળવ્યો. હવે હું એક સારી આઈ.ટી. કંપનીમાં કામ કરું છું.'

સાંભળીને હું ખુશ થઈ. તેણે આગળ કહ્યું, 'ડૉક્ટર, તમને મારે એક સારા સમાચાર કહેવા છે.' તે બહાર ગઈ અને એક યુવાન સાથે પાછી ફરી. તેનો પરિચય તેણે પોતાના મંગેતર, 'પ્રણય' તરીકે આપ્યો. તેને કહેલા લાગી, 'પ્રણય, આ જ ડૉક્ટરને લીધે આજે હું જીવિત છું. તેમણે મને બીજું જીવન આપ્યું છે !' મેં કહ્યું, 'ના, રામ્યા ! આપણી ઉપર પણ એક એવી શક્તિ છે જે દરેક વ્યક્તિનું ભાગ્ય રચે છે. આપણે તેમનો જ આભાર માનવો રહ્યો. તું સારે સમયે અહીં આવી હતી, તેથી સારવારનો તારો પ્રતિભાવ પણ સારો આવ્યો. જલદીથી નિદાન અને એટલે જલદી યોગ્ય સારવાર મળવાને કારણે તું રોગને હટાવી શકી.' બંનેએ રજા લીધી. મેં તેમને ભવિષ્યના જીવનની શુભેચ્છાઓ આપી.

તેઓ ગયાં પછી હું સંભારણાંમાં પડી ગઈ. જ્યારે રામ્યાની માતા કીમોથેરપીની બેઠકો વખતે તેની સાથે આવતી ત્યારે કહે, 'ડૉક્ટર, હું જાણું છું કે લોહીનું કૅન્સર થયું હોય તેવું કોઈ દર્દી બચતું નથી. મને સમજાતું નથી કે ભગવાન શા માટે અમને આ રીતે સજા કરી રહ્યા છે ! અમે જાણીએ છીએ કે રામ્યા અમને છોડી જશે... અમે સાંભળ્યું છે કે જેને આવું કૅન્સર થાય તે કદી બચતું નથી ?'

છતાં આજે રામ્યા તદ્દન જીવિત છે, રોગથી મુક્ત બનીને જીવે છે અને તેનાં માબાપ ? તેઓ ક્યાં છે ? પોતાની લાડલી દીકરીને સામાન્ય જીવન વ્યતીત કરતી જોવાને તેઓ હાજર નથી ! આપણે એ કદી ઠરાવી ન શકીએ કે કોણ જીવશે અને કોણ મરશે. જીવન કે મરણ - કશું આપણા હાથમાં નથી !!

# ૨૪. એક અદ્રશ્ય શક્તિ

**'આપણે જો તેમ થવા દઈએ તો જ જીવન અર્થહીન બને છે. આપણામાંના દરેક પાસે જીવનને સાર્થક બનાવવાની, આપણા સમય, શરીર અને શબ્દોને પ્રેમ અને આશાના સાધનો તરીકે વાપરવાની શક્તિ હોય જ છે.' – ટોમ હેડ**

છેલ્લા થોડા વખતથી અમુક કાગળો ઉપર ધ્યાન નહોતું અપાયું. તેની ગોઠવણ માટે તે દિવસે હું સહેજ વહેલી હૉસ્પિટલ પહોંચી. તે કામ પતાવ્યું અને પછી ત્યાં સુધીમાં આવી પહોંચેલા દર્દીઓ તરફ ધ્યાન આપ્યું. એક દર્દીની તપાસ ચાલુ હતી ત્યાં જ મારા મદદનીશ રૂમમાં આવ્યા અને મને કહે કે સ્ટ્રેચરમાં એક ૬૦ વર્ષના દર્દીને તાત્કાલિક તપાસની જરૂર છે. હું તે ૬૦ વર્ષના દર્દીને તપાસવા રૂમની બહાર આવી.

તેની તપાસ કરીને અને રિપોર્ટો જોઈને મેં ઠરાવ્યું કે તે આધેડ વ્યક્તિને 'મલ્ટીપલ માયલોમા' થયો છે. તે રોગમાં હાડકાં, કોરડરજ્જુ અને લોહી ઉપર અસર થયેલી હોય છે. બશીર નામના તે દર્દીની સાથે તેમનાં બે સંતાનો હતાં. રોગે કરોડરજ્જુ પર આક્રમણ કરેલું અને દર્દીને અસહ્ય દુઃખાવો થતો હતો. મેં તેમના સંતાનોને પાસે બોલાવ્યા અને તરત જ સારવાર શરૂ કરવાની સલાહ આપી.

બંને દીકરાઓ એકબીજાની સામે જોવા લાગ્યા. કહે, 'ડૉક્ટર, પિતાજીની આ છેલ્લી બીમારી છે – હવે તેની પાછળ શા સારુ ધન વેડફવાનું, જ્યારે તેઓ સાજા તો નથી જ થવાના ? તેઓ ચાલી પણ નથી શકતા અને પથારીવશ થયા છે. અમને નથી લાગતું કે તેઓ બહુ દિવસો ખેંચે !' આવા ઉત્તરથી હું તો ડઘાઈ

જ ગઈ ! એ લોકો મને ખાતરી કરાવતા હતા કે તેમના પિતા મરી રહ્યા હતા. મને અતિશય ક્રોધ ચડ્યો છતાં મેં માંડ ધીરજ રાખીને કહ્યું, 'જુઓ, તમારા પિતા મરણપથારી ઉપર હરગિજ નથી ! તેમની કરોડરજ્જુ ઉપર રોગ આવ્યો છે તેથી તેઓ હલનચલન નથી કરી શકતા એટલું જ. જો સારવાર શરૂ કરશો તો તેમાં પણ સુધારો થવાનો જ છે. આ રીતે તેમનો છેદ જ ઉડાવી દેવો યોગ્ય નથી !' તેમ છતાં તેઓ રાજી ન હતા. મેં પણ આગ્રહપૂર્વક તેમને એ વાતે ખાતરી કરાવી કે સુધારો થશે એમાં શંકા નથી.

છેવટે સારવાર શરૂ થઈ. પહેલા મહિનામાં જ બશીર ચાલવા લાગ્યા ! ત્યાર પછી સારવાર બાદના નિયમિત ચેકઅપ માટે તો તેઓ એકલા જ આવવા લાગ્યા અને તે પણ બસમાં બેસીને અવરજવર કરતા ! તેમણે સારવારનો સરસ પ્રતિભાવ આપ્યો અને તેમના મનોબળ માટે મને ખૂબ માન થયું.

નિયમિત ચેકઅપના બે વર્ષ પછીની એક બેઠક દરમિયાન તેમણે મને પૂછ્યું, 'ડૉક્ટર, મારી છેલ્લી એક ઇચ્છા છે - મારે હજ કરવી છે. શું એ શક્ય છે ? શું હું એ પ્રવાસ કરી શકીશ ?' મેં હસીને ઉત્તર આપ્યો, 'બશીર, તમે તે પ્રવાસ કરી શકો અને તેના હડદોલા ખમવા પણ પૂરા સશક્ત છો.' આ જવાબથી તેઓ અત્યંત ખુશ થયા. તેમણે એક નહીં પણ પાંચ પાંચ વાર હજયાત્રા કરી અને આજે પણ સ્વસ્થ છે.

હવે બશીર દર્દીઓને સલાહ આપવામાં સમય ગુજારે છે. તેઓ મુખ્યત્વે બધાંને કહે છે, 'કૅન્સર એટલે જીવનનો અંત નથી હોતો. તમે કદી આશા ન મૂકી દેશો. હું તેનું જીવંત ઉદાહરણ જ છું, જુઓ ! જો મેં આશા છોડી દીધી હોત તો અત્યાર સુધીમાં હું ઇતિહાસ બની ચૂક્યો હોત.'



બધા પ્રકારનાં કેન્સરોનો ઈલાજ જ નથી એવું નથી. છતાં સાચું નિદાન અને સાચા સમયે યોગ્ય સારવાર મળવાથી પણ ઘણાંના જીવન બચી જાય છે.

# ૨૫. સુખની ગુરુ ચાવી

**‘દત્તકવિધિ એ પરિવાર માટે બાળકો મેળવવાની નથી – એ તો બાળકો માટે પરિવાર મેળવવાની વાત છે.’**

**– જોય્સ મેગ્વાયર પેવાઓ**

સ્તન કેન્સર વિશે એક વ્યાખ્યાન આપીને હું હમણાં જ પાછી ફરી હતી. સમસ્ત વિશ્વમાં સ્ત્રીઓને માટે સ્તન કેન્સર એક ખૂબ સતાવતો પ્રશ્ન છે. પહેલાં તો જેને સ્તન કેન્સરનું નિદાન થતું તે દર્દીના બચવાની કોઈ આશા રહેતી નહીં. પરંતુ આજે, નવી શોધાયેલી દવાઓ અને સારવારો મળી શકે છે, જેથી આ કેન્સર જો તેનું નિદાન અને સારવાર યોગ્ય સમયે થઈ જાય, તો સફળતાથી દૂર થઈ શકે છે. એ બહુ જ જરૂરી છે કે તેનું નિદાન અને સારવાર બંને તેના શરૂઆતના તબક્કામાં જ થઈ જાય.

હું હૉસ્પિટલ પહોંચી ત્યારે એક દંપતી મારી રાહ જોઈને બેઠેલું. મેં તેમને મારા ઓરડામાં બોલાવ્યા. તેમણે કહ્યું કે તેમનું લગ્ન તાજેતરમાં જ થયું હતું. પત્ની, સ્ટીફની, એક જર્મન હતી અને પતિ જેકબ ભારતીય હતો. બંને પોતાના તબીબી ઇતિહાસ વિશે વાતચીત કરતાં હતાં ત્યારે જાણવા મળ્યું કે સ્ટીફનીને સ્તન કેન્સર થયેલું, તેની શસ્ત્રક્રિયા પણ થઈ હતી; અને ફરીથી તેનું કેન્સર પ્રાથમિક સ્તરે પકડાઈ ગયલું. તેમણે કહ્યું કે હજી બે જ મહિના પહેલાં તેમનાં લગ્ન થયાં હતાં !

સ્ટીફનીને તપાસીને મેં બંને સાથે સારવારની પદ્ધતિની ચર્ચા કરી. સ્ટેફની કહે, ‘ડૉક્ટર, હું સારવાર લેવા તૈયાર છું, પણ...’ થોડી ખચકાઈને આગળ બોલી, ‘મારે જાણવું છે કે શું સઘન કીમોથેરપી લીધા પછી હું માતા બની શકીશ ?’ તેના પતિ જેકોબે વચ્ચે

પડીને જવાબ આપ્યો, 'આમ જો, સ્ટીફની, તારે સારવાર તો લેવી જ પડે એમ છે, તું માતા બની શકે કે નહિ એ ગૌણ છે...તને ખોઈ નાખવી મને કદી ન પોસાય. થોડો વખત બાળક થશે કે નહીં થાય એ વિશે વિચારવાનું બંધ જ કરી દે.' પછી મને વિનંતીને સૂરે કહેવા લાગ્યો, 'ડૉક્ટર ! તમે સારવાર શરૂ કરી જ દો. ભલે તે વંધ્ય બને... અમે જોઈએ ત્યારે કોઈ બાળક દત્તક લઈ જ શકીએ ને ?' મેં કહ્યું, 'અલબત્ત ! કેમ નહીં ?' મેં તેમને એક સ્ત્રીરોગ તજજ્ઞનું નામ આપ્યું.

તે તજજ્ઞએ સ્ટીફની તપાસી અને કહ્યું કે તેનામાં કોઈ ખામી નથી અને તે ગમે ત્યારે ગર્ભવતી બની શકે છે. પણ તેના પતિના વીર્યમાં શુક્રાણુની સંખ્યા ઓછી પડે તેમ છે ! આ તો તેમને માટે તદ્દન અણધાર્યો આઘાત હતો ! પરંતુ તજજ્ઞએ તેમને શાંત પાડ્યાં. તેમણે 'ગિફ્ટ' નામની પદ્ધતિની સમજી આપી અને કૃત્રિમ ગર્ભાધાન વિશે વાત કરી. પરંતુ બંનેને એ નાપસંદ પડ્યું. તેમણે એક બાળક જ દત્તક લેવાની ઇચ્છા દર્શાવી.

આ બધો વિચાર ચાલતો હતો ત્યારે તેમણે એક નિર્ણય લીધો. તેમણે એક એવું બાળક દત્તક લેવાનું ઠરાવ્યું જેને કૅન્સર થયું હોય !! આમ, તેઓ એવા બાળકની શોધમાં નીકળ્યાં. પછી એક આશ્રમમાંથી 'એક્યુટ લ્યુકેમિયા' થયેલા એક બાળકને શોધી પણ લાવ્યાં. એને હવે દત્તક લેવાનું જેકબ અને સ્ટીફનીએ નક્કી કરી લીધું. બધાં કાગળિયાંનું કામકાજ પૂરું થઈ ગયું અને તેમણે એ દીકરીનું નામ રાખ્યું 'રોઝ' ! તેની કીમોથેરપી દરમિયાન સ્ટીફનીએ તેની ખૂબ કાળજીથી સારવાર કરી. હવે રોઝ પાંચ વર્ષની થઈ ગઈ છે અને તેનું કૅન્સર મટી ગયું છે ? તે દંપતીના ખંત અને મહેનત સફળ થયાં છે. જેકબ અને સ્ટીફનીને અતિશય આનંદ થયો છે અને હવે તે બીજું બાળક પણ દત્તક લેવાનું વિચારવા લાગ્યાં છે !

એ બંનેના પ્રેમ અને માવજતથી હું ચકિત થઈ ગઈ છું. એક કૅન્સરના દર્દીની કાળજી લેવી એ સરળ કામ નથી. તે શારીરિક અને આર્થિક રીતે પણ ત્યાગ માગે છે. પણ આ દંપતીનો નિર્ણય અતિશય અનન્ય અને દુર્લભ છે - કેટલો બિનશરતી પ્રેમ ! તેમનું આ કાર્ય પુરવાર કરે છે કે આ દુનિયામાં હજી એવા લોકો વસે છે જેઓ પ્રેમ કરી જાણે છે, માવજત કરી જાણે છે અને કરુણા રાખે છે. મને થયું કે આજના ભોગવાદી યુગમાં પણ હજી બધું નથી લૂંટાઈ ગયું !

# ૨૬. પ્રત્યેક અંત – એક નવી શરૂઆત

**'પ્રત્યેક મિત્ર આપણી એક અંદરની દુનિયાનો પ્રતિનિધિ છે, એવી દુનિયા જે તેઓ આવે નહીં ત્યાં સુધી કદાચ રચાતી નથી હોતી; અને તેમના મિલન પછી જ એક નવી દુનિયા સાકાર થાય છે.'**

**– એનાઉ નીન**

ત્રણ દાયકા જેટલી લાંબી કૅન્સરના દર્દીઓને સારવાર આપવાની મારી કારકિર્દીમાં અમુક ઘટનાઓ મારી સ્મૃતિમાં ઘેરી છાપ મૂકતી ગઈ છે. એમાંની એક ઘટના વિશે અહીં કહીશ જેની અસર મારા ઉપર પડી. હૉસ્પિટલમાં સારવાર પામનારા બે દર્દીઓની આ વાત છે.

આંધ્ર પ્રદેશની યુવતી, શરણ્યાને 'હોજકીન્સ ડિસીઝ' થયેલો. બીજો દર્દી હતો સુદીપ જે કોલકતાનો હતો જેને વૃષણનું કૅન્સર હતું. બંને દર્દીઓ હૉસ્પિટલમાં એક સાથે સારવાર લેતાં હતાં. અને બંને જણાંએ સફળ રીતે સારવાર પૂરી પણ કરી.

શરણ્યા એક કૉલેજમાં લેક્ચરર હતી અને સુદીપ એક સૉફ્ટવેર ઍન્જિનિયર હતો. અમારા ઓ.પી.ડી.માં તેઓ સાથે થઈ જતાં. સામાન્ય વાતચીત પછી તેઓ સારા મિત્રો બન્યા. તેઓ એકબીજાને આશ્વાસન આપતાં રહેતાં. સુદીપને સારવારની આડઅસરથી વધુ તકલીફ રહેતી. તેના લોહીમાં વધુ પડતી ફિક્કાશ હતી ને તેને ઝડપથી ચેપ લાગી શકે તેમ હતું. તેથી તે દુઃખી થતો અને પોતાના બચવા વિશે તેને શંકા થવા લાગી હતી. તેની રાળજી લેનાર ફક્ત તેની મોટી ઉંમરની મા જ હતી. તેને એ અપરાધભાવ થતો રહેતો કે તે મા ઉપર એક બોજો બન્યો છે. શરણ્યા તેને ધરપત આપતી અને તેને ખુશ રાખવા પ્રયત્ન કરતી. તેણે સુદીપને આશા ન છોડવાની સલાહ આપી અને કહ્યું કે તેણે તો

એક વીરની જેમ કેન્સરને ઝુકાવવું જોઈએ.

વર્ષો વીત્યાં - શરણ્યા અને સુદીપ બંને કેન્સર સામે જીત્યાં. એક દિવસ તેમણે એક જ દિવસે મારી મુલાકાત માગી. તેમના હાસ્યસભર ચહેરા જોઈને હું પણ ખુશ થઈ. તેઓ કહે, 'ડૉક્ટર ! હવે અમારી સારવાર પૂરી થઈ છે અને અમે અમારી દોસ્તીને એક ડગલું આગ લઈ જવા ઇચ્છીએ છીએ... અમે લગ્ન કરવા વિચાર્યું છે. તમે એ બાબતમાં શું સલાહ આપશો ?' છેલ્લાં સાત સાત વર્ષોથી બંને સારવાર પછી થતાં નિયમિત પરીક્ષણોમાં આવતાં હતાં અને તેમના રોગનો કોઈ પુરાવો આવતો નહોતો.

મેં તેમની સાથે ચર્ચા કરી અને જણાયું કે તમને થયેલા રોગો અનુવાંશિક ન હતા. મેં કહ્યું, 'તેમને બંનેને એવું કેન્સર થયેલું જેનું નિવારણ થઈ શકે તેમ હતું. અને તે ફરી ઉથલો મારે તેની સંભાવના નહિવત્ છે. એટલે, અત્યારે તો લાગે છે કે લગ્નની યોજના ચોક્કસ બનાવો.' આ સાંભળીને બંનેને આનંદ થયો. 'પણ,' મેં ચેતવણીનો એક સૂર ઉમેર્યો, 'મને ખબર નથી કે તમારી માબાપ થવાની ક્ષમતાને કોઈ અસર પડી છે કે નહીં. તમે બંનેને તે માટે પરીક્ષણો કરવાની જરૂર પડી શકે છે.'

શરણ્યા અને સુદીપે એકબીજા સામે જોયું અને સાથે જ કહ્યું, 'જો અમને કોઈ બાળક નહીં થાય તો અમે તો દત્તક લેવાનું જ વિચાર્યું છે.' મેં તેમને શુભેચ્છાઓ આપી. મને પણ તેમને માટે આનંદ થયો કે આ બધું સહન કર્યા પછી તેઓ નવેસરથી પોતાનું જીવન આરંભી શકે છે.

બે વર્ષ પછી તેમના 'નાનકા' સાથે તેમને મેં બજારમાં ખરીદી કરતાં જોયાં. જોઈને તેઓ તરત જ મારી પાસે આવ્યાં અને 'નાનકા'ને મારી સામે ધરીને કહે, 'આ છે અમારું બાળક ! અમે તેને દત્તક લીધું છે !'



તેમની આંખોમાં રહેલો આનંદ સ્પષ્ટ હતો. હું તેમને માટે ખુશ થઈ. મને થયું કે એક ડૉક્ટર માટે તેનાથી મોટી કઈ ખુશી હોય કે તેના એક વખતે મરણને આરે આવેલાં દર્દીઓ હવે સામાન્ય જીવન ગુજારે છે !!



**ઉમેશ વેદ**

દર્દીઓની લાંબી લાઇન, વારાફરતી બોલાતા નંબરો, ડૉક્ટરની માનવજીવનને બચાવવા માટેની સવારથી લાગેલી દોડ, દર્દીઓના ચહેરાની સંઘર્ષગાથા અને જીવન સાથે સીધું આદરેલું યુદ્ધ... જી હા. આ દૃશ્ય છે સિવિલ હૉસ્પિટલના કેન્સર વોર્ડનું.

મારા મુ. સાસુજીની સારવાર અર્થે વારંવાર ત્યાં જવાનું થતું. રોજનાં આ દૃશ્યો જોઈને અંજપો થતો કે આર્થિક મદદ સિવાય પણ આ લોકો માટે કાંઈક કરવું જોઈએ.

મારી વિચારયાત્રા ચાલુ જ હતી ત્યાં બિઝનેસ લાઇન્સમાં આવેલો ડૉ. બાપ્સીનો 'વેન લાઈફ ડેર્સ ટુ ડ્રીમ બિયોન્ડ કેન્સર' (When life dares to dream beyond Cancer) લેખ મારા વાંચવામાં આવ્યો અને મેં સીધી જ ડૉ. બાપ્સી સાથે વાત કરી.

ડૉ. બાપ્સીએ મને સત્વરે તેમનું પુસ્તક 'The dream for life' મોકલી આપ્યું, જેમાં કેન્સરગ્રસ્ત દર્દીઓને જીવન પરત્વે પ્રોત્સાહિત કરવાની વાત કરવામાં આવી છે. મેં ડૉ. બાપ્સીની સંમતિથી 'The dream for life' પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરાવવાનું નક્કી કર્યું.

ડૉ. બાપ્સીના 'The dream for life'નો સુધાબહેન મહેતાએ ગુજરાતીમાં અનુવાદ કર્યો, જેને 'અમર આશા જીવનની'નાં શીર્ષક હેઠળ પ્રકાશિત કર્યું છે.

શહેરના પ્રતિષ્ઠિત અગ્રગણ્ય કેન્સર નિષ્ણાત ડૉક્ટર શ્રી પંકજ શાહે પોતાના અતિવ્યસ્ત સમયમાંથી સમય કાઢી રસપૂર્વક આ પુસ્તકનો અનુવાદ વાંચ્યો અને મને તમામ પ્રકારે સહાયરૂપ થવાની તૈયારી બતાવી ખૂબ પ્રોત્સાહન આપ્યું એ બદલ હું એમનો ખૂબ આભારી છું.

કેન્સર નિષ્ણાત ડૉક્ટર દેવાંગ ભાવસારે અને ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર ડૉ. શાલિન શુક્લે પણ મને સહયોગ કર્યો.

કેડિલા હેલ્થ કેર લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર શ્રી પંકજ પટેલે ખાસ સંદેશ દ્વારા જણાવ્યું કે, 'The dream for life'નો ગુજરાતીમાં અનુવાદ થઈ રહ્યો છે એ વાતનો મને ખૂબ જ આનંદ છે.

તમામ મિત્રો અને કુટુંબીજનોના સાથ-સહકારથી હું ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે 'અમર આશા જીવનની' સમાજને અર્પણ કરી કૃતજ્ઞતા અનુભવું છું. આશા રાખું છું કે આ પુસ્તક કેન્સરના દર્દીઓનાં જીવનમાં નવા સૂર્યોદયની આશા અમર કરશે.



**ડૉ. પી.પી. બેપ્સી**
સિનિયર કન્સલ્ટન્ટ, મેડિકલ ઑન્કોલોજીસ્ટ,
એપોલો હૉસ્પિટલ, બૅનર્ગટ્ટા રોડ, બેંગ્લોર.

ડૉ. બૅપ્સી ભારતનાં એવાં પ્રથમ મહિલા છે જેમણે મેડિકલ ઑન્કાલોજીમાં ડી.એમ.ની ડિગ્રી મેળવી છે. આજના તેમના પદ પહેલાં તેઓ 'કિદવાઈ મેમોરિયલ ઇન્સ્ટિટ્યૂટ ઑન્કોલોજી'માં ઑન્કોલોજી વિભાગના પ્રૉફેસર અને અધ્યક્ષ રહ્યાં છે અને તે જ સંસ્થામાં ડિરેક્ટર તરીકે વધારોનો ચાર્જ પણ સંભાળ્યો છે.

કિદવાઈ સંસ્થાના ડિરેક્ટર તરીકે ઑન્કોલોજી નર્સિંગનો કોર્સ શરૂ કરાવવાનું શ્રેય તેમને જાય છે. વિશ્વવિદ્યાલયોમાં અનુસ્નાતક સ્તરે એક્ઝામિનર તરીકે તેમણે સેવાઓ આપી છે. તેમાનં પ્રકાશિત થયેલાં વૈજ્ઞાનિક પેપરોની સંખ્યા ૧૦૦થી વધુ છે જે દેશી તેમજ વિદેશી સામયિકોમાં પ્રસિદ્ધ થયાં છે. તેમનાં ૧૩ જેટલાં પુસ્તકો વિદ્વાનો અને વ્યવસાયિકોને અતિ ઉપયોગી નીવડ્યાં છે. તેમને પ્રવચનો અને વ્યાખ્યાનો માટે આખી દુનિયામાંથી નિમંત્રણો મળેલાં છે.

ડૉ.બૅપ્સીએ 'બોન-મેરો ટ્રાન્સપ્લાન્ટ' એકમની સ્થાપનામાં પણ ભાગ લીધો છે અને દેશી અને વિદેશી સારવારલક્ષી પ્રયોગોમાં ઘણું કામ કર્યું છે. વિદ્યાર્થીઓ, મેડિકલ અને પૅરામેડિકલ લોકો માટે કેટલાય સંપર્ક કાર્યક્રમોનું તેમણે આયોજન કર્યું છે. 'કર્ણાટક રાજ્ય કેન્સર નિયંત્રણ કાર્યક્રમ' અને શાળાઓમાં બાળકોને માટે 'તમાકુ-વિરોધી શિક્ષણ કાર્યક્રમો' માટે તેમણે (મૉડ્યુલ્સ) પ્રતિરૂપક નમૂનાઓની પણ રચના કરી છે.